اعترافات ہمفرے

# વહાબીઓની કહાની હમ્ફ્રેની જુબાની

અનુવાદક

મર્હૂમ જનાબ ઈસ્માઈલ હાફેઝ નબીપૂરી

પ્રકાશક

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા

GRWB/059/Bharuch/02

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,

તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦

ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૦૮૬

મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

E mail : anjuman2006@hotmail.com

આવૃતિ: ૩ પ્રકાશન નં. ૧૪૦

નૂરાની આર્ટ-દયાદરા

## અનુક્રમણિકા

| વિષય | પેજ નં. |
|---|---|
| ➤ ત્રીજી આવૃતિ પ્રસંગે.... | 003 |
| ➤ ઈસ્લામી જગત પર કંટ્રોલ માટેનું અંગ્રેજ ષડયંત્ર | 007 |
| ➤ ઈસ્લામ, વિરૂધ્ધ કાર્યવાહી માટે રૂસ, ફ્રાંસ તથા બ્રિટનવાળાઓની કોન્ફરન્સ | 015 |
| ➤ હમ્ફ્રે જાસૂસનું ઈસ્તંબૂલ તરફ પ્રયાણ | 017 |
| ➤ હમ્ફ્રેએ તફસીર સાથે કુર્આનની તા'લીમ લીધી | 019 |
| ➤ બ્રિટનવાળાઓની નીચતાનું દષ્ટાંત ! | 026 |
| ➤ બ્રિટને ઈસ્લામી જગતમાં છોડેલા જાસૂસોનું પરિણામ | 027 |
| ➤ હમ્ફ્રેને થયેલ સૂચન : મુસ્લિમોમાં વિખવાદ ફેલાવો ! | 035 |
| ➤ જાસૂસ હમ્ફ્રેનું બસરામાં આગમન ! | 036 |
| ➤ હમ્ફ્રેની મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહહાબ નજદીથી મુલાકાત ! | 040 |
| ➤ હમ્ફ્રેએ ઈબ્ને અબ્દુલવહહાબમાં અંગ્રેજો માટે ફાયદો જોયો ! | 045 |
| ➤ હમ્ફ્રેએ ઈબ્ને અબ્દુલ વહહાબને મોતાઅના નામે ઝિનામાં નાખ્યો ! | 049 |
| ➤ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબે શરાબ પીને ઝિના કર્યો ! | 050 |
| ➤ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબની ગુમરાહી તરફ આગેકૂચ | 052 |
| ➤ શીઆ, સુન્ની સિવાય ત્રીજા ફિર્કા માટે તૈયારી | 055 |
| ➤ હમ્ફ્રે કર્બલા તથા નજફ તરફ | 057 |
| ➤ ઈરાકનાં શહેરો વિશે હમ્ફ્રેનું નિરીક્ષણ | 064 |
| ➤ હમ્ફ્રે પર લંડનની સભામાં પ્રશંસાનાં પુષ્પોની વર્ષા ! | 069 |
| ➤ ઈસ્લામી જગતની તબાહીના આયોજનનું પુસ્તક | 081 |
| ➤ મુસ્લિમોની શક્તિ તોડવાનાં અન્ય ષડયંત્રો | 091 |
| ➤ ઈસ્લામને નાબૂદ કરવા અંગ્રેજોનો ૧૪ સૂત્રીય કાર્યક્રમ | 104 |
| ➤ ઈબ્ને અબ્દુલ વહ્હાબ નવા ધર્મના એલાન માટે તૈયાર ! | 111 |
| ➤ શયખ નજદીનો વહાબી ધર્મ કઈ રીતે આગળ વધ્યો ? | 115 |
| ➤ અંગ્રેજોએ ઈબ્ને સઊદને રાજકિય કાર્યવાહી માટે નિયુક્ત કર્યો | 117 |

# ત્રીજી આવૃત્તિ પ્રસંગે.....

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**આંખસે કાજલ સાફ ચૂરા લેં યાં વો ચોર બલાકે હૈં**
**તેરી ગઠરી તાકી હૈ ઔર તૂને નીંદ નિકાલ હૈ !**
**યે તુઝકો બુલાતા હૈ યે ઠગ હૈ ! માર હી રખ્ખેગા**
**હાએ મુસાફિર દમમેં ન આના મત કૈસી મતવાલી હૈ !**

*(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

કોઈ ગુમરાહ કૌમ કે જમાઅત પોતાની સફાઈમાં ગમે તેટલી વાતો લખે કે ગમે તેવા જૂઠ પર જૂઠના કિલ્લા રચે પણ ઈતિહાસના આઈનામાં એનો જે છુપો ચહેરો છે તે તેની ગુમરાહીની ચાડી ખાધા વિના રહેશે નહીં. એવી જ એક કૌમ ''વહાબી નજદી'' જેનો પાયો સેંકડો વરસો સુધી જગતભરના દેશોને ગુલામીની બેડીઓમાં જકડી રાખનાર **''મહાન પૂરાણા આતંકવાદી''** અંગ્રેજોના સહારે સુન્ની તુર્કી ઉષ્માની હુકૂમત સામે બગાવતથી નંખાયો અને તેમાં અસંખ્ય સુન્ની મુસલમાનોનાં લોહી વડે તેનું સિંચન થયેલું છે જેનો ઈતિહાસ આજે પણ ચીસો પાડી પાડીને જણાવી રહ્યો છે કે આ સઊદી નજદી વહાબી એ જાલિમ તથા બદ્‌બખ્ત કૌમ તથા ગુમરાહ જમાઅત છે.

આ કિતાબમાં તમને જોવા મળશે કે અંગ્રેજોના પ્લાનને ૧૦૦%



સફળતાની ટોચે પહોંચાડનાર અને વિ□ભરમાં મુસ્લિમોની પડતીમાં સાથ આપનાર આ જ સઊદી નજદી વહાબીઓ છે. મુસ્લિમોની કમ્મર તોડવામાં સૌથી મહાન બાગી આ નજદી વહાબી સઊદી જ છે જેમણે અંગ્રેજો સાથે ભળી જઈને તુર્કી ઉષ્માની હુકૂમત જે લગભગ પૂરા અરબ પ્રદેશ પર હતી તેને તોડી પાડવામાં પાયાનો રોલ ભજવ્યો અને ત્યારથી ઈસાઈ, યહૂદી ક્રમે ક્રમે પોતાના પ્લાનોમાં પ્રગતિ કરતા ગયા, એનું જ પરિણામ છે કે આજે જગતભરમાં મુસ્લિમોની એકતાનું વિભાજન થયું અને વિવિધ ફિર્કા પેદા થયા જેમણે અસંખ્ય મુસ્લિમોને ઈમાનથી પણ ખતમ કર્યા અને અમલથી પણ તબાહ કર્યા અને આ જાંબાઝ કૌમની તાકાત ખતમ કરીને ઈસ્લામના દુશ્મનોની સીધી કે આડકતરી, જાહેરી તથા માનસિક ગુલામીમાં તેમને લાવીને રાખી દીધા.

આજે સમય અને સંજોગોને આધારે આ ઈસાઈ યહૂદી યૂરોપ અમેરિકાવાળાઓ વિવિધ સાઝિશો થકી ઈસ્લામી દેશો પર હુમ્લા કરતા જઈ રહ્યા છે અને એક પછી એક દેશને ખતમ કરી રહ્યા છે. પેલેસ્ટાઈનની તબાહી ચાલુ જ છે પછી અફઘાન તબાહ કર્યું અને ઈરાકનો ખીમો કરી નાખ્યો હવે ઈરાન પર ઘેરાવ નંખાઈ રહ્યો છે. સઊદી નજદી વહાબીનો ઈતિહાસ વાંચો તો સમજાઈ જશે કે આ ઈસાઈ યહૂદીઓની તરક્કીની શરૂઆત સઊદી નજદી વહાબીઓની બગાવતથી જ શરૂ થયેલી છે જે નજદી વહાબી અકીદાને આજે ભારત ખંડમાં દેવબંદી તથા અહલે હદીષ, જમાઅતે ઈસ્લામી વગેરે ગળે લગાડીને પોતે ઈસ્લામ તથા બાનીએ ઈસ્લામ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم તેમજ મુસલમાનોના ગદ્દાર હોવાની સાબિતી પૂરી પાડી રહ્યા છે.

આ કિતાબ એક બ્રિટિશ જાસૂસ મિ. હમ્ફ્રેની ડાયરીનો ચિતાર છે એ બીજા વિ□ યુદ્ધ વખતે જર્મનીઓના હાથે ચડી તો તેમણે જર્મન મેગેઝિન "સ્પીગલ"માં તેને હપ્તાવાર પ્રસિદ્ધ કરીને **વિ□ની સૌથી સિનિયર આતંકવાદી બ્રિટિશ ગવર્નમેન્ટ**ના જુલ્મોનો ભાંડો ફોડયો. ત્યાર બાદ એક ફ્રાંસી મેગેઝિને આ ડાયરીને પ્રસિદ્ધ કરી. ત્યારબાદ એક લેબનાની વિદ્વાને તેનો અભ્યાસ કર્યો તો આમ લોકોના ફાયદા માટે તેને અરબીમાં પ્રસિદ્ધ કરી. ત્યારબાદ એનો ઉર્દૂ તર્જુમો પાકિસ્તાનથી પછી તેના પરથી બરેલી શરીફથી પ્રસિદ્ધ થયો જેનો ગુજરાતી અનુવાદ **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**એ **પ્રથમવાર** ઈ.સ. ૧૯૮૮માં પ્રસિદ્ધ કરેલો. તેના પરથી **સુન્ની મુસ્લિમ કમિટી–ગોંડલે** તેની **બીજી આવૃત્તિ** બહાર પાડી હતી. હવે આ **ત્રીજી આવૃત્તિ** સમય અને સંજોગો જોતાં વર્તમાન યુવા પેઢીને એ જણાવવા માટે પ્રસિદ્ધ થઈ રહી છે કે **ઈસાઈ, સઊદી, યહૂદી, નજ્દી, વહાબી સૌ એક જ સરખા, ઈસ્લામના એક સમાન દુશ્મન છે માટે વહાબિયત દેવબંદિયતથી પોતાના ઈમાનને બચાવવા અને ઈસ્લામ, સુન્નિયત તથા મુસલમાનોની ભલાઈ માટે જે થઈ શકે તે કોશિશો તેમના સામાજિક, ધાર્મિક લાભ માટે કરતા રહેવા અપીલ છે.**

પ્રસ્તૂત કિતાબ ગુજરાતી અનુવાદ ઉસ્તાદે મોહતરમ આલિમે બાઅમલ **હઝરત અલ્લામા મૌલાના કારી અબુલ કલામ રઝવી** (ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ)ના આગ્રહથી **મર્હૂમ જનાબ ઈસ્માઈલ હાફેઝ નબીપૂરી સાહબે** ઈ.સ. ૧૯૮૮માં કર્યો હતો. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના



સદકામાં બંનેવ હઝરાતને બંનેવ જહાનમાં જઝાએ ખૈર અતા કરે અને મર્હૂમ અનુવાદકની મગફેરત ફર્માવે તથા આ કિતાબને પ્રસિદ્ધ કરવામાં સહાયકર્તા સૌની બંને દુનિયાને હર્યી ભર્યી કરી આપે. (આમીન)

મુસલમાનોને અકીદાની રૂએ તથા અખ્લાકની રૂએ અકીદા તથા અમલમાં નીચ કક્ષાએ પહોંચાડવાનાં અંગ્રેજોના પ્લાનોને વાંચો અને વિચારો કે **કહેવાતા મુસલમાનોએ જ** તેમને એમના પ્રોગ્રામોમાં લગભગ સંપૂર્ણ સફળતાએ પહોંચાડયા છે. તો આ વાંચીને તમારું દિલ ઈસ્લામની સુન્નિયતની મહોબ્બતના દર્દથી ઉભરાઈ ઉઠે તો તમે ખૂદ શક્ય તે કોશિશમાં લાગી મુસ્લિમોના ઈમાન તથા અમલની, મુસ્લિમ યુવાનો તથા બહેનોની ઈમાની અખ્લાકી જિંદગીને સંવારવાની કોશિશમાં લાગી જાવ એવી દર્દભરી વિનંતિ છે.

તા. ૨૪/૬/૨૦૦૬ **પટેલ શબ્બીર અલી રઝવી**
ગામ : દયાદરા *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**★ ઈમાન અફરોઝ કિતાબ મંગાવો ! ★**

ઈસ્લામમાં તા'ઝીમી સિજદો **હરામ** છે અને ઈબાદતનો સિજદો **કુફ્ર** છે એ દર્શાવતી કિતાબ આજે જ મંગાવો અને ઈમાનની રોશની ફેલાવો. મુકર્રિર સજ્જાદા મહબૂબઅલી ચિશ્તી (અટોદરાવાલા)એ તા'ઝીમી સિજદો જાઈઝ હોવા વિશે લખેલ ગુમરાહ કરનાર કિતાબની રદમાં વાંચો : **કિતાબ : "મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન"** (તોહફાએ નજાત, ભાગ-૧૨)

**લેખક** : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામહ મૌલાના યૂનુસ મિસ્બાહી

**પ્રકાશક** : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા **કિંમત : રૂા. ૫૦**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# ૦૧ ઈસ્લામી જગત પર કંટ્રોલ માટેનું અંગ્રેજ ષડયંત્ર

અંગ્રેજ જાસૂસ મી. હમ્ફ્રેની ડાયરીના આધારે "વહાબીની કહાની, હમ્ફ્રેની જુબાની"

લાંબા સમય સુધી બ્રિટીશ હુકૂમત પોતાની મજબૂત અને મહાન એવી નવી વસાહતોના બારામાં ચિંતિત રહી. બ્રિટનની હુકૂમતે એટલો વિસ્તાર વિસ્તાર્યો કે હવે ત્યાં સૂર્ય પણ આથમતો નથી છતાં હિંદુસ્તાન, ચીન તથા મધ્યપૂર્વના દેશો તેમજ અસંખ્ય નવી વસાહતો હોવા છતાં બ્રિટીશ ટાપુ ઘણો નાનો દેખાય છે. બ્રિટનના સામ્રાજયવાદની પોલીસી પણ દરેક દેશમાં સમાન પ્રકારની નથી. ઘણા દેશોમાં હુકૂમતની બાગદોર ત્યાંના લોકોના હાથમાં છે પરંતુ પદડા પાછળ પૂરેપૂરી સામ્રાજયવાદી વ્યવસ્થા હોઈ હવે તેમાં કોઈ કસર બાકી નથી કે તે દેશો પોતાની જાહેરી આઝાદી ગુમાવીને બ્રિટનના ખોળે ચાલ્યા આવે. હવે અમારા પર જરૂરી છે કે અમે અમારી નવી વસાહતોની વ્યવસ્થા પર ફરીવાર દષ્ટિ કરીએ અને ખાસ બે વાતો પર ધ્યાન આપીએ :–

૧. એવી વ્યવસ્થા અખત્યાર કરીએ જે ઈંગ્લિસ્તાનની હુકૂમતની નવી વસાહતોમાં તેના કાર્યો, પ્રવેશ અને કબજાને મજબૂત બનાવે.



૨. એવો કાર્યક્રમ નિયુક્ત કરીએ જેનાથી આ ઈલાકાઓ (નવી વસાહતોના વિસ્તાર) પર આપણુ વર્ચસ્વ કાયમ રહે જે અમારા નવી વસાહતી વ્યવસ્થાનો ભોગ નથી થયા.

ઈંગ્લિસ્તાનની નવી વસાહતોના પ્રાંતિક પ્રધાનોએ ઉપરોક્ત પ્રોગ્રામોને અમલી બનાવવા માટે એ વાતની અગત્યતા પીછાણી કે, તે નવી વસાહતો અગર અર્ધ નવી વસાહતોવાળા પ્રાંતોમાં જાસૂસી અને ખબરો પ્રાપ્ત કરવા માટે પ્રતિનિધિ મંડળો રવાના કરે. મેં નવી વસાહતોના પ્રાંતિક પ્રધાનોની નોકરીમાં પ્રથમથી જ સંતોષકારક કામગીરીનો દેખાવ કર્યો. ખાસ કરીને "ઈસ્ટ ઈન્ડિયા કંપની"ના કાર્યોના નિરીક્ષણના કાર્યોમાંની સુંદર કારર્કીદીએ મને નાણાં ખાતામાં એક સારા હોદ્દા પર નિયુક્ત કર્યો. આ કંપની જાહેરમાં વ્યાપારી પ્રકારની હતી પરંતુ વાસ્તવમાં તે જાસૂસીનો અડ્ડો હતી. તેનું મુખ્ય ધ્યેય હિંદુસ્તાનમાં તે માર્ગો અને પ્રકારોની તલાશ હતી જેની મારફત તે ધરતી પર (હિંદુસ્તાનની) સંપૂર્ણ રીતે બ્રિટીશની અસર કાયમ થઈ શકે અને મધ્યપૂર્વમાં તેની પકડ મજબૂત કરી શકાય આ દિવસોમાં ઈંગ્લિસ્તાનની હુકૂમત હિંદુસ્તાનથી ઘણો જ સંતોષ અનુભવતી હોવા ઉપરાંત નિશ્ચિંત હતી, કેમ કે કૌમી, કૌટુંબિક, મઝહબી મતમતાંતરો મધ્યપૂર્વવાળાઓને એટલી ફુરસદ કયાં આપતા હતા કે, તે ઈંગ્લિસ્તાનના વ્યાજબી અસર, પહોંચ વિરૂધ્ધ કોઈ ચળવળ આરંભી શકે ! આ જ પરિસ્થિતિ ચીનની ધરતીની પણ હતી. બુદ્ધ, કન્ફયુશીશ જેવા મુડદાલ ધર્મોના અનુયાયી તરફથી પણ અંગ્રેજોને કોઈ ખતરો મુંઝવતો ન હતો. આ ઉપરાંત ચીન અને હિંદમાં માંહોમાંહેના અસંખ્ય મતભેદોની દષ્ટિ સમીપની એ વાત પણ કયાસથી અધિક્તર દૂર હતી કે ત્યાંના રહીશોને પોતાની આઝાદી

કે ધીરજની ચિંતા હોય.

આ જ એક વિષય હતો જે ક્યારેક તેમના માટે ધ્યાન કરવાને લાયક ન રહ્યો, છતાં એ વિચારવું પણ મૂર્ખામીભર્યું છે કે ભવિષ્યના ઈન્કિલાબો પણ આ કૌમોમાંથી પોતાના તરફ ધ્યાનમગ્ન નહીં કરશે. છેવટે એ કૌમોમાંથી જાગૃતિ જતી રહે એવી તદબીરો ઈખ્તિયાર કરવાની વાત સામે આવી. આ કોશિશો લાંબાગાળાના કાર્યક્રમોના રૂપમાં તે જમીનો પર ચાલુ કરવામાં આવે જે બધી જ એકબીજાથી અલગ, અજ્ઞાનતા, માંદગી અને ગરીબીની બુનિયાદ પર સરખી હોય. અમે આવા વિસ્તારના લોકો પર ઉપરોક્ત મુસીબતો અભાગીપણું તેમના પર નાંખી દેતાં બુદ્ધમતની તે કહેવતને અપનાવી જેમાં કહેવાયું છે કે "બીમારને તેના હાલ પર છોડી દો અને ધીરજનું દામન હાથથી જવા ન દો. અંતે તે (બીમાર) દવાને સંપૂર્ણ કડવી હોવા છતાં પસંદ કરવા લાગશે."

અને અમારા બીજા બીમાર એટલે કે **ઉષ્માની** સલ્તનતથી એ સિવાય કેટલાયે કરારો પર અમારા લાભોમાં સહીઓ કરાવી લીધી હતી. છતાં નવા વસાહતી ઈલાકાઓની વઝારત પ્રધાનમંડળના નિષ્ણાંતોનું કહેવું હતું કે એક સદીની અંદર જ એ સલ્તનતનું પલ્લું બેસી શકે છે. અમે આ રીતે જ ઈરાનથી પણ જુદા જુદા કરારપત્રો પર સહીઓ લીધી. અમારા જાસૂસો ઈસ્લામી દેશોમાં **ઉષ્માની**ઓ અને એવી જ રીતે ઈરાનીઓની અસર હેઠળ કાર્યોમાં પ્રવૃત્ત રહ્યા અને સાથોસાથ જ તેમણે અંગ્રેજી હુકૂમતના ઉદ્દેશોમાં ઝળહળતી સફળતાઓ પ્રાપ્ત કરી. ઉપરાંત કાર્યાલયોની વ્યવસ્થા બગાડી ભ્રષ્ટાચાર સામાન્ય કરી દીધો.

બાદશાહો માટે સુખ, શાંતિની સામ્રગી તૈયાર કરી અને આ રીતે તે હુકૂમતોની જડોને કેટલીક હદે પહેલાંથી વધુ ડગુમગુ કરી



કે જેથી ઉષ્માની–ઈરાની સલ્તનતોની કમજોરીને દષ્ટિ સમીપ રાખીને નીચે વર્ણવવામાં આવેલ થોડાંક કારણે અમે અમારા હક્કમાં કાંઈક વધુ સંતોષી ન હતા. પેલા અગત્યનાં કારણો આ હતાં :–

૧. ઈસ્લામીઓમાં રહેલા વીરતા, નીડરતા જેવા સાચા આત્મિક ગુણોની અસરોનું નિકંદન, વળી અહીં એ કહેવું અસ્થાને નથી કે, એક સામાન્ય મુસલમાન મઝહબી બુનિયાદો પર એક પાદરીના હમપલ્લા (તોલે આવે તેવો) હતો. આ લોકો (મુસલમાનો) કોઈપણ રીતે પોતાના મઝહબ પરથી હાથ ઉઠાવી લેવા તૈયાર ન હતા. મુસલમાનોમાં શીઆ મઝહબના અનુયાયીઓ જેમનો સંબંધ ઈરાનની સરઝમીનથી છે. પોતાના અકીદા અને ઈમાનના એ'તેબારે વધુ મજબૂત અને વધુ ખતરનાક પુરવાર થયા. શીઆઓ ઈસાઈઓને નાપાક તથા મુદ્દલ કાફિર સમજે છે★.

તેમના નઝદીક (શીઆઓની) ઈસાઈ એક એવી બદ્બૂદાર નાપાકીની હૈસિયત રાખે છે જેને પોતાના દરમ્યાનમાંથી હટાવવી દરેક મુસલમાન માટે જરૂરી છે. એક વખત મેં (હમ્ફ્રેએ) એક મુસલમાન શીઆને પૂછયું : "તમે લોકો નસારાને (ખ્રિસ્તીને) હલકી નજરે શા માટે જુઓ છો ?! જો કે તેઓ ખુદા, રસૂલ અને

★આ આક્ષેપ સદંતર બેબુનિયાદ છે અને ઈસ્લામના એ'તેબારથી બધા અહલે કિતાબ ઈમાનવાળાઓ છે.

اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَتْلُوْنَهٗ حَقَّ تِلَاوَتِهٖ ط اُولٰٓئِكَ يُؤْمِنُوْنَ بِهٖ

**અર્થાત** : "જેમને આપી અમે કિતાબ, તિલાવત કરતા રહે જે તેની તિલાવતનો હક્ક છે તે જ માને તેને." *(મઅરિફુલ કુર્આન સૂરએ બક્રહ, આયત–૧૨૧)*

કયામત પર ઈમાન રાખે છે."

તેણે જવાબ આપ્યો : "હઝરત મુહમ્મદ ﷺ ઈલ્મ અને હિકમતવાળા પૈગંબર હતા. તેઓ ચાહતા હતા કે કાફિરો પર એવા અંદાજથી દબાણ નંખાય કે, તે દીને ઈસ્લામ કબૂલ કરવા પર મજબૂર થઈ જાય."

રાજકિય ક્ષેત્રે પણ જ્યારે કદી હુકૂમતે કે કોઈ વ્યક્તિ કે ટોળાથી ખટકો થાય ત્યારે તે પોતાના હરીફ પર સખ્તીઓ કરે અને તેને માર્ગમાંથી હટી જવા પર મજબૂર કરે છે જેથી અંતે તે પોતાની વિરૂદ્ધતાઓથી બાઝ આવી જઈ, શીર નમાવી દે. ઈસાઈઓ નાપાક હોવાથી તેમનો ઉદ્દેશ તેમની જાહેરી નાપાકી નથી, બલ્કે આંતરિક નાપાકી છે. આ વાત માત્ર ઈસાઈઓ સુધી જ મર્યાદિત નથી બલ્કે જરથોસ્તીઓ પણ સામેલ છે, જે કૌમી ધોરણે ઈરાની છે. ઈસ્લામ તેને પણ નાપાક સમજે છે.

મેં કહ્યું : હા, પણ ઈસાઈ તો ખુદા, રસૂલ અને આખેરત પર ઈમાન ધરાવે છે.

તેણે જવાબ આપ્યો : અમારી પાસે તેમને કાફિર અને નાપાક ગણાવવા માટે બે દલીલો છે.

પહેલી દલીલ તો એ છે કે, "તેઓ રસૂલે અકરમ ﷺને માનતા નથી અને કહે છે (નઊઝુ બિલ્લાહ ! અલ્લાહની પનાહ !) તે જૂઠા છે. અમે પણ (ઈસાઈઓ) તેમના જવાબમાં કહીએ છીએ કે, તમે લોકો નાપાક (નજીસ) છો અને આ સંબંધ બુદ્ધિની બુનિયાદ પર છે." કેમ કે "તમને જે દુઃખ પહોંચાડે તમે પણ તેમને તકલીફ આપો." બીજું એ કે, "ઈસાઈઓ અંબિયા અને રસૂલો પર જૂઠા આક્ષેપો કરે છે જે એક મહાન ગુનોહ તથા તેમની



બેઈજ્જતી છે." દા.ત. તેઓ કહે છે, "હઝરત ઈસા علیہ السلام શરાબ પીતા હતા (નઊઝુબિલ્લાહિ મિન ઝાલિક) તેથી અલ્લાહની લઅનતમાં ગિરફતાર થયા અને તેમને સૂળીએ ચઢાવાયા." મને (હમ્ફ્રેને) આ વાત પરથી ખૂબ જ ગુસ્સો આવ્યો અને મેં કહ્યું, "ઈસાઈ કદી આવું નથી કહેતા."

તેણે કહ્યું : તમે નથી જાણતા "કિતાબ મુકદસમાં બધા આરોપો મૌજૂદ છે."

એ પછી તેણે કાંઈ કહ્યું નહીં અને મને યકીન હતું કે તે જૂઠ બોલી રહ્યો છે. જો કે મેં સાંભળ્યું હતું કે થોડીક વ્યક્તિઓએ ઈસ્લામના પૈગંબર પર જૂઠ સંબંધિત કર્યું છે છતાં હું આથી વધુ બહસ (ચર્ચા) કરવા ઈચ્છતો ન હતો. મને ભય હતો કે ક્યાંક મારો ભાંડો ફૂટી ન જાય અને લોકો મારી અસલિયતથી વાકેફ ન થઈ જાય !

૨. ઈસ્લામ મઝહબ ઐતિહાસિક હેતુઓની બુનિયાદ પર એક આઝાદી પસંદ મઝહબ છે અને ઈસ્લામના સાચા અનુયાયીઓ સરળતાથી ગુલામી સ્વીકારતા નથી. તેમના સંપૂર્ણ અસ્તિત્વમાં ભૂતકાળની મહાનતાનો ગર્વ સમાએલો છે અને તે ત્યાં સુધી કે તે (મુસલમાન) પોતાની અશક્તિ, અશાંત ફિત્નાના દૌરમાં પણ તે તેનાથી (ઈસ્લામથી) વિમુખ થવા તૈયાર નથી. અમે એ વાતની શક્તિ ધરાવતા નથી કે, ઈસ્લામી ઈતિહાસની મનમાની તફસીર રજૂ કરી તેમને (મુસલમાનોને) એ બતાવીએ કે, તમારી ભૂતકાળની મહાનતાની સફળતા એ પરિસ્થિતિ પર અવલંબિત હતી જે એ જમાનાનો તકાદો હતો પણ હવે જમાનો બદલાય ચૂક્યો છે અને નવા તકાદાઓએ તેમનું સ્થાન લઈ લીધું છે અને હવે ભૂતકાળમાં પરત થવું અશક્ય છે.

૩. અમે ઈરાની અને ઉષ્માની હુકૂમતોની દૂરંદેશીઓ, હોશિયારીઓ અને કારવાઈઓથી રક્ષિત ન હતા અને દરેક પળે એ ખટકો હતો કે, ક્યારેક તેઓ અમારી સામ્રાજી નીતિઓથી સાવધ થઈ જઈ, અમારા કર્યા ધર્યા પર પાણી ન ફેરવી દે.

આ બંને હુકૂમતો (ઈરાની, ઉષ્માની) જેવું કે અમો આગળ વર્ણવી ગયા છે, તેમ ઘણી અશક્ત થઈ ચૂકી હતી અને તેમની અસર તથા પહોંચ માત્ર તેમની જમીન (રાજ્યક્ષેત્ર)ની હદ સુધી જ મર્યાદિત હતી. તેઓ ફક્ત પોતાના ઈલાકાઓમાં અમારી વિરૂધ્ધ હથિયારો અને નાણાં એકત્ર કરી શક્તા હતા છતાં તેમની બદ્‌ગુમાની અમારી ભવિષ્યની સફળતા માટે સંતોષ ન હોવાનું કારણ હતું.

૪. મુસલમાન ઉલ્મા પણ અમારી ચિંતાનું કારણ હતા, જામેઅહ્ અઝહરના મુફતી તથા ઈરાન, ઈરાકનાં શીઆ કેન્દ્રો અમારા સામ્રાજી ઉદ્દેશોના માર્ગમાં એક મહાન રૂકાવટ હતા. પ્રસ્તૂત ઉલ્મા આધુનિક ઈલ્મ શિક્ષણ તથા સંસ્કૃતિ અને નવી પરિસ્થિતિથી મુદ્દલ અજ્ઞાત હતા. તેમની તવજ્જોહ તે જન્નત માટે હતી જેનો વાયદો તેમને કુર્આને આપી રાખ્યો હતો. આ લોકો એટલા સખત તરફદારી કરવાવાળા હતા કે, પોતાના દ્દષ્ટિબિંદુથી એક ઈંચ પણ પાછા હટવા તૈયાર ન હતા.

બાદશાહ અને મોટા મોટા સરદારો સમેટ સર્વ વ્યક્તિઓ તેમની આગળ નાના હતા. અહલે સુન્નતવાળાઓ શીઆઓ સંબંધી પોતાના ઉલ્માથી એટલા ભયભીત ન હતા અને અમે જોઈએ છીએ કે ઉષ્માની સલ્તનતમાં બાદશાહ તથા શૈખુલ ઈસ્લામ દરમ્યાનના સંબંધો હમેશાં ઉષ્માભર્યા રહ્યા હતા તેમજ



ઉલ્માની શક્તિ રાજકીય અધિકારીઓની શક્તિ સમાન જ હતી છતાં શીઆઓના પ્રદેશોમાં લોકો ઉલ્માનો માન મર્તબો બાદશાહ કરતાં વધુ રાખતા હતા. મઝહબી ઉલ્માથી તેમનો સંબંધ સાચો સંબંધ હતો તો પણ અધિકારીઓ કે હાકેમોને તેઓ કાંઈ વધુ અગત્યતા આપતા ન હતા. મતલબ કે સુલ્તાનો તથા બાદશાહોની કદરદાની સંબંધમાં શીઆ, સુન્ની દ્દષ્ટિબિંદુઓનો આ તફાવત નવી વસાહતી ઈલાકાઓની વઝારત (પ્રધાનમંડળ ) તથા અંગ્રેજ હુકૂમતની ચળવળમાં ઓછપનું કારણ ન હતી.

અમે કેટલીયવાર આ મુલ્કો સાથે અંદરો અંદર પેચીદા મુશ્કેલીઓ ટાળવાના સિલસિલામાં ચર્ચાઓ કરી છતાં અમારી ચર્ચાઓએ હમેશાં જ બદ્‌ગુમાની ઈખ્તિયાર કરતાં અમે અમારો માર્ગ બંધ જોયો. અમારા જાસૂસ અને રાજકીય કાર્યકરોની દરખાસ્તો પણ અગાઉની ચર્ચાઓની જેમ નિષ્ફળ રહી તો પણ અમે નિરાશાવાદી ન રહ્યા કેમ કે અમે એક મજબૂત તથા કઠણ હૈયાના માલિક હતા.

મને યાદ છે કે એક વખતે નવી વસાહત ઈલાકાઈ વઝીરે લંડનના એક મશ્હૂર પાદરી અને અન્ય ધર્મોના ૨૫ ધાર્મિક અગ્રેસરો સાથે એક બેઠક યોજી જે પૂરા ત્રણ કલાક સુધી ચાલુ રહી અને જ્યારે અહીં પણ કોઈ સંતોષકારક પરિણામ ન નીકળ્યું ત્યારે પાદરીએ શ્રોતાગણને સંબોધતાં કહ્યું, તમે લોકો તમારી હિમ્મતો ઢીલી પાડશો નહીં, ધીરજ હિંમત સહિત કામ લેજો. ઈસાઈયત ત્રણસો વર્ષની ઝહમતો તથા રખડપટ્ટીની સાથે હઝરત ઈસા તથા તેમના અનુયાયીઓની શહાદત પછી આલમગીર થઈ. શક્ય છે કે ભવિષ્યમાં હઝરત ઈસાની ઈનાયતની આપણા પર નજર થાય અને આપણે ત્રણસો વર્ષ પછી કાફિરોને (મુસ્લિમોને)

કાઢવામાં સફળ થઈએ તેથી આપણે જોઈએ કે આપણે ખૂદને મજબૂત ઈમાન તથા અડગ સબ્રથી શણગારીએ તથા તે તમામ સાધનોને કામમાં લઈએ જે મુસ્લિમ વિસ્તારોમાં ઈસાઈયતના રિવાજોનો સબબ હોય, **જો એમાં આપણને સદીઓનો સમય પણ ગુજરી જાય તો ગભરાવાની કોઈ વાત નથી. બાપ દાદા પોતાની ઔલાદ માટે વાવણી કરે છે.**

## ઈસ્લામ, વિરૂદ્ધ કાર્યવાહી માટે રૂસ, ફ્રાંસ તથા બ્રિટનવાળાઓની કોન્ફરન્સ

એક વખત નવ આબાદી ઈલાકાની વઝારતમાં રૂસ, ફ્રાન્સ અને બ્રિટનના ઉચ્ચ દરજ્જો ધરાવતા પ્રતિનિધિઓ પર અવલંબિત કોન્ફરન્સની સ્થાપ્ના થઈ.

કોન્ફરસન્સમાં સામેલ થનારાઓમાં રાજકિય પ્રતિનિધિ મંડળો, ધાર્મિક વ્યક્તિઓ તેમજ અન્ય વિખ્યાત હસ્તીઓ ઉપસ્થિત હતી. હું વઝીરથી નિકટનો સંબંધ ધરાવતો હોવાથી હું પણ એ કોન્ફરન્સમાં શરીક હતો. ચર્ચાનો વિષય ઈસ્લામી દેશોમાં સામ્રાજ્યવાદની પુનઃ વ્યવસ્થા અને તેની સામે આવનારી ભીતીઓ અંગેનો હતો.

**કોન્ફરન્સમાં ભાગ લેનારાઓની વિચારણા એ વાત પર થતી કે, આપણે મુસ્લિમ શક્તિઓને કઈ રીતે વેર વિખેર કરી, તેમની દરમ્યાન કુસંપના બીજ રોપી શકીએ છીએ. ચર્ચા તેમના (મુસલમાનોના) ઈમાનને ડગમગુ કરવાના સિલસિલામાં હતી.** અમુક લોકોનો ખ્યાલ હતો કે, મુસલમાનોને એ રીતે સીધા માર્ગે લાવવામાં આવી શકે



કે, જે રીતે સ્પેન કેટલીક સદીઓ પછી ઈસાઈઓના ખોળે ચાલ્યું આવ્યું હતું. શું તે જ આ મુલ્ક ન હતો જેને જંગલી (વહેશી) મુસ્લિમોએ ફતેહ કર્યો હતો ? કોન્ફરન્સના પરિણામો વધુ સ્પષ્ટ ન હતાં. મેં આ કોન્ફરન્સમાં પેશ આવનાર સમય પ્રસંગોને મારા પુસ્તક "અઝીમ મસીહકી સમ્ત એક પરવાઝ" (મહાન મસીહ તરફ એક ઉડ્ડયન)માં વર્ણન કર્યો છે.

**હકીકતમાં પૂર્વથી પશ્ચિમ સુધી ફેલાવો ધરાવતા વિશાળ વટવૃક્ષને વૃક્ષને કાપવું સરળ કામ નથી છતાં આપણે દરેક કિંમતે આ મુશ્કેલીઓનો મુકાબલો કરવાનો છે. કેમ કે ઈસાઈ મઝહબ ત્યારે જ કામયાબ થઈ શકે છે જ્યારે સમ્રગ જગત તેના કબ્જે આવી જાય.**

હઝરત ઈસાએ પોતાના સાચા અનુયાયીને આ જહાંગીરી (જગત પર છવાઈ જવા)નાં વધામણા આપ્યાં છે. હઝરત મુહમ્મદ (ﷺ) ની સફળતા આ સંગઠન અને ઐતિહાસિક પરિસ્થિતિ સાથે સંકળાએલી હતી જે તે સમયનો તકાદો હતો.

ઈરાન, રૂમથી સંકળાએલ પૂર્વ, પશ્ચિમની સલ્તનતોનો વિસ્તાર મૂળમાં બહુ થોડા સમયમાં હઝરત મુહમ્મદ ﷺની સફળતાનું કારણ બન્યું. મુસલમાનોએ આ મહાન સલ્તનતોને જેર કરી. પરંતુ હવે પરિસ્થિતિ બિલકુલ જૂદી થઈ ચૂકી છે અને ઈસ્લામી દેશો ઘણી તેજી સાથે પડતી તરફ જાય છે અને તેના મુકાબલે ઈસાઈઓ દિન પ્રતિ દિન પ્રગતિના પંથે પ્રયાણ કરે છે. હવે તે સમય આવી ગયો છે કે ઈસાઈઓ મુસલમાનો પાસેથી પોતાનો બદલો ચૂકવે અને પોતે ગુમાવેલી મહાનતા બીજીવાર પ્રાપ્ત કરે.

આ વખતે સૌથી મોટી ઈસાઈ હુકૂમત મહાન બ્રિટનના હાથમાં છે જેણે દુનિયાના લાંબા પહોળા ભાગોમાં પોતાનો સિક્કો જમાવ્યો છે અને હવે તે ચાહે છે કે, ઈસ્લામી દેશો સાથે યુદ્ધોનો ઝંડો પણ તેના જ (બ્રિટનના) હાથમાં હોય.

## ૦૨ હમ્ફ્રે જાસૂસનું ઈસ્તંબૂલ તરફ પ્રયાણ

ઈ.સ. ૧૭૧૦માં ઈંગ્લેન્ડની નવી વસાહતોના ઈલાકાઓની વઝારતે મને મિસર, ઈરાક, ઈરાન, હિજાઝ તથા ઉષ્માની ખિલાફતના ઈસ્તંબુલ (આજનું ઈસ્તંબુલ તે પ્રસંગનું કુસ્તુન્તુન્યહ્ હતું)ની જાસૂસી પર નિયુક્ત કર્યો. મારે આ ઈલાકાઓમાં તે માર્ગ શોધવાનો હતો જેનાથી મુસલમાનોને વેર વિખેર કરી મુસ્લિમ દેશોમાં સામ્રાજી વ્યવસ્થા ચાલુ કરી શકાય. મારી સાથે નવ આબાદી (નવી વસાહતો)ના વઝારતોના નવ બીજા ઉત્તમ અનુભવી જાસૂસો ઈસ્લામી દેશોમાં આ કામ પર નિયુક્ત હતા. ઘણી જ તનદેહીથી અંગ્રેજી સામ્રાજ્યવાદની વ્યવસ્થા પર કબ્જા તથા નવી વસાહતોના વિસ્તારોમાં પોતાની અસરો દઢ કરવા કાર્યરત હતા. આ પ્રતિનિધિમંડળો માટે વિપુલ સંખ્યામાં પુંજી એકત્ર કરવામાં આવી હતી. આ લોકો વ્યવસ્થિત કરેલ નક્શાઓ અને તાજા સમાચારોથી પરિચિત હતા. તેમને ઉમરાવો, પ્રધાનો, હુકૂમતના ઉચ્ચ હોદ્દેદાર, ઉલ્મા, રઈસોના નામોની સંપૂર્ણ ફેહરિસ્ત (યાદી) આપવામાં આવી હતી. નવ આબાદી ઈલાકાઓ (નવી વસાહતો)ના સહાયક વઝીરે અમને રવાના કરતાં ખુદા હાફેઝ વખતે જે વાત કહી તે આજે પણ મને સારી રીતે યાદ છે. તેણે કહ્યું હતું : ''તમારી સફળતા આપણા દેશના ભાવિ માટે અરીસારૂપ હશે, તેથી તમારી તમામ શક્તિઓને કામમાં લાવો. સફળતા તમારા કદમ ચૂમશે.''



હું ખુશી ખુશી દરિયાઈ જહાઝ મારફત ઈસ્તંબુલ માટે રવાના થયો. મારી શીરે હવે બે કામો હતાં, પ્રથમ તુર્કી ભાષામાં પારંગત થવું જે તે દિવસોમાં ત્યાંની કૌમી ભાષા હતી. મેં લંડનમાં તુર્કી ભાષા માટે થોડાક શબ્દો શીખી લીધા હતા. એ પછી મને અરબી ભાષા, કુર્આન અને તેની તફસીર અને પછી ફારસી શીખવું હતું.

અહીં એ વાત પણ વર્ણવવા જેવી છે કે, કોઈ ભાષા શીખવી તથા તેના સાહિત્યિક કાનૂનો, શુદ્ધતા અને અનુભવના ભરોસે તેના પર સંપૂર્ણ કાબૂ રાખવો બે અલગ અલગ ચીજો છે. મને એ જવાબદારી સુપ્રત કરાઈ હતી કે, હું તે ભાષાઓમાં એટલી પ્રવીણતા મેળવું કે, મારામાં અને ત્યાંના લોકોમાં ભાષાના એ'તેબારે કોઈ તફાવત જણાય નહીં. કોઈ ભાષાને એક બે વર્ષમાં શીખી શકાય પરંતુ તેના પર છવાઈ જવા માટે વર્ષોનો સમય જરૂરી હોય છે. હું એ વાત પર મજબૂર હતો કે, એ ગૈરમુલ્કી ભાષાઓ એ રીતે શીખું કે, તેના કાનૂનો, સંકેતોનું કોઈ રહસ્ય છૂટવા પામે નહીં અને કોઈ મારા તુર્કી, ઈરાની કે અરબ હોવામાં શંકાશીલ ન બને. આ બધી મુશ્કેલીઓ હોવા છતાં હું મારી સફળતાના ક્રમમાં નાસીપાસ ન હતો કેમ કે, હું મુસલમાનોની તબીઅતથી પરિચિત હતો અને એ પણ જાણતો હતો કે તેમની (મુસલમાનોની) વિશાળ હૃદયતા, નેકગુમાન, મહેમાનનવાઝી ધરાવતી તબિઅતો જે તેમને કુર્આન અને સુન્નતથી વારસામાં મળી હતી તે ઈસાઈઓની જેમ અવિ□ાસ અને ખરાબ દૃષ્ટિ સમી ભારણરૂપ નહીં હશે. વળી બીજી તરફ ઉષ્માની હુકૂમત એટલી કમજોર થઈ ચૂકી હતી કે, હવે તેની પાસે ઈંગ્લિસ્તાન તથા ગૈરમુલ્કી જાસૂસોની કારવાઈઓ જાણવા માટેનો કોઈ સબબ ન હતો. ઉપરાંત એવી કોઈ સંસ્થા પણ મૌજૂદ ન હતી કે જે હુકૂમતને તેની વિરૂધ્ધની ચળવળોથી વાકેફ કરી શકે.

ઉષ્માની હુકૂમતના નિકટવર્તીઓ અને તેના સલાહકારો કમજોર થઈ ચૂક્યા હતા. કેટલાક મહીનાઓના થકવી દેનાર પ્રવાસ પછી અંતે અમે ઉષ્માની રાજધાનીમાં પહોંચ્યા. જહાઝથી ઉતરતા અગાઉ મેં (મારું નામ) "મુહમ્મદ" તજવીજ કર્યું અને **જ્યારે શહેરની (ઈસ્તંબુલ) જુમ્આ મસ્જિદમાં દાખલ થયો ત્યારે ત્યાં લોકોની જંગી હાજરી, શિસ્ત, વ્યવસ્થા, સફાઈ જોઈ સાંત્વન અનુભવ્યું. સાથો સાથ મનોમન કહ્યું, અંતે શા માટે અમે આવી પાક દિલ વ્યક્તિઓની સતામણી પાછળ મંડયા છીએ ? અને તેમની રાહત છીનવી લેવા શા સારું તૈયાર થયા છીએ ? શું હઝરત ઈસાએ આ પ્રકારની અણછાજતી કાર્યવાહી તજવીઝ કરી છે ?** પરંતુ તુરત જ મેં આ શૈતાની વસવસાઓ (!) અને બાતિલ વિચારોને ઝહનથી ઝટકી દઈ પશ્ચાતાપ કર્યો, અને મને ખ્યાલ આવ્યો કે, હું તો બ્રિટનની મહા નવી આબાદી (વસાહતી) વઝારતનો નોકર છું અને મારે મારી ફરજો પ્રમાણિક્તાથી અંજામ આપવી જોઈએ અને મોઢે લગાડેલા જળપાત્રને અંતિમ ઘુંટડા સુધી પી જવો જોઈએ.

## હમ્ફેએ તફસીર સાથે કુર્આનની તા'લીમ લીધી

શહેરમાં પ્રવેશતાં તુરત જ મારી મુલાકાત સુન્નીઓના એક વૃદ્ધ પેશ્વા સાથે થઈ જેનું નામ અહમદ આફંદી હતું. તે એક ચપળ ફઝીલત ધરાવનાર અને નેક તબીઅત આલિમ હતો. મેં મારા પાદરીઓમાં એવી કોઈ બુઝુર્ગ હસ્તી દેખી ન હતી. તે રાત્રિ દિવસ ઈબાદતમાં મશગૂલ રહેતો હતો અને બુઝુર્ગી, પાકીઝગીમાં હઝરત



મુહમ્મદ ﷺ જે હતો. તે રસૂલે ખુદાને ઈન્સાનિયતનું સંપૂર્ણ કેન્દ્ર સમજતો હતો. તેણે સુન્નતને પોતાના જીવનનું મધ્યબિંદુ બનાવ્યું હતું. હઝરત મુહમ્મદ ﷺનું નામ આવતાં જ તેની આંખોથી અશ્રુઓની ઝડીઓ વરસી જતી હતી. શૈખ સાથેની આ મુલાકાતમાં મારા કુટુંબ કે પેઢીના બારામાં કોઈ પ્રશ્ન કરાયો નહીં એને હું મારી ખુશ કિસ્મતી ગણું છું. શૈખ મને હમેશાં મુહમ્મદ આફંદીના નામે પુકારતો હતો અને હું તેને જે કાંઈ પૂછું તેનો માન–મોભ્ભા સહિત જવાબ દેતો હતો. સાથો સાથ તે મને ઘણો જ ચાહતો હતો.

જ્યારે તેને ખાસ રીતે એ જણાવ્યું કે હું ગરીબુલ વતન છું અને ઉષ્માની સલ્તનતના માટે કામ કરી રહ્યો છું કે જે પૈગંબરના જાંનશીન છે ત્યારે તો તે પોતે મારા પર વધુ મહેરબાન થઈ ગયો. (મારા ઈસ્તંબુલના નિવાસ માટે આ વાત જૂઠી હતી, જે હું શૈખ આફંદી સામે બોલ્યો હતો) આ ઉપરાંત પણ મેં શૈખને એ પણ કહ્યું હતું કે હું મા બાપ વગરનો એક જવાન છું. મારે કોઈ ભાઈ બહેન નથી. હું બિલકુલ એકલો જ છું છતાં મારાં મા બાપ વારસામાં મારા માટે ઘણુ મૂકી ગયા છે. મેં કુર્આન અને તુર્કી, અરબી શીખવા માટે ઈસ્લામના કેન્દ્ર ઈસ્તંબુલની સફર ઈખ્તિયાર કરી છે. દીની તથા આંતરિક પુંજી પ્રાપ્ત કર્યા પછી માદદી (દુનિયવી) કારોબારમાં પૈસા લગાડવા મારો ઈરાદો છે. શૈખ અહમદ આફંદીએ મને અભિનંદન આપી, થોડીક વાતો કહી જેને હું મારી નોંધવાહીમાંથી અત્રે નકલ કરું છું :–

હે નવજવાન ! મારા પર તમારી સ્વીકૃતિ અને ઈજ્જત માટે કેટલાક કારણો જરૂરી બની રહે છે અને તે કારણો એ છે કે :–

૧. તમે મુસલમાન છો અને મુસલમાન માંહોમાહે ભાઈ ભાઈ ભાઈ છે (اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ).
૨. તમે અમારા શહેરમાં મહેમાન છો પૈગંબરે ઈસ્લામનો ઈર્શાદ છે : اَکْرِمُوا الضَّیْفَ "મહેમાનને માનવંત જાણો."
૩. તમે તાલિબે ઈલ્મ છો. ઈસ્લામે તાલિબે ઈલ્મના એહતેરામ (અદબ)નો હુકમ આપ્યો છે. તમે હલાલ રોજી કમાવા ચાહો છો અને તેના પર اَلْکَاسِبُ حَبِیْبُ اللّٰهِ "કારોબાર કરનારનો અલ્લાહ દોસ્ત છે"ની હદીષ સાચી આવે છે.

આ પ્રથમ મુલાકાતમાં જ શૈખે મને પોતાના ઉચ્ચ સંસ્કારને કારણે મને તેનો ચાહક બનાવી લીધો. મેં મનોમન કહ્યું, કાશ ! ઈસાઈયત પણ આ ઉઘાડી હકીકતોથી પરિચિત હોત !! છતાં તેની સાથે સાથ હું એ પણ જોઈ રહ્યો હતો, કે ઈસ્લામી શરીઅત આટલી ઉચ્ચ નિગાહો અને ઉચ્ચ સ્થાન ધરાવતી હોવા છતાં પડતી તરફ જઈ રહી છે. ઈસ્લામી રાજશાસકોની નાલાયકી, જુલ્મ, સિતમ, ખરાબ ચલણ અને એ પછી દીનના આલિમોનો અહમ તેમજ દુનિયાની પરિસ્થિતિથી અજ્ઞાનપણુ તેમને આ દિવસ દેખાડી રહ્યું છે. મેં શૈખને કહ્યું, "જો તમે રજા આપો તો હું તમારાથી અરબી ભાષા અને કુર્આન મજીદ શીખવા માટે ઈચ્છા ધરાવું છું." શૈખે મને પ્રોત્સાહિત કર્યો અને મારી ઈચ્છાનું સ્વાગત કરી સૂરએ હમ્દ (અલ્હમ્દુ)ને મારા માટે પહેલો સબક નક્કી કર્યો. ઘણા જ જોશ સહિત આયતોની તફસીર, દૃષ્ટિબિંદુ પેશ કર્યાં. મારા માટે ઘણા અરબી શબ્દોના ઉચ્ચારો કઠિન હતા અને ક્યારેક આ કઠીનતા વધી જતી હતી. તે (શૈખ) વારંવાર મને કહેતો હતો કે, હું અરબી વાંચન તમને એ રીતે નહીં શીખવું તમારે દરેક મુશ્કેલ શબ્દને દસ



વખતે ફરી ફરીને બોલવાના હશે કે જેથી શબ્દો તમારા ઝહનમાં બેસી જાય.

શૈખે મને એકબીજા સાથે શબ્દો મેળવવાની રીત પણ શીખવાડી. કુર્આનની કિર્અત, તફસીર શીખવવામાં મને બે વર્ષનો સમય લાગ્યો. સબક શરૂ કરતાં પહેલાં તે વુઝૂ કરતો હતો અને મને પણ વુઝૂ કરવા હુકમ આપતો હતો. પછી અમે કિબ્લા તરફ બેસી જતા હતા અને સબકનો આરંભ થતો હતો. આ વાત પણ જાણવા જેવી છે કે ઈસ્લામમાં અવયવોને ખાસ ક્રમ હેઠળ ધોવાનું નામ વુઝૂ છે. પ્રથમ મોઢું ધોવામાં આવે છે. પછી જમણા હાથની આંગળીઓ, એ પછી ઊંધા હાથથી કોણી ધોવામાં આવે છે. એ પછી માથું, ગરદન તથા કાનોનો પાછલા ભાગનો મસોહ કરવામાં આવે છે અને છેલ્લે પગ ધોવામાં આવે છે. વુઝૂ કરતી વેળા કોગળા કરવા, નાકમાં પાણી ચઢાવવું મુસ્તહબ છે. વુઝૂની અદબ અગાઉ એક સૂકી લાકડીથી દાંતોનું મિસ્વાક (દાતણ) જે ત્યાંની રસ્મ હતી. મારા માટે ઘણી નાપસંદ હતી અને હું સમજતો હતો કે, આ સૂકી લાકડી દાંતો, જડબાંઓ માટે ઘણી નુકસાનકારક છે. ક્યારેક મારાં જડબાંઓમાંથી લોહી પણ વહેતું થઈ જતું હતું પરંતુ હું તેમ કરવા પર મજબૂર હતો કેમ કે વુઝૂથી પહેલું મિસ્વાક કરવું સુન્નતે મુઅક્કદહ્ છે અને તેના માટે ઘણો સવાબ તથા ફઝીલત બયાન થઈ છે.

મારા ઈસ્તંબુલના નિવાસ દરમિયાન રાત્રિએ એક મસ્જિદમાં સૂઈ રહેતો હતો અને તેના બદલામાં ત્યાંના એક ખાદિમને કે જેનું નામ મરવાન આફંદી હતું, કાંઈક રકમ આપી દેતો હતો. તે એક અવિવેકી ગુસ્સો ધરાવતો શખ્સ હતો અને પોતાને ઈસ્લામના પૈગંબરના એક સહાબીનો સમાન નામ સમજતો હતો. પોતાના

આ નામ પર ઘણો ગર્વિષ્ઠ હતો. એક વખતે તેણે મને કહ્યું, ''જો ક્યારેક ખુદા તમને ઔલાદવાળા કરે, તો તમે તમારા બેટાનું નામ ''મરવાન'' રાખજો કેમ કે તેની ગણના ઈસ્લામના મહાન મુજાહિદોમાં થાય છે.''

રાત્રિનું ખાણું હું (પેલા મસ્જિદના) ખાદિમ સાથે ખાતો હતો અને જુમ્આના દિવસે કે જે મુસલમાનોની ઈદ તથા રજાનો દિવસ હતો તે ખાદિમ સાથે ગુજારતો હતો. અઠવાડિયાના બાકી દિવસો એક સુથારના શિષ્ય તરીકે કામ કરતો હતો અને ત્યાંથી મને એક મામૂલી રકમ મળી રહેતી હતી હું અર્ધો દિવસ કામ કરતો હતો, કેમ કે સાંજે મારે શૈખથી સબક લેવાનો હતો તેથી મારી નોકરી અર્ધી રહેતી હતી. સથારનું નામ ખાલિદ હતું. બપોરના ખાણા પ્રસંગે હમેશાં જ તે (સુથાર) ઈસ્લામના મહાન વિજેતા ''ખાલિદ બિન વલીદ''ની ચર્ચા કરતો અને તેમની ફઝીલતો, પ્રસંશા બયાન કરતો હતો અને વળી તેમને પૈગંબરે ઈસ્લામના તે સાથીઓમાં ગણતો જેમના હાથે ઈસ્લામના દુશ્મનો હાર પામ્યા. હઝરત ઉમર સાથે તેને (હઝરત ખાલિદને) સારા સબંધો ન હતા. તેને (હઝરત ખાલિદને) એ ખટકો રહેતો હતો★ કે જો તેમને (હઝરત ઉમરને) ખિલાફત મળશે તો તે તેને પદભ્રષ્ટ કરી દેશે અને થયું પણ એવું જ.

જો કે ખાલિદ (સુથાર) સારાં કામો વાળો ન હતો છતાં તેના અન્ય વિદ્યાર્થીઓથી તે મારા પર વધુ મહેરબાન હતો. એ કારણ મને હજી સુધી જાણવા મળ્યું નહીં. કદાચ એટલા માટે હોઈ શકે કે હું કશી પણ લાલચ વગર દરેક કાર્ય પાર પાડતો તથા તેની સાથોસાથ હું તો તેની સાથે ક્યારેય ધાર્મિક બાબત કે મારા કામના

★આ વાતની રજૂઆત ગલત છે. હકીકતમાં સહાબામાં આપસમાં એકબીજામાં ખૂબ મહોબ્બત હતી. **–પ્રકાશક**



બારામાં કોઈ પ્રકારની ચર્ચા તથા બહષો કરતો ન હતો. કેટલીવાર દુકાન બંધ થતી વખતે હું જોતો કે, તે (સુથાર) મને સારી નજરે નથી જોતો. શૈખ અહમદે મને કહ્યું હતું કે, બદ્ફેઅલી (સૃષ્ટિ વિરૂધ્ધનું કાર્ય) ઈસ્લામમાં ઘણો મોટો ગુનોહ છે છતાં પણ ખાલિદ મારાથી એ કાર્ય લેવા પર આગ્રહી હતો. તે દીન દયાનતનો વધુ પાબંદ ન હતો અને વાસ્તવમાં સાચા ઈમાન તથા સાચો અકીદો ધરાવનાર માણસ પણ ન હતો, તે ફક્ત જુમ્આની નમાઝ પઢવા મસ્જિદમાં જતો હતો અને બાકી દિવસોમાં તેનું નમાઝ પઢવાનું મને જણાયું નથી. મતલબ કે તેના આ બેહયાઈવાળા આકર્ષણને મેં રદ કર્યુ છતાં થોડા દિવસો પછી તેણે આ નિર્લજ્જ કાર્ય પોતાની દુકાનના એક રૂપાળા કારીગર સાથે અંજામ આપ્યું જે હમણા જ યહૂદિય્યતમાંથી નવો નવો મુસલમાન થયો હતો.

હું દૈનિક સુથારની દુકાનેથી બપોરનું ખાણું ખાઈને ઝોહરની નમાઝ માટે મસ્જિદમાં જતો રહેતો હતો અને ત્યાં અસર સુધી રહેતો હતો. અસરની નમાઝથી પરવારીને શૈખ અહમદના ઘેર જતો હતો અને ત્યાં બે કલાક કુર્આન ખ્વાનીમાં ગાળતો હતો. કુર્આન સિવાય અરબી, તુર્કી ભાષાઓ પણ શીખતો હતો અને અઠવાડિયામાં એકત્ર કરેલી મજૂરીની રકમ જુમ્આના દિવસે ઝકાતના રૂપમાં શૈખ અહમદના હવાલે કરતો હતો. આ ઝકાત વાસ્તવમાં શૈખ પ્રતિની મારી અકીદત અને સંબંધના એક નજરાણારૂપ તથા શૈખના કુર્આન શીખવ્યાના એક નાનકડા હક્કરૂપ હતું. કુર્આનની તા'લીમમાં શૈખની શૈલી અજોડ હતી. આ સિવાય પણ તે મને ઈસ્લામી આજ્ઞાઓ અરબી, તુર્કી ભાષામાં શીખવતો હતો.

જ્યારે શૈખ અહમદને જણાયું કે હું અવિવાહિત છું ત્યારે તેણે

મને શાદીની સલાહ આપી અને પોતાની બેટી મારા માટે પસંદ કરી, પણ મેં ઘણી જ અદબપૂર્વક માફી ચાહી અને મને પોતાને શાદી માટે અપાત્ર જાહેર કર્યો. હું આ વિચાર ઈખ્તિયાર કરવા પર મજબૂર હતો, કારણ કે શૈખ અહમદ પોતાની વાત પર આગ્રહી હતો. અમારા સંબંધો બગાડવામાં કોઈ કસર બાકી રહી ગઈ ન હતી. શૈખ અહમદ શાદીને ઈસ્લામના પૈગંબરની સુન્નત સમજતો હતો. તે શાદી માટે આ હદીષનો હવાલો આપતો હતો : "જે કોઈ મારી સુન્નતથી દૂર થશે તે મારામાંથી નથી."

તેથી આ બહાના સિવાય મારી પાસે અન્ય કોઈ કારણ ન હતું. મારા આ સમાનધાનકારી જૂઠે શૈખને મારાથી સંતોષિત કરી દીધો અને પછી તેણે મારી સાથે શાદી અંગે કોઈ ચર્ચા કરી નહીં. આથી અમારી મૈત્રી પહેલાં જેમ જ પ્રથમ મંઝિલે આવી ગઈ.

બે વર્ષ ઈસ્તંબુલમાં રહ્યાથી અને કુર્આન સહિત અરબી, તુર્કી ભાષાઓ શીખ્યા પછી મેં શૈખથી મારા વતન પરત જવાની રજા માંગી છતાં શૈખ મને રજા આપતો ન હતો અને કહેતો હતો કે, તમે આટલા જલ્દી પરત થવા ચાહો છો ? આ મોટું શહેર છે. અહીં તમારી જરૂરની દરેક વસ્તુ મૌજૂદ છે. અલ્લાહની મરજીથી ઈસ્તંબુલમાં દીન અને દુનિયા બંને મળી રહે છે. વાતચીત દરમિયાન શૈખે કહ્યું, "હવે જ્યારે તમે એકલા છો અને તમારાં માં, બાપ, ભાઈ, બહેન કોઈ નથી તો પછી તમે ઈસ્તંબુલને તમારું કાયમી નિવાસ કેમ નથી બનાવતા ?!

મતલબ કે શૈખનો મને ત્યાં રાખવા માટે ઘણો આગ્રહ હતો. તેને મારાથી પ્રેમ થઈ ગયો હતો. મને પણ તેનાથી ઘણી દિલચસ્પી હતી પરંતુ મારા વતન ઈંગ્લિસ્તાનના બારામાં મારા પર જે જવાબદારીઓ અવલંબિત હતી, તે મારા માટે બધા કરતાં વધુ



અગત્યની હતી. મારા માટે જરૂરી હતું કે, હું લંડન જઈ નવ આબાદી (નવી વસાહત)ની પ્રાંતિક વઝારતને મારી બે વર્ષની કાર્યવાહીનો સંપૂર્ણ હેવાલ રજૂ કરું અને ત્યાંથી નવી આજ્ઞાઓ પ્રાપ્ત કરું.

## બ્રિટનવાળાઓની નીચતાનું દષ્ટાંત !

ઈસ્તંબુલમાં બે વર્ષ ગાળવા દરમિયાન મારે ઉષ્માની હુકૂમતની પરિસ્થિતિ પર દરેક મહિને લંડન રિપોર્ટ મોકલવો પડતો હતો. મેં મારા રિપોર્ટમાં બદ્‌કિરદાર સુથારના પ્રસંગને પણ લખ્યો હતો જે મારી સાથે પેશ આવ્યો હતો. નવ આબાદીયાતી પ્રાંતિક વઝારતે મને જવાબમાં એ આજ્ઞા કરી હતી કે, **જો સુથારે તમારી સાથે કરવા ધારેલા કાર્યથી (સૃષ્ટિ વિરૂધ્ધના કૃત્યથી) આપણને આપણી ધારેલી મંઝિલે પહોંચવાનો માર્ગ સરળ હોય તો તે કાર્યમાં કાંઈક વાંધો નથી ! જ્યારે મેં આ લખાણ વાંચ્યું ત્યારે મારું માથુ ચકરાવા લાગ્યું અને મેં વિચાર્યું કે, અમારા અધિકારીઓને શરમ નથી આવતી કે હુકૂમતની મસ્લેહતો ખાતર મને આ બેશર્મીની શીખ આપે છે !** મતલબ કે, મારી પાસે કોઈ ચારો ન હતો અને હોઠોથી લગાડેલ આ કડવા જામનો અંતિમ ઘૂંટડો પી જવાનો હતો છતાં મેં ઉપરોક્ત આજ્ઞાની કોઈ નોટીસ લીધી નહીં (અમલ ન કર્યો) અને લંડનના ઉચ્ચ હોદ્દેદારોની આ બેરૂખીની કશી શિકાયત ન કરી.

મને વિદાય કરતી વેળા શૈખની આંખોમાં અશ્રુ ભરાઈ આવ્યાં અને તેણે મને આ શબ્દો સહિત વિદાય કર્યો, બેટા ! ખુદા હાફિઝ ! હું જાણું છું કે, હવે તમે પાછા આવશો ત્યારે આ દુનિયામાં મને

નહીં મળો. મને ભૂલશો નહીં ! ઈન્શાઅલ્લાહ ! કયામતના દિવસે ઈસ્લામના પૈગંબરની હુઝૂરમાં આપણે એક બીજાને મળીશું."

વાસ્તવમાં શૈખ અહમદના વિયોગથી હું એક મુદ્દત સુધી ગમગીન રહ્યો અને એ ગમમાં મારી આંખો અશ્રુઓ વહેવડાવતી રહી. છતાં શું કરી શકાય ? ફરજ બજામણી વિયોગ વિગેરેથી વધુ મહત્વતા ધરાવે છે.

## 03 બ્રિટને ઈસ્લામી જગતમાં છોડેલા જાસૂસોનું પરિણામ

મારા અન્ય નવ સાથીઓને પણ લંડન પરત બોલાવી લેવાયા હતા પરંતુ કમભાગ્યે તેમાંથી ફક્ત પાંચ જ પરત આવ્યા. બાકી રહેલાઓમાં ચારમાંથી એક મુસલમાન થઈ ચૂક્યો હતો અને તેણે ત્યાં મિસરમાં જ વસવાટ કરી લીધો હતો. આ વાકેઓ નવ આબાદીની વઝારતના સેક્રેટરીએ મને કહ્યો હતો પરંતુ તે એ વાતથી ખુશ હતા કે, મજકુર શખ્સે તેમના કોઈ ભેદને ખુલ્લો ન કર્યો. બીજો જાસૂસ રૂસી નાગરીક હતો અને રૂસ પહોંચી તેણે ત્યાં જ રહેવા સહેવાનું નિયુક્ત કરી લીધું હતું. આ બાબતમાં સેક્રેટરી ઘણો ચિંતિત હતો. તેને એ ભિતિ હતી કે, ક્યારેક પેલો રૂસી નાગરિક જે હવે પોતાની સરજમીનમાં પહોંચી ચૂક્યો છે તે અમારો ભેદ ખુલ્લો ન પાડી દે. ત્રીજો શખ્સ બગદાદ નજીકના "અમ્મારા" નામના સ્થળે પ્લેગની બીમારીથી મરણ પામ્યો, જ્યારે ચોથાના બારામાં કોઈ ખબર મળી ન હતી. નવ આબાદીના ઈલાકાઓની વઝારતને ત્યાં સુધી ખબર મળતી રહી જ્યાં સુધી તે યમનની રાજધાની "સન્આ"માં રહીને અખંડ એક વર્ષ સુધી પ્રસ્તુત વઝારતને હવાલો મોકલતો રહ્યો. પરંતુ એ પછી જ્યારે કોઈ ખબર



ન મળી ત્યારે ઘણી કોશિશો કર્યા છતાં નવ ઈલાકાઈ વઝારતને તેનું કોઈ નિશાન મળી શક્યું નહીં. હુકૂમત એક જબરદસ્ત જાસૂસ ગુમ થયાના પરિણામોથી સારી રીતે ખબરદાર હતી તે દરેક કર્મચારીના કામની અગત્યતાને ઘણી જ બારીકાઈથી જાંચતી હતી અને વાસ્તવમાં એ પ્રકારના કર્મચારીઓમાંથી કોઈ કર્મચારીનું ગુમ થવું આ સામ્રાજી હુકૂમત માટે ચિંતાજનક થઈ પડતું હતું.

અમારો સંબંધ એક એવી કૌમથી છે જે અમારી આબાદીના આધારે ઓછા હોવાની સાથે ઘણી અગત્યની જવાબદારીઓનો ભાર વહન કરી રહી છે તથા અનુભવી વ્યક્તિઓની કમી અમારા માટે સખત નુકસાનરૂપ હતી. **સેક્રેટરીએ મારા અંતિમ હેવાલના અગત્યના ભાગોનો અભ્યાસ કર્યા પછી મને લંડન ખાતે પાંચસો જાસૂસોની બોલાવવામાં આવેલી કોન્ફરન્સમાં હાજરી આપવા સૂચના આપી. આ કોન્ફરન્સ વઝારતે ખારેજા (વિદેશ ખાતા)ના પ્રધાનના પ્રમુખપદે મળી રહી હતી.** નવ આબાદી વઝારતના ઉચ્ચ હોદ્દેદારો પણ તેમાં ભાગ લઈ રહ્યા હતા. મારા બધા સાથીઓએ પોત પોતાના હેવાલોના જરૂરી ભાગો વાંચી સંભળાવ્યા. નવ આબાદી ઈલાકાઓની વઝારતના સેક્રેટરી તથા અન્ય હાજરીનોએ મારો રિપોર્ટ ઘણો વખાણ્યો છતાં પણ મારો ક્રમ ત્રીજો હતો. બીજા અન્ય બે જાસૂસોએ મારાથી ઉત્તમ કાર્યવાહીનો દેખાવ કર્યો હતો. જેમાં પ્રથમ નંબર જી. બેલ્કોડ (G. Belcoud) અને બીજો હેન્રી ફ્રેન્સ (Henry Fanse)નો હતો.

અત્રે એ યાદ અપાવવું જરૂરી છે કે, મેં તુર્કી, અરબી, કુર્આનની કિર્અતના કાનૂન અને ઈસ્લામી શરીઅતમાં બધાથી ઉત્તમ કાબૂ પ્રાપ્ત કર્યો હતો. ઉષ્માની સલ્તનતની પડતીના ક્રમમાં મારો રિપોર્ટ

વધુ સફળ ન હતો. જ્યારે સેક્રેટરીએ કોન્ફરન્સની પૂર્ણાહૂતિ પ્રસંગે મારી અશક્તિનું વર્ણન કર્યું ત્યારે મેં કહ્યું :–

''આ બે વર્ષમાં મારા માટે બે ભાષાઓ શીખવી જેમાં કુર્આનની તફસીર, ઈસ્લામી શરીઅતનો પરિચય વધુ અગત્યતા પર અવલંબિત હતો તેથી અન્ય કાર્યો પર ધ્યાન આપવા મારી પાસે વધુ સમય ન હતો. જો તમે વિ□ાસ કરો તો આ કસર હું આગામી પ્રવાસમાં પૂરી કરી આપીશ.''

સેક્રેટરીએ કહ્યું, એમાં તો શંકા જ નથી ! તમે તમારા કામમાં સફળ રહ્યા છો પરંતુ અમે ઈચ્છીએ છીએ કે, તમે આ કામમાં અન્યો પર સરસાઈ લઈ જાવ ! તેણે એમ પણ કહ્યું કે, હવેથી તમારે બે વાતો પર ખ્યાલ રાખવો જોઈશે :–

૧. મુસલમાનોની તે કમજોરીઓ તરફ નિશાન તાકો જે આપણ તેમના સુધી પહોંચવામાં અને તેમના જુદા જુદા ગૃપો વચ્ચે ફૂટ પડાવવામાં સફળતા પૂરી પાડે. કેમ કે દુશ્મન પર આપણી સફળતાનો ભેદ તે સમસ્યાઓની ઓળખ પર નિર્ધારિત છે.

૨. તેમની કમજોરીઓ જાણી લીધા પછી તમારું બીજુ કામ તેમનામાં (મુસલમાનોમાં) ફૂટ પડાવવાનું છે. આ કામમાં સંપૂર્ણ શક્તિ ખર્ચીને તમારે સંતોષિત થઈ જવું જોઈએ કે તમારી ગણના પ્રથમ અંગ્રેજી જાસૂસોની હરોળમાં થવા લાગે અને તમે ઈજ્જતમંદ નિશાનના હક્કદાર થઈ ગયા હોઉ.

છ મહિનાના લંડનના નિવાસ દરમિયાન મેં મારા કાકાની દિકરી ''મીરીશવી'' સાથે લગ્ન કરી લીધું જે મારાથી એક વર્ષ મોટી હતી. આ સમયે હું ૨૨ અને તેણી (મીરીશવી) ૨૩ વર્ષની વયના હતા. મીરી એક મધ્યમ દરજ્જાની ઝહીન છોકરી હતી છતાં



ખૂબ જ આકર્ષક ખોળિયુ ધરાવતી હતી. મારી પત્ની સાથે મારું વર્તન વજનદાર હતું અને મેં મારા જીવનના બેહતર દિવસો તેની સાથે ગાળ્યા. શાદીના પ્રથમ વર્ષથી મારી પત્ની સગર્ભા હતી અને હું નવા મહેમાનનો બેચેનીથી ઈન્તેઝાર કરતો હતો છતાં આ પ્રસંગે મને વઝારત તરફથી તત્કાળ આજ્ઞા થઈ કે, હું સમય બગાડયા વગર તુર્તજ ઈરાક પહોંચુ જે વર્ષોથી ઉષ્માની ખિલાફતે પ્રાપ્ત કરેલ હતો. અમે પતિ પત્ની જે અમારા પ્રથમ બાળકના ઈન્તેઝારમાં હતાં આ હુકમનામાથી ઘણો રંજ અનુભવ્યો છતાં મુલ્કો મિલ્લતના પ્રેમ પર ભવ્યતા પ્રાપ્તિ અને સાથીઓના સંબંધો કૌટુંબિક સુખ સગવડોનો જઝબો, તેમજ બાળકની મહોબ્બત બધું જ ન્યોછાવર કરી મેં કશી પણ ચિંતા કર્યા વગર આ નવી નિમર્ણૂંકનો સ્વીકાર કરી લીધો. જો કે મારી પત્ની વારંવાર એ વાત પર જો કરતી રહેતી કે હું મારી રવાનગી બાળક અવતરતાં સુધી મોકુફ કરાવું. જ્યારે હું રૂખસદ થઈ રહ્યો હતો ત્યારે અમે બંને ફૂટી ફૂટીને રડી રહ્યાં હતાં. તેણીની પણ મારાથી વધુ રોક્કળ ચાલુ હતી અને કહી રહી હતી કે મને ભૂલશો નહીં, પત્ર અવશ્ય લખતા રહેશો. હું પણ તમને મારા બાળકના ભવિષ્યના બારામાં લખતી રહીશ. આ વાતોએ મારું અંતર પીગળાવ્યું અને હું મારી સફર થોડાક વધુ સમય સુધી મોકુફ કરું એ મંઝિલે હું પહોંચ્યો. પરંતુ મેં મારા પર કાબૂ મેળવ્યો અને મારી પત્નીથી રૂખસદ થઈ નવી આજ્ઞાઓ મેળવવા વઝારતખાને રવાના થઈ ગયો.

## જાસૂસ હમ્ફ્રેનું ઈરાકમાં આગમન

છ મહિના સુધીનો લાંબો ગાળો સાગરોનો પ્રવાસ ખેડયા પછી હું બસરા પહોંચ્યો. બસરામાં વધુ પડતો વસવાટ કરનાર ઘણા

કબીલાઓ તેની આજુબાજુના વિસ્તારોના હતા. જેમાં ઈરાની અને આરબ કૌમના બે શક્તિશાળીઓ શીઆ અને સુન્ની એક સાથે જીવન ગાળતા હતા. બસરામાં ઈસાઈઓની સંખ્યા ઘણી અલ્પ હતી. મારા જીવનનો આ પ્રથમ પ્રસંગ હતો કે હું શીઆઓ અને ઈરાનીઓથી મળી રહ્યો છું. અહીં એ વાત અસ્થાને નહીં ગણાય કે હું સુન્નીઓ તથા શીઆઓના અકાઈદોની બાબતમાં કંઈક થોડું કહેતો ચાલું.

શીઆ હઝરત મુહમ્મદ ﷺના દામાદ (જમાઈ) અને કાકાના દિકરા અલી ઈબ્ને તાલિબ رضی اللہ عنہના ચાહક છે અને તેમને હઝરત મુહમ્મદ ﷺના સાચા જાનશીન સમજે છે. તેમનું ઈમાન છે કે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ એ સહીહ નસ્સ (સ્પષ્ટ ચકાસણી) દ્વારા હઝરત અલીને પોતાના જાનશીન ચૂંટયા હતા અને આપના અગ્યાર (૧૧) ફરઝંદો વારા ફરતી ઈમામ અને રસૂલે ખુદાના સાચા જાનશીન છે.

મારી સાચી સમજ મુજબ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم અને તેમના બે દીકરા ઈમામ હસન رضی اللہ عنہ, હુસૈન رضی اللہ عنہની, ખિલાફતના બારામાં શીઆ હઝરાત સંપૂર્ણ સાચા છે. કેમ કે મારા અભ્યાસના પાયા પર થોડી ગવાહી અને સનદો મારા આ દાવા પર દલીલ કરે છે કે, એમાં કોઈ શક નથી કે, હઝરત અલી જ તે હસ્તી હતા કે, જે ઉચ્ચતર ગુણો ધરાવનાર હતા તેમજ વાસ્તવમાં ફૌજ તથા ઈસ્લામી હુકૂમતના અગ્રિમપદને યોગ્ય હતા. ઈમામ હસન તથા ઈમામ હુસૈનની ઈમામતના બારામાં હઝરત મુહમ્મદ ﷺની ઘણી હદીષો મૌજૂદ છે. અહલે સુન્નતને પણ તેનો ઈન્કાર નથી અને બંને પક્ષો (શીઆ, સુન્ની) તેના પર સહમત છે★.

★હઝરત અલી જનાબે હસનયન (હઝરત ઈમામ હસન, હુસૈન) અને અન્ય ઈમામોના બારામાં ઘણી હદીષો નકલ થઈ છે. જુઓ કિતાબ તૌહીદ અઝ શયખ સદુક.



હા, મને બાકી નવ વ્યક્તિઓની જાનશીની સંબંધમાં શંકા છે. જે હુસૈન ઈબ્ને અલી (کرم اللہ تعالیٰ وجہہ الکریم) ઔલાદ છે. અને શીઆ હઝરાત તેમને ઈમામે બરહક્ક માને છે[1].

એ ક્યારેય શક્ય છે કે, પૈગંબર તે વ્યક્તિઓની ખબર આપે જે હજીયે જન્મી નથી ? જો મુહમ્મદ ﷺ અલ્લાહના બરહક્ક પૈગંબર હોય તો ગયબની ખબર આપી શકે છે. જેવી કે, હઝરત ઈસા علیہ السلامએ ભવિષ્યની ખબરો આપી હતી. છતાં હઝરત મુહમ્મદ ﷺની નબુવ્વત ઈસાઈઓના નઝદીક સિદ્ધ થયેલ નથી[2].

મુસલમાનોનું કહેવું છે કે, કુર્આન પૈગંબરની નબુવ્વત પર ભરપુર દલીલ છે. છતાં મેં જેટલું પણ કુર્આન પઢયું છે મને એવી કોઈ દલીલ મળી નથી[3].

(૧) આ અંગ્રેજ જાસૂસની શંકા પાયા વગરની છે એટલા માટે કે, ઈમામ હુસૈનની ઈમામત અને હઝરત હુજ્જતની ગીબતના બારામાં ઘણી હદીષો મૌજૂદ છે. જુઓ કિતાબ : તૌહીદ શયખ સદુક, મુન્તહીયુલ અમાલ, અઝ : શયખ અબ્બાસ કુમ્મી વિગેરે. (૨) એક અંગ્રેજ જાસૂસથી આ પ્રકારનું દષ્ટિ બિંદુ આશા વિરૂધ્ધ નથી જ્યારે કે તે મુસલમાનોની સરકોબી (તબાહી) માટે જ મોકલવામાં આવ્યો છે. (3) એ કેમ થઈ શકે કે એક કુર્આન પઢનારની નજર તે આયત પર ન ગઈ હોય, જેમાં હઝરત ઈસા બની ઈસ્રાઈલને ખત્મી મર્તબત (આખરી નબી)ના મોકલવાની ખબર આપે છે. وَمُبَشِّرًا بِرَسُوْلٍ يَّاْتِىْ مِنْ بَعْدِى اسْمُهٗ اَحْمَدُ (સૂરએ સફ, આ. ૬) આ ઉપરાંત જનાબ રિસાલત મઆબની રિસાલત પર ચોખ્ખી ચાર આયતો મૌજૂદ છે : (૧) وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ (સૂરએ આલે ઈમ્રાન, આ. ૧૪૪) (૨) مَا كَانَ مُحَمَّدٌ اَبَآ اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ (સૂરએ અહઝાબ, આ. ૪૦) (3) وَاٰمَنُوْا بِمَا نُزِّلَ عَلٰى مُحَمَّدٍ وَّهُوَ الْحَقُّ مِنْ رَّبِّهِمْ (સૂરએ મુહમ્મદ, આ. ૨) (૪) مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ وَالَّذِيْنَ مَعَهٗ اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ (સૂરએ ફતહ, આ. ૨૯)

એમાં કશી શંકા નથી કે કુર્આન એક મહાન પાયા કિતાબ છે અને તૌરાત, ઈન્જીલ કરતાં તેનું સ્થાન બુલંદ છે. પૂરાણી દાસ્તાનો, અદબની આજ્ઞાઓ, શિક્ષણ તેમજ અન્ય વાતોએ આ કિતાબને (કુર્આનને) વધુ અધિકૃત અને બુઝુર્ગ બનાવી દીધી છે. પરંતુ શું આ ખાસ વિશિષ્ટતા મુહમ્મદ صلى الله عليه وسلمની સચ્ચાઈ માટેની દલીલ બની શકે છે ? હું હેરાન છું કે એક રણવાસી જેને લખતાં, વાંચતાં પણ આવડતુ ન હતું તે કઈ રીતે એક ઉચ્ચતમ કિતાબ માનવતાના હવાલે કરી શકે છે !! આ કામ તો કોઈ ભણેલો, ગણેલો અને શક્તિશાળી આદમી પણ સંપૂર્ણ હોશમંદી સહિત પણ અંજામ આપી શકે નહીં. તો પછી શિક્ષણ વગર એક રણવાસી અરબ આવી કિતાબ કઈરીતે લખી શકે છે ? અને જેવું કે હું આગળ ઉપર અર્ઝ કરી ચૂક્યો છું કે શું આ કિતાબ (કુર્આન) પૈગંબરની નબુવ્વત પર દલીલ થઈ શકે છે ?

આ સંબંધમાં સત્ય પ્રાપ્તિ માટે મેં ઘણો અભ્યાસ કર્યો છે. લંડનમાં જ્યારે મેં એક પાદરી સમક્ષ આ વિષય ઉપસ્થિત કર્યો ત્યારે તે પણ કોઈ સંતોષકારક જવાબ આપી ન શક્યો. તુર્કીમાં મેં ઘણા વખત શૈખ અહમદ સાથે આ વિષય પર વાર્તાલાપ કર્યો પરંતુ ત્યાં પણ મેં સંતોષ ન અનુભવ્યો. અહીં એ વાત કરવી જરૂરી છે કે લંડનના પાદરીના મુકાબલે શૈખ અહમદથી હું વિગતે ચર્ચા કરી શક્તો ન હતો કારણે કે મને મારી પોલ ઉઘડી જવાની ભીતી રહેતી હતી. તદ્ઉપરાંત ઈસ્લામના પૈગંબરના બારામાં તેને (શૈખ અહમદે) મારી નિય્યત પર શંકા ગુજરે. મતલબ કે, હઝરત મુહમ્મદ صلى الله عليه وسلمની કદર, બુઝુર્ગીની મહાનતા, પાકીઝગીનો મને સ્વીકાર છે. નિઃશંક ! આપની (પૈગંબરે ઈસ્લામની) ગણના તે ફઝીલતપૂર્ણ વ્યક્તિઓમાં થાય છે કે જેમની કોશિશો ઈન્સાની



તર્બિયત માટે ઈન્કારને પાત્ર નથી અને ઈતિહાસ પણ એ વાત પર ગવાહ છે. તો પણ મને તેમની રિસાલત પર શક છે. છતાં જો તેમને પૈગંબર માનવામાં ન પણ આવે તો પણ તેમની બુઝુર્ગી તે વ્યક્તિઓથી વધીને છે જેમને અમે મહાનતર સમજીએ છીએ, મુહમ્મદ صلى الله عليه وسلم ઈતિહાસની અધિક હોશમંદ વ્યક્તિઓથી વધુ હોશમંદ હતા.

અહલે સુન્નત કહે છે કે : હઝરાત અબૂબક્ર, ઉમર તથા ઉષ્માન એ સહીહ ઠરેલ મંતવ્યોના પાયા પર હઝરત અલીથી ખિલાફતના વધુ હક્કદાર હતા. એ રીતે તેમણે ખલીફાઓની પસંદગીમાં પૈગંબરના કૌલ (કથન)ને ભૂલી જઈ પ્રત્યક્ષ પગલુ ભર્યું. એવી જ રીતના મત મતાંતરો મોટા ભાગના ધર્મોમાં ખાસ કરી ઈસાઈયતમાં જોવામાં આવે છે. છતાં, શીઆ, સુન્નીના મતભેદોનું સમજી ન શકાય તેવું પાસુ તે તેનું કાયમ રહેવું તથા સતત ચાલુ રહેવું છે જે હઝરત ઉમર અને હઝરત અલીને ગુજરી જવાની સદીઓ પછી પણ તે જ જોરશોરથી બાકી છે.

જો મુસલમાનો વાસ્તવમાં બુદ્ધિથી કામ લેતા તો વિતેલા ઈતિહાસ અને ભૂલાએલા યુગના સ્થાને આજના બારામાં વિચાર કરત. એક વખત મેં શીઆ–સુન્ની મતભેદોના વિષયને મારી નવ આબાદી ઈલાકાઓની વઝારત સમક્ષ રજૂ કર્યા અને તેમને કહ્યું, જો મુસલમાનો જીવનના સાચા વિચારો સમજતા તો આ મતભેદો છોડી દેતા અને એક્ય તથા સંગઠનની જ વાતો કરત. આ સાંભળતાં જ અચાનક સભાના પ્રમુખે મારી વાત કાપતાં કહ્યું, **તમારું કામ તો મુસલમાનો વચ્ચે આગ ભડકાવાનું છે, ન એ કે તમે તેમને એક્ય કે સંગઠન અને એકરૂખીનું આમંત્રણ આપો.**

## હમ્ફ્રેને થયેલ સૂચન : મુસ્લિમોમાં વિખવાદ ફેલાવો !

ઈરાક જતાં પહેલાં એક બેઠકમાં સેક્રટરીએ મને કહ્યું, "હમ્ફ્રે ! તમે જાણો છો કે જંગ અને ઝઘડા માણસ માટે એક કુદરતી કાર્ય છે અને જ્યારે ખુદાએ આદમને પેદા કર્યા અને તેમની પીઠથી હાબિલ કાબિલ જન્મ્યા. (ત્યારથી જ) મતભેદે માથું ઉંચક્યું અને હવે હઝરત ઈસાના પરત આવતા સુધી આ રીતે જારી રહેવું અમારા ઈન્સાની મતભેદોને પાંચ વાતો પર વહેંચી દીધા : (૧) પેઢીના મતભેદો (૨) કૌટુંબિક (૩) જમીન (૪) કૌમી (૫) મઝહબી. આ સફરમાં તમારી મુખ્ય ફરજ અગત્યનું કાર્ય મુસલમાનોના મત મતાંતરોનાં જુદા જુદા પાસાંઓ સમજી અને તેને ઉત્તેજવાના માર્ગો શીખવાની છે. આ ક્રમમાં તમને જેટલી માહિતી પ્રાપ્ત થાય તેની જાણ લંડનના હાકેમો સુધી પહોંચાડવાની હશે. **જો તમે ઈસ્લામી દેશોના થોડાક ભાગોમાં શીઆ–સુન્ની ફસાદ ફેલાવો તો તમે બ્રિટીશ હુકૂમતની મહાન સેવા બજાવી ગણાશે.**

જ્યાં સુધી આપણે આપણા નવ આબાદી ઈલાકાઓમાં કુસંપ, તફ્કા, ચળવળો અને મત મતાંતરોને હવા નહીં આપીએ ત્યાં સુધી શાંતિ અને સુખી નહીં રહી શકીએ. **આપણે ત્યાં સુધી ઉષ્માની સલ્તનતને હરાવી શક્તા નથી જ્યાં સુધી તેની સત્તા હેઠળના શહેર શહેર અને ગલીએ, ગલીએ ફસાદ ન ફેલાવીએ. આટલા મોટા વિસ્તાર પર અંગ્રેજોની મામુલી કૌમ આવા હથકંડા સિવાય અન્ય કઈ રીતે છવાઈ જાય.** તો હે હમ્ફ્રે ! તમારે જોઈએ કે તમે પહેલાં તમારી સંપૂર્ણ



શક્તિ ખર્ચીને હંગામા, શોરબકોર, ફૂટ, મત મતાંતરનો કોઈ માર્ગ કાઢો અને પછી ત્યાં તમારું કાર્ય આરંભો. તમારે જાણવું જોઈએ કે હાલ ઈરાની અને ઉષ્માની હુકૂમતો કમજોર થઈ ચૂકી છે. તમારી ફર્ઝ છે કે તમે લોકોને હાકેમો વિરૂધ્ધ ભડકાઓ, ઐતિહાસિક હકીકતોના પાયા પર ઈન્કિલાબો, પરિવર્તનો હમેશાં હાકિમોની વિરુધ્ધની ચળવળથી અસ્તિત્વમાં આવ્યાં છે. **જ્યારે કોઈ ઈલાકામાં અવામમાં ફુટ અને ગભરાટ ફેલાઈ જાય ત્યારે જ ધારેલા માર્ગે જવાની સરળતા બરાબર થઈ શકે છે.**

## ૦૪ જાસૂસ હમ્ફ્રેનું બસરામાં આગમન !

બસરા પહોંચી હું એક મસ્જિદમાં દાખલ થયો. મસ્જિદના પેશઈમામ અહલે સુન્નતના વિખ્યાત આલિમ શૈખ ઉમર તાઈ હતા. તેમને જોઈ મેં ઘણી જ અદબથી સલામ કરી. છતાં શૈખ પ્રારંભિક ઘડીથી જ મારા પર શંકાશીલ થયો અને મારા કુટુંબ પેઢી અને વિતેલ જીવન પર મને પ્રશ્નો કરવા લાગ્યો. મારો ખ્યાલ છે કે મારા ચહેરા, લહેજાએ તેને શંકામાં નાંખી દીધો. છતાં મેં મહા તરકીબે પોતાને તેની પકડથી બચાવી લીધો. અને શૈખના જવાબમાં મેં કહ્યું, હું તુર્કીના આગદીરનો રહેવાસી છું અને મને ઈસ્તંબુલના શયખ અહમદનું શિષ્યપદ પ્રાપ્ય છે. ત્યાં મેં ખાલિદ સુથાર પાસે પણ કામ કર્યું છે. ટૂંકમાં તુર્કીમાં હું જે કાંઈ શીખ્યો હતો તે બધું તેને જણાવી દીધું. મેં જોયું કે શૈખ હાજરીનોમાંથી કોઈને આંખનો ઈશારો કરી રહ્યો છે. મને લાગ્યું કે તે જાણવા ઈચ્છતો હતો કે મને તુર્કી (ભાષા) આવડે છે કે નહીં. પેલા શખ્સે આંખથી જવાબ વાળી દિલમાં ઘણો ખુશ થયો કે શયખે દિલ જીતી લીધું. થોડીકવાર પછી મને મારી ભૂલ જણાઈ અને મને લાગ્યું કે શૈખની શંકા હજી તેના સ્થાન પર બાકી છે અને તે મને

ઉષ્માનીઓનો જાસૂસ સમજે છે. શૈખ બસરાના ગર્વનરનો સખત વિરોધી છે, એ વાત પ્રચલિત હતી. જેને ઉષ્માનીઓએ નિયુક્ત કર્યો હતો.

બહરહાલ મારી પાસે એ સિવાય કોઈ ચારો ન હતો કે હું શૈખ ઉમરની મસ્જિદના વિસ્તારના કોઈ ગરીબ નવાઝ મુસાફર ખાનામાં નિવાસ કરી લઉં. ત્યાં મેં એક કમરો ભાડે લીધો. મુસાફરખાનાનો માલિક એક મૂર્ખ આદમી હતો જે દરેક સવારે મુસાફિરોને પરેશાન કરતો રહેતો હતો. અઝાન પછી અંધારામાં મારો દરવાજો જોરજોરથી ઠોકઠાક કરી અને મને નમાઝ માટે જગાડતો હતો અને પછી સૂર્યોદય સુધી કુર્આન પઢવા પર મજબૂર કરતો હતો. જ્યારે હું તેને કુર્આન પઢવુ વાજિબ નથી પછી શા માટે તમે એ માટે આટલા આગ્રહી છો ? એમ કહેતો તો તે કહેતો કે સૂર્યોદય પહેલાંની ઉંઘ ભૂખમરો અને બદ્‌બખ્તી લાવે છે, તેથી મુસાફરખાનાના બધા મુસાફિરો બદ્‌બખ્તીનો શિકાર થઈ જશે. મારે તેની વાત સ્વીકારવી પડી, કેમ કે તે મને ત્યાંથી નીકળી જવાની ધમકી આપતો હતો. હું દરરોજ સવારની નમાઝ માટે ઉઠતો હતો અને એ પછી એક કલાક તેથી વધુ સમય કુર્આનની તિલાવત કરતો હતો.

મારી મુશ્કેલીઓનો અહીં અંત આવતો ન હતો. એક દિવસ મુસાફરખાનાના માલિક મુર્શિદ આફંદી આવ્યા અને મને કહ્યું, જ્યારથી તમે આ મુસાફિરખાનામાં નિવાસ કર્યો છે ત્યારથી મુસીબતોએ મારું ઘર ઘેરી લીધું છે એનું કારણ તમે તથા તમારી લાવેલી નહૂસત છે. એટલા માટે કે તમે હજી શાદી નથી કરી અને કોઈને તમારું જીવન સાથી નથી બનાવ્યું તેથી તમારે શાદી કરવી પડશે નહીં તો અહીંથી જવું પડશે. મેં કહ્યું, આફંદી ! હું શાદી માટે પુંજી ક્યાંથી લાવું ? આ પ્રસંગે મેં મને પોતાને શાદી માટે અયોગ્ય



જણાવવા પ્રતિ ચશ્મપોશી કરી, કેમ કે હું જાણતો હતો કે મુર્શિદ આફંદી ટોક્યા વગર મારી વાત પર વિ□ાસ કરનાર માનવી નથી. મુર્શિદ આફંદીને જવાબ આપ્યો, ''હે બેકાર, કમજોર, એ'તેકાદવાળા મુસલમાન ! શું તું કુર્આનનો અભ્યાસ નથી કરતો ? તેમાં ફર્માવવામાં આવ્યું છે, ''તે લોકો જે તંગદસ્તીમાં સપડાયેલા હશે, ખુદાવંદે આલમ પોતાની મહાનતાથી માલમાલ કરી દેશે.'' હું આ નાસમજ ઈન્સાનથી કઈ રીતે પીછો છોડાવવો તેની ભાંજગડમાં હેરાન હતો. અંતે મેં તેને કહ્યું, આપ ઠીક કહો છો છતાં હું રકમ વગર શાદી કઈ રીતે કરું ?! શું તમે જરૂરી ખર્ચ માટે થોડીક રકમ કરજે આપી શકો છો ? ઈસ્લામમાં મહેર અદા કર્યા સિવાય કોઈ સ્ત્રી નિકાહમાં આવી શક્તી નથી. આફંદી થોડીકવાર વિચારમાં પડી ગયો અને પછી કર્ઝે હસનાની વાત કરવા અચાનક તેણે માથું ઉંચું કર્યુ અને ઊંચા અવાજે ચીખીને બોલ્યો ! હું કાંઈ ન જાણું તમારે શાદી કરવી જોઈશે અગર રજબની પહેલી તારીખ સુધીમાં રૂમ ખાલી કરવો પડશે. આ દિવસે જમાદીઉલ આખર મહીનાની પાંચમી તારીખ હતી. મારી પાસે પચ્ચીસ દિવસ હતા. ઈસ્લામી મહીનાઓના બારામાં પણ અહીં કાંઈક ચર્ચા કરવી અયોગ્ય ન હશે.

(૧) મોહર્રમ (૨) સફર (૩) રબીઉલ અવ્વલ (૪) રબીઉસ્સાની (૫) જમાદીઉલ અવ્વલ (૬) જમાદીઉસ્સાની (૭) રજબ (૮) શાબાન (૯) રમઝાન (૧૦) શવ્વાલ (૧૧) ઝુલકાઅદા (૧૨) ઝુલહજ્જા. દરેક મહીનો ચાંદના આરંભથી શરૂ થાય છે અને ૩૦ દિવસથી ઉપર નથી જતો, છતાં ક્યારેક ચાંદ ૨૯નો પણ થાય છે. ટૂંકમાં મુસાફિરખાનાના માલિકની સખ્તાઈના કારણે મારે તે જગા છોડવી પડી. મેં અહીં એક તુર્કીની દુકાન પર

એ શર્તે નોકરી મેળવી કે તે મને રહેવા ખાવાની સગવડ આપે અને તેના બદલામાં મજૂરી ઓછી આપે. હું રજબની પહેલી તારીખથી જ નવી જગાએ ગયો અને તરખાનનું નામ અબ્દુર્રઝા હતું. તે ઘણો શરીફ અને પવિત્ર શખ્સ હતો. મને તે દીકરા જેવા વર્તનથી રાખતો.

અબ્દુર્રઝા ઈરાની મૂળમાં શીઆ હતો અને ખુરાસાનનો રહીશ હતો. મેં મોકાનો લાભ લઈ તેનાથી ફારસી શીખવાનુ શરૂ કર્યું. બપોરના સમયે તેની પાસે બસરામાં રહેતા ઈરાનીઓ એકત્રિત થતા હતા જે બધા જ શીઆઓ હતા, ત્યાં બેસીને તેઓ અહીં તહીંની ચર્ચાઓ કરતા. ક્યારેક રાજકરણ, ક્યારેક આજીવિકાના વિષયોની વાતો થતી રહેતી, ક્યારેક ઉષ્માની હુકૂમતને બુરી ભલી કહેતા. ખાસ કરીને વર્તમાન સલ્તનત તથા તેમાં નિયુક્ત થનાર મુસ્લિમોના ખલીફા તેમની ટીકાઓનો નિશાન રહેતા. પરંતુ જ્યારે પણ કોઈ અજાણ્યો ગ્રાહક દુકાનમાં આવતો, ત્યારે તે બધા ખામોશ થઈ જતા અને વ્યક્તિગત દિલચસ્પી અંગે બિનજરૂરી વાતો થવા લાગતી. મને ખબર નથી કે હું કેમ તેમના માટે વિ□ાસપાત્ર ઠર્યો અને મારી સામે દરેક પ્રકારની વાતચીતને તેઓ કેમ યોગ્ય સમજતા હતા ?!

આ વાત મને પાછળથી જાણવા મળી કે તેમણે મને આઝર બેન્જોઈનનો રહેવાસી વિચાર્યો હતો, કેમ કે હું તુર્કીમાં વાતચીત કરતો હતો અને આઝર બેન્જોઈયો માફક મારો ચેહરો લાલ અને ધોળો હતો.

જે દિવસોમાં હું તરખાનનું કામ કરતો હતો ત્યાં મને એક એવા શખ્સની મુલાકાત થઈ કે, તે ત્યાં આવતો જતો રહેતો હતો. તે તુર્કી, ફારસી, અરબી ભાષાઓમાં વાતચીત કરતો હતો. તે એક



ઊંચે ઉડનાર, માન ભૂખ્યો અને ગુસ્સાવાળો માનવી હતો. તેને ઉષ્માની હુકૂમતથી સખત નફરત હતી અને તે હંમેશ તેની બુરાઈ કરતો હતો. છતાં ઈરાની હુકૂમતથી તેને કોઈ લેવા દેવા ન હતી. તરખાન અબ્દુર્રઝા સાથેની તેની દોસ્તી એ કારણે હતી કે, તે બંને ઉષ્માની હુકૂમતના ખલીફાને પોતાનો ઘણો સખત દુશ્મન સમજતા હતા છતાં મારી જાણમાં એ વાત ન આવી શકી કે તેણે અબ્દુર્રઝા તરખાનથી કઈ રીતે મૈત્રી વધારી હતી જ્યારે કે આ સુન્ની અને પેલો શીઆ હતો. હું એ પણ જાણતો ન હતો કે તેણે ફારસી ક્યાંથી શીખી હતી ? અલ્બત્ત, બસરામાં શીઆ–સુન્ની મુસલમાનો એક સાથે જીવન વિતાવતા હતા અને ત્યાં ફારસી, અરબી ભાષાઓ બોલાતી હતી છતાં તુર્કી સમજનારાઓની સંખ્યા ત્યાં ઓછી ન હતી.

## હમ્ફ્રેની મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહહાબ નજ્દીથી મુલાકાત !

મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ એક આઝાદ ખયાલોનો આદમી હતો. તેનું માનસ શીઆ, સુન્ની અદેખાઈથી સંપૂર્ણ પવિત્ર હતું. જો કે ત્યાંના ઘણા સુન્નીઓ શીઆઓની વિરૂધ્ધ હતા. અમુક સુન્ની મુફતીઓ શીઆઓને કાફિર કહેતા હતા. શૈખ મુહમ્મદ (મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ)ના નઝદીક હનફી, શાફઈ, હંબલી, માલિકી વિચાર શ્રેણીઓમાંની કોઈપણ વિચાર શ્રેણીની કોઈ ખાસ અગત્યતા ન હતી. તે કહેતો હતો કે, "અલ્લાહે કુર્આનમાં જે કાંઈ કહી દીધું તે જ અમારા માટે સંપૂર્ણ છે."

આ ચારે વિચાર શ્રેણીઓની દાસ્તાન પણ કંઈક આ રીતે છે કે, હઝરત પૈગંબરે અકરમ ﷺની વફાતના સો વર્ષ પછી ઈસ્લામી જગતમાં ઉચ્ચ ઉલમાનું અસ્તિત્વ અમલમાં આવ્યું

જેમાંની ચાર વ્યક્તિઓ અબૂ હનીફા, અહમદ બિન હંબલ, માલિક બિન અનસ અને મુહમ્મદ બિન ઈદરીસ શાફઈ અહલે સુન્નતના પેશ્વાના મુકામ સુધી પહોંચ્યા. અબ્બાસી ખલીફાઓનો જમાનો હતો અને તે અબ્બાસી ખલીફાઓએ મુસલમાનો પર દબાણ લાવીને રાખ્યું હતું. તેઓ મજકુર ચાર વ્યક્તિઓ સિવાય કોઈની તકલીદ (અનુકરણ) ન કરે, ચાહે કુર્આન તથા સુન્નતમાં કોઈ તેમનાથી ચઢિયાતો કેમ ન હોય. અબ્બાસી ખલીફાઓએ તેમના સિવાય અન્ય કોઈ ઈલ્મના સાગરસમા ઉચ્ચ આલિમને તેમની સરખામણીમાં ઉઠવા ન દીધો. આ રીતે વાસ્તવમાં તેમણે ઈલ્મના દ્વાર બંધ કરી દીધાં અને આ વાત અહલે સુન્નતના ચિંતનની સુસ્તીનું કારણ બની★.

આથી ઉલ્ટું શીઆ હઝરાતે અહલે સુન્નતની આ પાબંદી એક જમાવટી કૈફિયતનો લાભ લઈ, પોતાના અકાઈદો, દષ્ટિકોણોને વિશાળ ધોરણે ફેલાવવાનો આરંભ કર્યો અને બીજી સદી હિજરીના આરંભમાં શીઆઓની આબાદી સુન્નીઓના મુકાબલે દસ ટકા હોવા છતાં તેમની સખ્યામાં ક્રમબદ્ધ વધારો થવા માંડયો અને તેઓ અહલે સુન્નતના સમાન થઈ ગયા અને આ એક કુદરતી કાર્ય હતું. કેમ કે શીઆ હઝરાત પાસે ઈજતેહાદનાં દ્વાર ઉઘાડાં હતાં અને આ વાત મુસલમાનોના ચિંતનની તાજગી ઈસ્લામી ફિકહની દોટ તથા નઈ રોશનીમાં કુર્આન તથા સુન્નતની સમજૂતીનું કારણ થઈ તથા તેણે ઈસ્લામને નવા યુગોના તકાદાઓથી જોતર્યા. ઈજતેહાદ તે મહા વસીલો હતો જેણે માનસિક જમાવટનો સામનો કર્યો અને તેની મારફત ઈસ્લામે ચળકાટ મેળવ્યો અને ફિક્રોમાં પરિવર્તન

★ આ ખયાલ અંગ્રેજ જાસૂસનો ગલત છે હકીકત જાણવા તકલીદ વિશે માહિતી મેળવી લેશો તો ખયાલ આવી જશે કે તકલીદ શું છે.



દેખાવા લાગ્યું.

ઈસ્લામને ચાર વિચાર શ્રેણીઓમાં કેદ કરવું, મુસલમાનો માટે શોધખોળના માર્ગો બંધ કરવા, નવી વાત સાંભળવાથી તેમને રોકવા અને સમયના વહેણથી અજ્ઞાત રાખવા એ અસલમાં તે છુપા હથિયારો હતાં જેમણે મુસલમાનોની દોટ રોકી દીધી, જાહેર છે કે જ્યારે દુશ્મનના હાથમાં નવા હથિયારો હોય અને તમે તમારા કટાએલ જૂના હથિયારોથી તેનો મુકાબલો કરશો તો યકીનન તમારે વહેલા મોડા પરાજય મેળવવો જ રહ્યો. ભવિષ્યથી કામ લઈને એ કહીશ કે અહલે સુન્નતની બુદ્ધિમાન વ્યક્તિઓ બહુ જલ્દી મુસલમાનો પર ઈજતેહાદનાં દ્વારો ઉઘાડી દેશે અને એ કાર્ય મારા અંદાજે આગલી સદી સુધી અમલી બનશે અને એ સો વર્ષ પછી મુસલમાનોમાં ઈજતેહાદના હામી શીઆઓની વધુમતી થશે અને સુન્નીઓ લઘુમતીમાં રહી જશે★.

હવે હું શૈખ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબના બારામાં અર્ઝ કરું કે આ શખ્સ કુર્આન હદીષનો સારો અભ્યાસી હતો અને પોતાના ચિંતનના અનુમોદનમાં ઈસ્લામના બુઝુર્ગોના કથનો વિચારોને પ્રમાણપત્ર તરીકે રજૂ કરતો હતો. છતાં ક્યારેક ક્યારેક તેના વિચારો વિખ્યાત ઉલ્માની વિરૂધ્ધ પણ રહેતાં હતાં. તે વાતે વાત પર કહેતો હતો, "પૈગંબરે ખુદા ﷺએ ફક્ત કિતાબ અને સુન્નતને અફર કાનૂન બનાવી અમારા માટે પેશ કર્યા અને ક્યારેક એ નથી કહ્યું કે સહાબાએ કિરામ તથા દીનના ઈમામોના ફર્માનો અટલ તથા વહીની મંઝિલસમાં છે તેથી તમારા પર ફક્ત કિતાબ તથા સુન્નતની પયરવી વાજિબ છે. ઉલમા, ચાર ઈમામો ઉપરાંત

★ તેમનો આ ખયાલ પણ ગલત પુરવાર થયો કે આજે પણ સુન્નીઓ જ બહુમતીમાં જગતભરમાં છે.

સહાબાઓના મંતવ્યો ચાહે કશું પણ કેમ ન હોય તેમની સંમતિ કે વિરોધ પર અમારા દીનને સરખુ કરવું જોઈએ નહીં.

એક દિવસ તેની (અબ્દુલ વહહાબની) ઈરાનથી આવેલ એક આલિમ સાથે ખાણાના દસ્તરખ્વાન પર ઝડપ થઈ ગઈ. તે આલિમનું નામ શૈખ જવ્વાદ કુમ્મી હતું અને તેને અબ્દુર્રઝા તરખાને પોતાની પાસે મહેમાન બોલાવ્યો હતો. શૈખ જવ્વાદ કુમ્મીને મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ સાથે પાયાના મતભેદો હતા અને તેમની વાતચીતે જલ્દી જ કડવાશનો રંગ ઈખ્તિયાર કર્યો. તેમની દરમિયાન થયેલ બધી વાતચીતો મને યાદ નથી. અલબત્ત, જે ભાગો મને યાદ છે તે અહીં રજૂ કરવા ચાહું છું :–

''શૈખ કુમ્મીએ આ વાક્યોથી પોતાની વાતચીતનો આરંભ કર્યો અને મુહમ્મદ બિન અબ્દુલ વહહાબને કહ્યું, જો કે તમે એક આઝાદ ખ્યાલ ઈન્સાન છો અને તમારા દાવા પ્રમાણે ઈસ્લામનો સંપૂર્ણ અભ્યાસ કરી ચૂક્યા છો, તો પછી કયા કારણે તમે હઝરત અલીને તે ફઝીલત નથી આપતા જે શીઆઓ આપે છે ?''

મુહમ્મદે જવાબ આપ્યો : ''એટલા માટે કે હઝરત ઉમર અને અન્ય વ્યક્તિઓની જેમ તેમની વાતો પણ મારા માટે હુજ્જત (દલીલ) નથી. હું ફક્ત કિતાબ તથા સુન્નતને માનું છું.''

કુમ્મી : જો તમે સુન્નતના આમિલ (અમલ કરનાર) છો તો શું પૈગંબર અકરમ صلى الله عليه وسلمએ એ નથી કહ્યું, હું ઈલ્મનું શહેર છું અને અલી તેના દરવાજા છે. (اَنَا مَدِيْنَةُ الْعِلْمِ وَعَلِىٌّ بَابُهَا) અને શું એ કહીને પૈગંબરે અલી તથા સહાબા દરમિયાન તફાવત કાયમ નથી કર્યો ?

મુહમ્મદ : જો એવું જ છે તો પછી પૈગંબરે એ કહેવું જોઈતું



હતું કે હું તમારા દરમિયાન બે ચીજો છોડી જાઉં છું. એક કિતાબ અને એક અલી ઈબ્ને તાલિબ.

કુમ્મી : બેશક ! આ વાત પણ પૈગંબરે પોતાના સ્થાન પર કહી છે કે મેં તમારા દરમ્યાન કિતાબ અને અહલે બયત છોડયા છે. બેશક ! અલી અહલે બયતના અગ્રગણ્ય વ્યક્તિઓમાંથી છે. (اِنِّىْ تَارِكٌ فِيْكُمُ الثَّقَلَيْنِ كِتَابَ اللّٰهِ وَعِتْرَتِىْ اَهْلَ بَيْتِىْ)

મુહમ્મદે આ હદીષને જૂઠલાવી છતાં શયખ કુમ્મીએ ઉસૂલે કાફીની સનદ (પ્રમાણપત્ર)ના પાયા પર પૈગંબરથી આ હદીષને સાબિત કરી તેથી મુહમ્મદને ખામોશ થવું પડયું. હવે તેની પાસે કોઈ જવાબ ન હતો. અચાનક તેણે શૈખ પર એઅ્તરાઝ થોપ્યો, પૈગંબરે અમારા માટે ફકત કિતાબ અને અહલે બયત બાકી રાખ્યા છે તો પછી સુન્નત ક્યાં ગઈ ?

કુમ્મીએ જવાબ આપ્યો : સુન્નત એ જ કિતાબની તફસીર તથા તશ્રીહ (ચોખવટ)નું નામ છે અને એના સિવાય કાંઈપણ નહીં. પૈગંબરે ખુદા صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે અલ્લાહની કિતાબ અને મારા અહલે બયત એટલે કે અલ્લાહની કિતાબ તેની સ્પષ્ટ તફસીર સહિત જે સુન્નતે નબવી કહેવામાં આવે છે અને એ પછીની સુન્નત માટે વારંવારની જરૂરત બાકી રહેતી નથી.

મુહમ્મદે કહ્યું : જો તમારા દાવા પ્રમાણે આલ ઔલાદ કે અહલે બયત જ અલ્લાહના કલામની તફસીર છે તો પછી હદીષના શબ્દોમાં તેનો વધારો થયો છે ? કુમ્મીએ જવાબ આપ્યો : જનાબ રિસાલત મઆબ صلى الله عليه وسلمની વફાત પછી ઉમ્મતે મુહમ્મદીને કુર્આન સમજવાની સખત જરૂરત હતી કેમ કે કૌમ પોતાના જીવન પર અલ્લાહના અહકામોની પોતાની બોલી લાદવા ચાહતી હતી, તેથી

પૈગંબરે અકરમ ﷺ પોતાના ઈલ્મે ગયબના પાયા પર અલ્લાહની કિતાબની મૂળ સાબિતિ અને આલ ઔલાદને મુફસ્સિર (તફસીરવેત્તા) તથા કિતાબની ચોખવટ કરનાર બનાવી કરામતના હવાલે કર્યા.

આશ્ચર્યની સાથો સાથ મને (હમ્ફ્રેને) તેમની વાતચીતમાં ઘણી મજા પડી રહી હતી. મેં જોયું કે, મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબ પેલા વયોવૃદ્ધ જવ્વાદ કુમ્મી આગળ એક એવી ચિડિયા સમાન ફફડતો હતો જેને પાંજરામાં પૂરી દેવામાં આવતાં તેના ઉડ્ડયનનો માર્ગ બંધ થઈ ગયો હોય.

## હમ્ફ્રેએ ઈબ્ને અબ્દુલવહહાબમાં અંગ્રેજો માટે ફાયદો જોયો !

**મુહમ્મદ બિન અબ્દુલ વહહાબથી મેળ મેળાપ અને મુલાકાતના એક ક્રમ પછી હું એ પરિણામ પર પહોંચ્યો કે બ્રિટિશ હુકૂમતના મકસદોને રચનાત્મક બનાવવા માટે આ શખ્સ (મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ) ઘણો મુનાસિબ દેખાય છે. તેના ઉંચા ઉડ્ડયનની ઈચ્છા, માન મોભાની આશા, ઘમંડ, ઈસ્લામી ઉલ્મા મશાયખથી તેની દુશ્મની એટલી હદે માથાભેર છે કે ખુલ્ફાએ રાશેદીન પણ તેની ટીકાઓના નિશાન બને અને સત્યથી વેગળી કુર્આન હદીષમાંના ફાયદાઓ મેળવવાની તેની અશક્તિઓનો સરળતાથી લાભ ઉઠાવી શકાશે.** મેં વિચાર્યું કે, ક્યાં આ ઘમંડી નવજવાન અને ક્યાં ઈસ્તંબુલનો પેલો તુર્ક આદમી (અહમદ આફંદી) જેના વિચારો અખ્લાક હજારો વર્ષ પહેલાંના માનવીની છબી ખેંચવા યોગ્ય છે. તેણે પોતાનામાં જરા



પણ પરિવર્તન પૈદા કર્યું ન હતું. હન્ફી મઝહબથી સંબંધિત તે વયોવૃદ્ધ શખ્સ અબૂ હનીફાનું જીભ પર નામ આવતાં જ ઉઠીને વુઝૂ કરતો હતો ! જેમ કે સહીહ બુખારીના અભ્યાસને પોતાનો ફર્ઝ સમજતો હતો જે અહલે સુન્નત નઝદીક હદીષોની ઘણી અધિકૃત અને વિ□ાસપાત્ર કિતાબ છે અને ત્યાં પણ તે વગર વુઝૂએ કિતાબને અડકતો ન હતો. આથી ઉલ્ટું શૈખ **મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ અબૂ હનીફાની હલકાઈ કરતો હતો અને તેમને અવિ□ાસુ સમજતો હતો. મુહમ્મદ કહેતો હતો, હું અબૂ હનીફાથી વધુ જાણકાર છું.** તેનો દાવો હતો કે અર્ધી સહીહ બુખારી બિલકુલ બેહુદા અને બોગસ વાતો વાળી છે. મતલબ કે મારે મુહમ્મદ સાથે ઘણો મોટો ઘરોબો થઈ ગયો હતો અને અમારી મૈત્રીમાં સદ્ધરતા જન્મી ગઈ. **હું વારંવાર તેના કાનોમાં રસ ઘોળતાં કહેતો કે, "તમને ખુદાએ હઝરત અલી અને હઝરત ઉમરથી કંઈક વધુ શક્તિશાળી બનાવ્યા છે અને મોટી ફઝીલત તથા બુઝુર્ગી બખ્શી છે. જો તમે રિસાલત મઆબના જમાનામાં હોત તો યકીનન તેમની જાનશીનીનો શર્ફ તમને જ મળત." હુ હંમેશ આશાસ્પદ શૈલીમાં તેને (મુહમ્મદ અબ્દુલ વહહાબ) કહેતો કે હું ચાહું છું કે ઈસ્લામમાં પરિવર્તનના માગદર્શક થવાનું છે તે તમારા જ મુબારક હાથોથી અંજામ અપાશે તેથી તમે જ તે વ્યક્તિ છો જે ઈસ્લામને પડતીથી બચાવી શકો છો અને આ સિલસિલામાં બધાની આશાઓ તમારાથી બંધાયેલી છે.**

મેં મુહમ્મદ સાથે નક્કી કર્યું કે આપણે બંને સાથે બેસીને મુફસ્સિરીન (તફસીરવેત્તા), દીનના પેશ્વાઓ, દીન, મઝહબ તથા

સહાબાએ કિરામથી હટીને નવા વિચારોના પાયા પર કુર્આન મજીદ પર ચર્ચા કરીએ. અમે કુર્આન પઢતા અને આયતના બારામાં વિચારો જાહેર કરતા. **મારી કાર્યપદ્ધતિ એ હતી કે હું તેને (મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ) કોઈ રીતે અંગ્રેજ નવઆબાદીયાની ઈલાકાઓની વઝારતના ફંદામાં ફસાવી દઉં.**

મેં ધીમે ધીમે તે ઉંચા ઉડ્ડયનવાળા સ્વાર્થી ઈન્સાનને મારી વાણીની લપેટમાં લેવાનો આરંભ કર્યો ત્યાં સુધી કે તેણે હકીકતથી કાંઈક વધુ આઝાદ ખ્યાલ બનવા કોશિશ કરી.

એક દિવસ મેં તેને પૂછયું : ''શું જેહાદ વાજિબ છે ?''

તેણે કહ્યું : ''કેમ નહીં ! ખુદાવંદે આલમે ફર્માવ્યું, ''કાફિરોથી જંગ કરો.''

મેં કહ્યું : ''ખુદાવંદે આલમ ફર્માવે છે, કાફિરો અને મુનાફિકો બંને સાથે જંગ કરો અને જો કાફિરો અને મુનાફિકોથી જંગ વાજિબ છે પછી પૈગંબર ﷺએ મુનાફિકોથી જંગ કેમ ન કરી ?''

મુહમ્મદે જવાબ આપ્યો : ''જેહાદ માત્ર જંગના મેદાનમાં જ નથી થતો. પૈગંબરે ખુદાએ પોતાના ચાલ ચલણથી મુનાફિકો સાથે જંગ કરી છે.''

મેં કહ્યું : ''તો પછી આ રીતે કુફ્ફારો સાથે પણ ચાલ ચલણની જંગ વાજિબ છે ?''

તેણે જવાબ આપ્યો : ''ના ! એટલા માટે કે પૈગંબરે જંગના મેદાનમાં તેમની સાથે જેહાદ કર્યો છે.''

મેં કહ્યું : ''કુફ્ફારો સાથે અલ્લાહના રસૂલ ﷺની જંગ પોતાના વળતા હુમ્લા માટે હતી કારણ કે તે તેમના જાની દુશ્મન



હતા.''

મુહમ્મદે સ્વીકારમાં પોતાનુ શીર હલાવ્યું અને મેં અનુભવ્યું કે હું મારા કામમાં સફર થઈ ગયો છું.

એક બીજા દિવસે પણ મેં તેને કહ્યું : ''શું ઔરતો સાથે મોતાઅ★ જાઈઝ છે ?''

તેણે કહ્યું : ''કદીયે નહીં !''

મેં કહ્યું : ''તો પછી કુર્આને તેને જાઈઝ ઠરાવતાં કહ્યું છે : (فَمَا اسْتَمْتَعْتُمْ بِهِ مِنْهُنَّ فَاٰتُوْهُنَّ اُجُوْرَهُنَّ) અને જયારે તમે તેમનાથી મોતઅ કરો ત્યારે તેમની મહેર અદા કરો.'' *(સૂરએ નિસા, આયત–૨૪)*

તેણે કહ્યું: ''હા, આયત તો પોતાના સ્થાને ઠીક છે પરંતુ હઝરત ઉમરે તેને હરામ ઠરાવ્યો છે કે, મોતાઅ પૈગંબરના જમાનામાં હલાલ હતો હું તેને હરામ ઠરાવું છું અને હવે જે એના પાત્ર ઠરશે હું તેને શિક્ષા કરીશ. (مُتْعَتَانِ كَانَتَا عَلٰى عَهْدِ رَسُوْلِ اللّٰهِ وَاَنَا اُحَرِّمُهُمَا وَاُعَاقِبُ عَلَيْهِمَا).

મેં કહ્યું : ''ઘણી અજીબ વાત છે ! તમે તો હઝરત ઉમરની પયરવી કરો છો અને પછી પોતાને અક્કલમંદ પણ કહો છો !''

હઝરત ઉમરને શું હક્ક પહોંચે છે કે, મુહમ્મદે હલાલ કરેલાને હરામ કરે ?! તમે કુર્આનને ભૂલીને હઝરત ઉમરનું મંતવ્ય માન્ય કરી લીધું ?!

મુહમ્મદે ચૂપકીદી સાધી લીધી અને ખામોશી તેની રઝામંદીની દલીલ હતી. આ વિષય પર તેના વિચારો દુરુસ્ત કરીને મેં તેની

---

★ **અર્થ** : મુદ્દત મુકર્રર કરીને થોડા દિવસ માટે નિકાહ.

**હુકમ** : હુઝૂરના જમાનામાં બે વખત થોડા થોડા દિવસ માટે મોતઅ જાઈઝ હતો પછી હંમેશને માટે હરામ થયો છે.)

જાતીય મહેચ્છાઓ ઉશ્કેરવાનો આરંભ કર્યો. તે એક હવસપરસ્ત શખ્સ હતો.

## હમ્ફ્રેએ ઈબ્ને અબ્દુલ વહહાબને મોતાઅના નામે ઝિનામાં નાખ્યો !

મેં તેને પૂછયું : ''શું તમે મોતાઅ મારફત તમારા જીવનને આનંમદય બનાવવા ચાહો છો ?''

મુહમ્મદે પોતાની ઈચ્છાના સ્વીકારમાં પોતાનું માથુ હલાવ્યું . હું મારી ફરજની અંતિમ ટોચે પહોંચી ચૂક્યો હતો. મેં તેને વાયદો કર્યો કે હું તમારા માટે તેનો (મોતાઅ) બંદોબસ્ત કરીશ. મને એ વાતની ભીતિ હતી કે, ક્યાંક મુહમ્મદ બસરાના સુન્નીઓથી ડરી ન જાય કે જેઓ મોતાઅના વિરોધી હતા. મેં તેને સંતોષ આપ્યો કે, અમારો પ્રોગ્રામ છુપો રહેશે ત્યાં સુધી કે, તમારી સાથે વ્યવહાર કરનાર સ્ત્રીને પણ તમારું નામ બતાવવામાં નહીં આવે.

**આ ચર્ચા પછી હું તુરત જ બ્રિટનની નવ આબદીની વઝારત તરફથી મોકલવામાં આવેલ તે બદ્માશ નસરાની સ્ત્રી પાસે ગયો જેને બસરા ખાતો પોતાનું શિયળ વેચવામાં મોકલવામાં આવી હતી અને મુસ્લિમ યુવકોને ખરાબ વાટે લઈ જવા ઉશ્કેરતી હતી. મેં તેણીને બધી વાતચીતથી વાકેફ કરી અને જ્યારે તે રાજી થઈ ગઈ ત્યારે મેં તેનું કામ ચલાઉ નામ "સફીયા" રાખ્યું અને તેણીને કહ્યું શયખ (મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ)ને લઈ તારી પાસે આવીશ.**

નિયુક્ત દિવસે હું શયખ મુહમ્મદને લઈને સફીયાના ઘરે પહોંચ્યો. અમારા બે સિવાય ત્યાં બીજું કોઈ ન હતું. **મુહમ્મદે**



**એક અશરફી મહેર પર એક અઠવાડિયા માટે સફીયા સાથે નિકાહ કર્યો. ટૂંકમાં હું બહાર અને સફિય્યા અંદરથી મુહમ્મદ બિન અબ્દુલ વહહાબને અમારા ભાવિ કાર્યક્રમો માટે તૈયાર કરી રહ્યાં હતાં. સફીયાએ દીની આજ્ઞાઓની પાયમાલી અને રાયની આઝાદીની લિજ્જતદાર મજા મુહમ્મદને ચખાડી.**

## મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબે શરાબ પીને ઝિના કર્યો !

હું આ તરકીબના ત્રીજા દિવસે પાછો મુહમ્મદને મળ્યો અને અને ફરી એકવાર આગળની ચર્ચાનો સિલસિલો જારી રાખ્યો. આ પ્રસંગે ચર્ચા શરાબ હરામ હોવા અંગેની હતી. મારા પ્રયત્નો મુહમ્મદ શરાબ હરામ હોવા માટે જે આયતને દલીલ બનાવે છે તેને દૂર કરવાના હતા. મેં કહ્યું : જો અગર મુઆવિયહ, યઝીદ, બનુ ઉમ્વીયાના ખલીફા, બની અબ્બાસીની શરાબનોશી (દારૂ પીવો) અમારા નઝદીક સ્વીકાર્ય છે, તો એ કઈ રીતે બની શકે કે, દીન મઝહબના આ પેશવાઓ ગુમરાહીનું જીવન વિતાડતા હતા અને તમે એકલા જ સાચા માર્ગે છો ? બેશક ! તે લોકો અલ્લાહની કિતાબ અને સુન્નતે રસૂલને અમારાથી વધુ બેહતર જાણતા હતા. તેથી એ વાત સામે આવે છે કે, અલ્લાહ અને રસૂલ ﷺના ઈર્શાદોમાંથી આ બુઝુર્ગોએ જે શોધખોળ કરી છે તે દારૂના હરામની નહીં પણ મકરૂહ હોવાની છે. આ સિવાય યહૂદી તથા નસરાઓની મુકદસ કિતાબોમાં ચોખવટ સહિત દારૂ પીવાની પરવાનગી છે.

જો કે આ પણ દીનો જ છે અને ઈસ્લામ આ દીનોને પણ માને

છે. તો પછી એ કઈ રીતે શક્ય છે કે શરાબ અલ્લાહના મોકલેલા એક દીનમાં હલાલ અને બીજામાં હરામ હોય ?! અમારી પાસે તો એ પણ રિવાયત છે કે હઝરત ઉમર ત્યાં સુધી શરાબ પીતા રહ્યા, જ્યાં સુધી આ આયત નાઝિલ ન થઈ, ''શું તમે જુગાર તથા શરાબથી હાથ નહીં ઉઠાવો ?'' فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ *(સૂરએ માઈદા, આયત–૯૧)*

જો શરાબ હરામ હોત તો ખુદાના રસૂલ હઝરત ઉમર પર હદ જારી ફર્માવતા પરંતુ આપનું તેમના પર હદ જા રી ન કરવું એ વાતની દલીલ છે કે શરાબ હરામ નથી.

મારી વાતો મુહમ્મદ જે ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો, અચાનક વ્યવસ્થિત થયો અને કહ્યું : રિવાયતમાં છે કે હઝરત ઉમર શરાબમાં પાણી મેળવી પીતા હતા કે જેથી તેની સ્થિતિ બદલાય જાય, જેનાથી નશો પૈદા થાય છે, તેઓ કહેતા હતા કે શરાબની મસ્તી હરામ છે, ન કે ખૂદ શરાબ. તે શરાબ જેનાથી નશો ન ચઢે, હરામ નથી.

મુહમ્મદ હઝરત ઉમરના દષ્ટિબિંદુને આયતથી દુરુસ્ત જાણતો હતો જેમાં ઈર્શાદ થાય છે :–

اِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ فِى الْخَمْرِ
وَالْمَيْسِرِ وَيَصُدَّكُمْ عَنْ ذِكْرِاللّٰهِ وَعَنِ الصَّلٰوةِ ج

''શૈતાન ચાહે છે કે તમારી દરમિયાન શરાબ અને જૂગાર મારફત અદાવત તથા દુશ્મની પૈદા કરે અને તમને ખુદાની યાદથી તથા નમાઝથી અલગ રાખે.'' *(સૂરએ માઈદા, આયત–૯૧)*

જો શરાબમાં મસ્તી અને નશો ન હોય તો પીનાર પર તેની અસરો જામતી નથી, તેથી તે શરાબ જેમાં મસ્તી નથી, હરામ



નથી★. મેં મુહમ્મદ સાથેની શરાબ અંગેની ચર્ચાથી સફીયાને પરિચિત કરતાં તાકીદ કરી દીધી કે મોકો મળતાં મુહમ્મદને નશામાં ચકચુર કરી દેવામાં આવે અને શક્ય હોય તેટલો શરાબ પીવડાવવો.

બીજા દિવસે સફીયાએ મને જણાવ્યું કે, તેણીએ શયખ સાથે દિલ ખોલીને શરાબ પીધી ત્યાં સુધી કે તે આજ્ઞાથી બહાર થઈ ગયો અને ચીખવા ચિલ્લાવા લાગ્યો. રાત્રિના છેલ્લા ભાગમાં તેણે કેટલીયે વાર સંભોગ કર્યો અને હવે તે અસહ્ય અશક્તિ અનુભવી રહ્યો છે. તેના ચહેરાની ચમક ખતમ થઈ ગઈ છે. ટૂંકમાં હું અને સફીયા મુહમ્મદ પર છવાઈ ગયાં હતાં અને આ મંઝિલ પર મને નવઆબાદીયાતના વઝીરનાં તે સુર્વણ કથનો યાદ આવ્યાં જે તેણે મને વિદાય વેળા કહ્યાં હતાં :–

**''અમે સ્પેનને કુફ્ફારો પાસેથી (ઈસ્લામીઓ પાસેથી) શરાબ અને જૂગાર મારફત બીજીવાર મેળવ્યું. હવે તેમનાથી આ જ બે શક્તિઓ મારફત બીજા ઈલાકાઓને પણ બહાદુરી સાથે પરત લેવા જોઈએ.''**

## મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબની ગુમરાહી તરફ આગેકૂચ

મુહમ્મદ સાથેની મઝહબી ચર્ચા દરમિયાન એક દિવસે રોઝાના મસ્અલાને ચગાવ્યો અને કહ્યું : કુર્આન કહે છે :

---

★ શરાબ હર હાલતમાં હરામ છે બલ્કે તેનું ટીપે ટીપુ નાપાક છે જેથી નશો થવા ન થવાની હમ્ફેની વાત એક ધોકો છે અને સર્વ રજૂઆતો ગલત છે. *–પ્રકાશક*

وَاَنْ تَصُوْمُوْا خَيْرٌ لَّكُمْ "રોઝો તમારા માટે બેહતર છે." તેણે (કુર્આને) એ નથી કહ્યું કે, તમારા પર વાજિબ છે તેથી ઈસ્લામમાં રોઝો વાજિબ નથી, મુસ્તહબ છે.

આ પ્રસંગે મુહમ્મદને ગુસ્સો આવ્યો અને તેણે કહ્યું : તમે મને દીનમાંથી ખારિજ કરવા ચાહો છો ?!

મેં કહ્યું : હે મુહમ્મદ ! દીન હૃદય શુદ્ધિ, જાનની સલામતી તથા નિયમનનું નામ છે. આ કૈફિયતો ઈન્સાનને અન્યો પર જુલ્મો જફા કરવાથી રોકે છે. શું હઝરત ઈસાએ મઝહબને ઈશ્ક વારફતગીનું નામ નથી આપ્યું. શું કુર્આને યકીન પ્રાપ્ત કરતા સુધી અલ્લાહની ઈબાદત કરવાનું નથી કહ્યું. (وَاعْبُدْ رَبَّكَ حَتّٰى يَاْتِيَكَ الْيَقِيْنُ) *(સૂરએ હુજુરાત, આ. ૯૯)*

જો હવે ઈન્સાન સંપૂર્ણ યકીનની મંઝિલે પહોંચી જાય, ખુદા તથા કયામતનો દિવસ તેના અંતરમાં મજબૂત થઈ જાય, ઈમાનથી તેનું દિલ છલોછલ થઈ જાય અને સાચા માર્ગ પર વાટ માપી રહેતો હોય તો પછી રોઝાની શી જરૂરત બાકી રહે છે ? આ મંઝિલ પર તે અતિ ઉચ્ચ દરજ્જાથી સંબંધિત થઈ જાય છે.

મુહમ્મદ બિન અબ્દુલ વહહાબે આ પ્રસંગે પણ મારો સખત વિરોધ કર્યો અને પોતાની નારાજી વ્યક્ત કરી. ફરી એક વખત મેં તેને કહ્યું : નમાઝ વાજિબ નથી.

તેણે પૂછયું : "કેમ ?"

મેં કહ્યું : "એટલા માટે કે ખુદાવંદે આલમે કુર્આનમાં કહ્યું છે કે, وَاَقِمِ الصَّلٰوةَ لِذِكْرِىْ "મને યાદ કરવા માટે નમાઝ કાયમ કરો." *(સૂરએ તાહા, આયત-૧૪)* તેથી નમાઝનો ઉદ્દેશ અલ્લાહનું ઝિક્ર



છે અને તમારે જોઈએ કે, તમે તેનું (અલ્લાહનું) નામ તમારી ઝબાન પર જારી રાખો.

મુહમ્મદે કહ્યું : "હા, મેં સાંભળ્યું છે કે દીનના કેટલાક ઉલ્મા નમાઝના સમયે અલ્લાહના નામનો જપ શરૂ કરે છે અને નમાઝ અદા નથી કરતા.

હું મુહમ્મદના આ સ્વીકારથી (નમાઝ ન પઢવાના) ઘણો ખુશી થયો, છતાં થોડોક વખત સંભાળપૂર્વક નમાઝ પઢવાનો નિર્દેશ પણ કરતો રહ્યો. જેનું પરિણામ એ નીકળ્યું કે તેણ નમાઝની પાબંદી છોડી દીધી અને તે ક્યારેક નમાઝ પઢતો અને ક્યારેક ન પઢતો. ખાસ કરીને સવારની નમાઝ તેણે મોટે ભાગે છોડી દીધી હતી.

અમે લોકો રાત્રિએ મોડા સુધી જાગતા જેને કારણે સવારમાં ઉઠીને વુઝૂ કરવાની તેનામાં (મુહમ્મદ અબ્દુલ વહહાબ) શક્તિ બાકી રહેતી ન હતી.

**ટૂંકમાં ધીમે ધીમે મુહમ્મદ (ઈબ્ને અબ્દુલ વહહાબ)ના શરીરથી ઈમાનનો પોષાક ઉતારી લેવામાં હું સફળ થઈ ગયો.** હું દરરોજ મારી મીઠી વાણીમાં તેનાથી વાતચીતનો ક્રમ જારી રાખતો. પરિણામ રૂપ એક દિવસે મેં ચર્ચાનુ ક્ષેત્ર જનાબ રસૂલે ખુદા ﷺની પવિત્ર જાત સુધી લંબાવ્યું. અચાનક તેના ચહેરા પર ફેરફાર દેખાયો અને તે આ વિષય પર વાતચીત કરવા તૈયાર ન થયો. તેણે મને કહ્યું : જો તમે ખુદાના રસૂલ ﷺની શાનમાં ગુસ્તાખી કરી, તો તમારા અને અમારા મૈત્રીના દ્વાર હંમેશ માટે બંધ થઈ જશે. મેં મારી મહેનતો પર પાણી ફરી જતું જોઈ મારી વાતચીતનો વિષય બદલી નાખ્યો અને પછી એ વિષય પર વાતચીત ન કરી.

## શીઆ, સુન્ની સિવાય ત્રીજા ફિર્કા માટે તૈયારી

આ દિવસ પછી મારો ઉદ્દેશ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબને રેહબરી તથા પેશ્વાઈની ફિક્ર આપવાનો બની ગયો. મારે તેના ખોળિયા અને આત્મામાં પ્રવેશી, શીઆ, સુન્ની ફિર્કાઓ ઉપરાંત ઈસ્લામમાં ત્રીજા ફિર્કાની નેતાગીરીની ઓફરને તેના માટે કાર્યશીલ બનાવવી હતી. આ ઉદ્દેશ પ્રાપ્તિ માટે જરૂરી હતું કે, પ્રથમ હું તેના દિમાગને નિરર્થક મહોબ્બતો તથા આંધળા પૂર્વગ્રહથી પવિત્ર કરી દઉં અને એ વિષયથી તેની આઝાદ ખયાલી તથા ઉચ્ચ ઉડ્ડયનને શક્તિ પહોંચાડું. આ કામમાં સફિયા પણ મારી સહકારી હતી. કેમ કે મુહમ્મદ (ઈબ્ને અબ્દુલ વહહાબ) તેને દીવાના સમાન ચાહતો હતો અને દરેક અઠવાડિયે, મોતાઅની મુદ્દત વધારતો જતો હતો. ટૂંકમાં એ કે સફિયાએ મુહમ્મદ પાસેથી ધીરજ શાંતિ તથા સમગ્ર અધિકારો છીનવી લીધા હતા.

મેં મારી એક મુલાકાતમાં મુહમ્મદને કહ્યું : ''શું એ બરાબર છે કે જનાબ રસૂલે ખુદા ﷺને બધા સહાબાઓ સાથે મૈત્રી હતી ?''

તેણે જવાબ આપ્યો : ''હા !''

મેં પૂછયું : ''ઈસ્લામના કાનૂનો કાયમી છે કે કામચલાઉ ?''

તે કહે : ''બેશક ! કાયમી છે, તેથી ખુદાના રસૂલ ફર્માવે છે કે, حَلَالُ مُحَمَّدٍ حَلَالٌ اِلٰى يَوْمِ الْقِيَامَةِ وَحَرَامُ مُحَمَّدٍ حَرَامٌ اِلٰى يَوْمِ الْقِيَامَةِ ''મુહમ્મદનું હલાલ કયામત સુધી હલાલ અને મુહમ્મદનું હરામ કયામત સુધી હરામ છે.'' *(હવાલો : મુહમ્મદીન ઈલાયવમિલ કયામતે વ હરામો મુહમ્મદિન હરામુન ઈલા યૌમુલ કિયામતે.)*



મેં વિના વિલંબે કહ્યું : ''બસ, અમારે પણ તેમની સુન્નત પર અમલ કરી એક બીજાના મિત્ર અને ભાઈ બનવું જોઈએ. તેણે મારી ઓફરનો સ્વીકાર કર્યો અને તે દિવસ પછીથી કાયમી અમે એક બીજાની સાથે રહેવા લાગ્યા.''

હું એ કોશિશમાં હતો કે, જે છોડના સિચનમાં મેં મારી યુવાનીના દિવસો ખર્ચ્યા છે હવે જેટલું વહેલું થઈ શકે તેના ફળોનો લાભ મેળવું. નિત્યક્રમ મુજબ હું દરેક મહિને મારો રિપોર્ટ ઈંગ્લિસ્તાનની નવી વસાહતના ઈલાકાઓની વઝારતને મોકલતો રહેતો. રિપોર્ટ લખવો હવે મારી આદતમાં ભળી ગયું હતું જેમાં હું ક્યારેય આળસ કરતો નહીં. ત્યાંથી જે જવાબો મળતા તે બધા જ ઘણા પ્રોત્સાહિત તથા પૂર્ણ આશાવાદી તેમજ મારી ફરજ બજામણીમાં મારી હિમ્મત વધારનાર પુરવાર થતા. મેં અને મુહમ્મદે જે રસ્તો નિયુક્ત કર્યો હતો તેના પર હવે અમે ઘણા વેગ સહિત આગળ વધી રહ્યા હતા. હું સફરમાં કે ગૈર સફરમાં તેને એકલો મૂક્તો નહીં. મારા એ પ્રયત્નો હતા કે હું આઝાદ વિચારો, મઝહબી અકાઈદમાં સખ્તાઈપણાના આત્માને તેના અસ્તિત્વને મજબૂત બનાવું. હું હંમેશ તેને ઢાઢસ આપતો રહેતો કે, એક ઝળહળાટ કરતું ભાવિ તમારો ઈન્તેઝાર કરી રહ્યું છે.

એક દિવસે મેં તેને મારું એક જૂઠું સ્વપ્નુ વર્ણાવતાં કહ્યું : ''મેં જનાબ રસૂલે ખુદાને બિલકુલ નખશીખ એ રીતે ખુરશી પર બેઠેલા જોયા કે જે રીતે વાઈઝીનો અને ઝાકિરીનો મિમ્બર પર બયાન કરવા બેસતા હોય છે. મોટા મોટા ઉલ્મા અને બુઝુર્ગાને દીન કે જેમનાથી હું મુદ્દલ અપરિચિત હતો તેઓએ ચો તરફથી તેમને ઘેર્યા હતા. એવામાં હું જોઉં છું તો તમે અચાનક આ મજમામાં

પ્રવેશ્યા. તમારા ચેહરા પરથી પ્રકાશના કિરણો વેરાઈ રહ્યાં હતાં. જ્યારે તમે રિસાલત મઆબ ﷺની સામે પહોંચ્યા ત્યારે તેમણે ઊભા થઈ તમારી તા'ઝીમ કરી અને માથુ ચૂમી કહ્યું : હે મારા નામે નામ મુહમ્મદ ! તમે મારા ઈલ્મના વારસદાર છો તેમજ મુસલમાનોના દીની દુનિયવી કાર્યોને શણગારવામાં મારા જાનશીન છો.''

આ સાંભળી તમે કહ્યું : ''યા રસૂલલ્લાહ ! ﷺ લોકો પર મારો ઈલ્મ જાહેર કરતાં હું ભય અનુભવું છું.''

જનાબ રિસાલત મઆબ ﷺએ ફર્માવ્યું : ''ભયને તમારા દિલમાં સ્થાન ન આપો. કેમ કે તમે જે કામ તમારા બારામાં વિચારો છો એનાથી કંઈક વધુ દરજ્જાધારી છો.''

મુહમ્મદ બિન અબ્દુલ વહહાબે મારા આ મનઘડત સ્વપ્નાને સાંભળ્યું ત્યારે ખુશીમાં ફુલ્યો સમાયો નહીં. તે વારંવાર મને પૂછતો કે શું તમારાં સ્વપ્નાં સાચાં હોય છે ? અને હું ક્રમબદ્ધ સંતોષ આપતો રહેતો. મેં અનુભવ્યું કે સ્વપ્નાના વર્ણનની સાથોસાથ જ તેણે (મુહમ્મદ બિન અબ્દુલ વહહાબે) પોતાના દિલમાં નવા મઝહબના એલાન (જાહેરાત)નો દઢ નિર્ણય કરી લીધો.

## ૦૫ હમ્ફ્રે કર્બલા તથા નજફ તરફ

આ દરમિયાનમાં લંડનથી મને પત્ર મળ્યો કે, હું તુર્તજ કરબલા અને નજફના તે મુકદ્દસ શહેરો તરફ રવાના થઈ જાઉં જે શીઆઓના માટે આશાઓ (ઉમ્મીદો)ના કિબ્લા તથા ઈલ્મ તેમજ રૂહાનિય્યતના કેન્દ્રો છે. હવે સૌ પ્રથમ હું એક પ્રસ્તાવનારૂપે આ બંને મુકદ્દસ શહેરોની ઘણી ટૂંકી ઐતિહાસિક મહત્તા રજૂ કરવા ચાહું છું.



શીઆઓના પહેલા ઈમામ તથા આમ મુસ્લિમોના ચોથા ખલીફા હઝરત અલીનું નજફ શહેરમાં દફન થવું ઈતિહાસની અગત્યતાનો આરંભ છે. અહીંથી આ વસ્તીનું (શીઆઓનું) અસ્તિત્વ અમલમાં આવ્યું અને તે દિન પ્રતિ દિન વિસ્તરતી રહે છે. જેનો ક્રમ આજપર્યંત જારી છે. હઝરત અલીની શહાદતના સમયે ખિલાફતના કેન્દ્ર કૂફાથી છ કિલોમીટર દૂર હતું. પગપાળા એક કલાકમાં પહોંચી શકાતું હતું. આપની શહાદત પછી (હઝરત અલીની) હઝરત હસ્નૈન (ઈમામ હસન, હુસૈન رضی اللہ عنہما) આપના જનાઝાને છુપી રીતે આ દૂરના વિસ્તારમાં લાવ્યા જેને આજે નજફ કહેવામાં આવે છે અને રાત્રીના અંધકારમાં આપને (હઝરત અલીને) દફન કર્યા.

હવે આ શહેર બે નહેરો દરમિયાનનો મોટો ઈલાકો કહેવાય છે અને તેની આબાદી કૂફાથી કંઈક વધુ છે. અહીં શીઆઓનું શૈક્ષણિક ધામ કાયમ છે તેથી દુનિયાભરના શીઆઓએ આ શહેરમાં વસવાટ અખત્યાર કર્યો છે. પ્રતિ વર્ષ તેના બજારો, મદ્રસાઓ તથા ઘરોમાં વધારો થતો ચાલે છે. શીઆ ઉલ્મા વિશેષ માનને પાત્ર છે. ઈસ્તંબુલમાં નિવાસ કરી રહેલ ઉષ્માની ખલીફા નીચેના કારણોસર તેમને (શીઆ ઉલ્માનો) ખૂબ માન મોભ્ભો સાચવે છે.

૧. ઈરાનનો બાદશાહ શીઆ મઝહબને માનનાર હતો અને નજફના ઉલ્મા સંબંધે ઉષ્માની સુલ્તાનોનો ઈહતેરામ ઈરાન તથા તુર્કીની મૈત્રી સંબંધોમાં મજબૂતીનું કારણ હતો આ રીતે આ બંને દેશોમાંથી યુદ્ધનો ભય ખતમ થતો જતો હતો.

૨. નજફની ચોપાસમાં ઘણા કબીલાઓ આબાદ હતા જે બધા જ હથિયાર સજ્જ અને સખ્તી સહિત શીઆ ધર્મના અનુયાયી

હતા. તેમની પાસે ફૌજી હથિયારો તથા શિક્ષણ ન હતાં. આ લોકો કબાઈલી જીવનના આદી હતા છતાં ઉલ્માની તૌહીન સહી શક્તા ન હતા. તેથી જો ઉષ્માનીઓ તરફથી ઉલ્માનું અપમાન અમલી બનતું તો તે બધા જ ઉષ્માનીઓ વિરૂધ્ધ સંગઠિત થઈ જતા અને બુદ્ધિનો તકાદો પણ એ ન હતો કે ઈસ્તંબુલની ખિલાફત પોતાના માટે આવો ખતરો વહોરી લે.

૩. સમગ્ર જગતના શીઆઓ શીઆ ઉલ્માનું કેન્દ્ર સ્થાપિત હતું તેથી જો ઉષ્માનીઓ તરફથી સહેજ પણ તેમની બદ્‌બોઈ થતી તો ઈરાન, હિંદુસ્તાન, આફ્રિકા અને દુનિયાના બધા દેશોના શીઆઓ ઉશ્કેરાઈ જાત જે વાત તુર્કી હુકૂમતના લાભમાં ન હતી.

શીઆઓનું બીજુ શહેર કરબલા મુઅલ્લા છે. આ શહેર પણ હઝરત અલી અને હઝરત ફાતિમાના ફરઝંદ હઝરત ઈમામ હુસૈન (رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن)ની શહાદત પછી ક્રમબદ્ધ વિકસી રહ્યું છે. ઈરાકવાસીઓએ હઝરત ઈમામ હુસૈનને આમંત્રણ આપ્યું કે, આપ ખિલાફતના કાર્યો સંભાળવા હિજાઝથી કૂફા તશરીફ લાવો પરંતુ જેવા જ ઈમામ પોતાના ખાનદાન સહિત કરબલા પહોંચ્યા કે (જે કૂફાથી લગભગ ૭૨ કિ.મી.ના ફાસલા પર છે) ઈરાકીઓનો મિઝાજ બદલાયો અને તેઓ યઝીદની આજ્ઞા પર ઈમામની વિરૂધ્ધ લડવા તૈયાર થઈ ગયા.

યઝીદ બિન મુઆવિયહ ઉમવી ખલીફા હતો જેની હુકૂમત શામ પ્રદેશ પર હતી. ઉમવી સૈન્ય હુસૈન તથા તેમના કુટુંબ સાથે લડવા પ્રવૃત્ત થયું અને અંતે તે બધાને કતલ કર્યા. ઈરાકીઓનું આ બીકણપણું અને યઝીદી લશ્કરની નાપાકી તથા સંગદિલી ઈસ્લામી ઈતિહાસની બધાથી આર્થિક નામોશીભરી દાસ્તાન છે. આ પ્રસંગ



પછીથી આજપર્યંત દુનિયાના બધા શીઆ કરબલાને ઝિયારત, ઈબાદત, આત્મિક લગાવ તેમજ તવજ્જોહનું કેન્દ્ર બનાવી રહ્યા છે અને ચો તરફથી ટોળે ટોળાં ત્યાં પહોંચે છે. ક્યારેક તો એટલો મજમો થાય છે કે મસીહી (ઈસાઈ) ઈતિહાસમાં પણ આવો મજમો જોવામાં આવ્યો નથી. કરબલા શહેરમાં પણ શીઆ ઉલ્મા દીને ઈસ્લામની તા'લીમ તેમજ શોધખોળમાં પ્રવૃત્ત દેખાય છે. અહીંના દીની મદ્રસા તાલિબે ઈલ્મોથી ભરેલા જ રહે છે. કરબલા અને નજફ બિલકુલ એકબીજાના પ્રતિક છે. દજલા, ફુરાત ઈરાકની બે મોટી નદીઓ છે જેમનું મુખ તુર્કીના એક પહાડ વિસ્તારમાં છે. બંને શહેરો વચ્ચેની ખેતી તેના દમથી આબાદ છે અને અહીંના લોકોની ખુશહાલી આજ નદીઓને આભારી છે.

જ્યારે હું લંડન પરત ગયો ત્યારે મેં નવી વસાહતના પ્રધાનમંડળને એ રજૂઆત કરી કે, તેઓ ઈરાકી હુકૂમતને પોતાની તાબેદાર બનાવવા માટે દજલા, ફુરાતના સંગમને કંટ્રોલ કરે અને ચળવળો કે બગાવતના પ્રસંગોએ તેના માર્ગોમાં ફેરફાર કરે કે જેથી ત્યાંના લોકો અંગ્રેજોના સુધારવાદી ઉદ્દેશો સ્વીકારવા પર મજબૂર બને.

હું ઉત્તર આફ્રિકાના વેપારીના વેશમાં નજફ પહોંચ્યો અને ત્યાંના શીઆ ઉલ્મામાં પરિચય વધારવાના હેતુથી તેમની શૈક્ષણિક મજલિસો તથા ચર્ચાઓની મેહફિલોમાં શરીક થવા લાગ્યો.

ઘણીવાર મેહફિલો મને તેમનામાં સમાવી લેતી હતી કારણ કે તેમનામાં અંતરની પાકીનું શાસન હતું.

મેં શીઆ ઉલ્માને ઘણા જ પાકદામન અને પરહેઝગાર જોવા છતાં અફસોસ કે, તેમનામાં સમય પરિવર્તનની અસરો ગુમ હતી

તેથી દુનિયામાં થતા ઈન્કિલાબો (પરિવર્તન)એ તેમની ફિક્રમાં કોઈ ફેરફાર જન્માવ્યા નહીં.

૧. નજફના ઉલ્મા ઉષ્માની હુકૂમતના સત્તાધારીઓના સખત દુશ્મન હતા. એટલા માટે નહીં કે તેઓ સુન્ની હતા બલ્કે તેઓ જાલિમ હોવાથી આપ લોકો તેમનાથી નાખુશ હતા અને પોતાની મુક્તિ માટે નજફવાળાઓ પાસે કોઈ માર્ગ ન હતો.

૨. તેઓ (શીઆ મૌલ્વીઓ) પોતાનો બધો વખત પાઠ પઠણમાં અને દીની શિક્ષણના વિવાદમાં ખર્ચ કરતા હતા તેમજ મધ્યયુગના પાદરીઓની જેમ નૂતન શિક્ષણ પ્રતિ તેમને દિલચસ્પી ન હતી અને એ અંગે કાંઈ જાણતા તો તે ન જાણવા બરાબર જ હતું.

૩. તેમને દુનિયાની રાજકિય પરિસ્થિતિની મુદ્દલ જાણ ન હતી અને એક પ્રકારના પ્રશ્નોની વિચારણા તેમના નઝદીક તદ્દન નિરર્થક અને બેહૂદા હતી. તેમને જોઈ હું મનોમન કહેતો ! સાચે જ આ લોકો કેટલા અભાગી છે. દુનિયા જાગી ચૂકી છે છતાં હજીયે એ સસલાની નિદ્રામાં પોઢે છે. શાયદ કોઈ તબાહીનું મોજું એમને જાગૃત કરે !! મેં અમુકને ઉષ્માની ખિલાફત વિરૂધ્ધ ચળવળ ચલાવવા વાતચીત કરી છતાં તેમણે પોતાના તરફથી કોઈ વળતો જવાબ ન આપ્યો અને એવું જણાતું હતું કે, તે લોકો આ પ્રકારના પ્રશ્નોથી દિલચસ્પી ધરાવતા ન હતા. ઘણા લોકો મારી મશ્કરી ઉડાવતા અને મારી વાતનો એવો ભાવાર્થ કરતા કે હું દુનિયાની પરિસ્થિતિને વેર વિખેર કરવા ચાહું છું.

આ ઉલ્માની નજરમાં ખિલાફત અંતિમ હતી. તેમનો અકીદો



એ હતો કે તેમણે ઈમામ મેહદી જાહેર થતાં અગાઉ આલે ઉષ્માનની વિરૂધ્ધ કોઈ કદમ ઉઠાવવો જોઈએ નહીં. ઈમામ મેહદી શીઆઓના બારમા ઈમામ છે જેઓ બાળપણથી જ ગાયબ થઈ ગયા છે અને આજપર્યંત જીવંત છે. આખરી જમાનામાં તેઓ પ્રગટશે અને તેઓ ત્યારે દુનિયાને ન્યાય અદલથી ભરપુર કરી દેશે જ્યારે કે દુનિયામાં જુલ્મ સખ્તાઈ ભરપુર થઈ ગયા હશે.

ઉપરોક્ત અકીદા ધરાવતા ઈસ્લામી બુદ્ધિશાળીઓ અંગે હું આશ્ચર્ય અનુભવતો હતો. તેમનો પ્રસ્તૂત અકીદો કિશ્ચી ઈસાઈઓના અકીદા સમાન જ હતો જેઓ ન્યાયની સ્થિરતા માટે હઝરત ઈસાના પુનર્ગામનને માનતા હતા.

મેં એક આલિમને પૂછયું : શું તમારો એ અકીદો નથી કે હમણાં થી જ જુલ્મો સિતમના મુકાબલે યુદ્ધ સજજ થઈને ઈસ્લામી જગતનો બોલબાલો કરવામાં આવે ? જે રીતે પૈગંબરે ઈસ્લામે ﷺ જાલિમો વિરૂધ્ધ જેહાદ કર્યો હતો ?

તેમણે (આલિમે) ફર્માવ્યું : પૈગંબરે ઈસ્લામ ﷺને ખુદાએ આ કાર્ય માટે જ નિયુક્ત કર્યા હતા અને એટલા માટે જ તેમનામાં આ કાર્ય અંજામ આપવાની શક્તિ હતી.

મેં કહ્યું : શું કુર્આન એ નથી કહેતું કે જો તમે અલ્લાહની મદદ કરશો તો અલ્લાહ પણ તમારો સહાયક બની જશે★.

અંતે તેણે કંટાળતાં કહ્યું : તમે એક વેપારી આદમી છો અને આ વિષયો પર ગુફતેગૂ માટે ક્રમબદ્ધ ઈલ્મની જરૂર છે જેના માટે તમે મુનાસિબ નથી.

---

★જેમ કે إِنْ تَنْصُرُوا اللّٰهَ يَنْصُرْكُمْ (સૂરએ મુહમ્મદ, આયત–૭) તમે પણ અલ્લાહની તરફથી જાલિમો તરફ તલવાર ઉઠાવો.

હવે જરા નજફ તરફ આવીએ અને હઝરત અલીના રોઝા સંબંધી વાતચીત કરીએ. ખૂબ જ પ્રભાવશાળી અને બુઝુર્ગીપૂર્ણ મકબરો છે. પૂરી ઈમારત કારીગરી, નક્કાશી, અરીસાઓ ઉપરાંત સજાવટોનું અજોડ ધામ છે. ચારેબાજુ મઝારો, મોટા મોટા દબદબાપૂર્ણ કમરાઓ, સોનેરી ગુંબદ, સોનેરી મીનારાઓ એક અજબ દશ્ય ખડુ કરે છે. શીઆઓના ટોળે ટોળાં દરરોજ રોઝાની ઝિયારતે હાજર થાય છે અને ત્યાંની નમાઝની જમાઅતમાં શરીક થાય છે. તેઓ (શીઆઓ) ખૂબ જ મહોબ્બતભર્યા અંદાજે નિખાલસતા સહિત ભરપુર શ્રદ્ધાનાં પૂતળારૂપ થઈ "ઝરીખ"ને બોસો દે છે.

પ્રવેશ પહેલાં ઈમામના આ આશિકો દરવાજાની ચોખટ પર પોત પોતાને નાખી દે છે અને ખૂબ જ અદબપૂર્વક બારગાહની જમીનને ચૂમે છે. પછી ઈમામ અલી પર દુરૂદ મોકલે છે અને પ્રવેશ દાખલ થવાની રજા પઢી હરમમાં દાખલ થાય છે. હરમની ચોપાસ એક મહાન સહન છે જેમાં ઘણા ખંડો છે જે ઉલ્મા તથા ઝિયારતે આવનારાઓનાં નિવાસો છે.

કરબલાએ મુઅલ્લામાં બે મશ્હૂર આરામગાહો (મઝારાત) છે જે થોડાક ફેરફાર સાથે નજફમાં આવેલ હઝરત અલીની આરામગાહ (મઝારના) જેવી બનાવવામાં આવી છે. પ્રથમ મઝાર હુસૈનનો અને બીજો હઝરત અબ્બાસ رضی اللہ عنہનો છે. કરબલાના ઝાઈરીનો પણ નજફની જેમ દરરોજ હરમમાં હાજરી આપે છે અને ઈમામની ઝિયારત કરે છે. કરબલા બધી રીતે નજફથી વધુ સૌંદર્યવાન છે. ચારે બાજુ હર્યા ભર્યા ખુશ્નુમા બાગો અને તેમની મધ્યમાં દરિયાના વહેતા પાણીએ તેની ખૂબસૂરતીને ચાર ચાંદ લગાડી દીધા છે.



## ઈરાકનાં શહેરો વિશે હમ્ફ્રેનું નિરીક્ષણ

આ શહેરોની વેરાની તથા બરબાદ અવસ્થાએ અમારી સફળતાના પ્રસંગો મેળવી આપ્યા હતા. લોકોની બદ્તર પરિસ્થિતિ જોઈને એ કયાસ કાઢી શકાય કે ઉષ્માની હાકિમોએ શહેરીઓ સાથે કેવા કેવા જુર્મો આચર્યા તથા કેવી કેવી સખ્તીઓ ગુજારી. આ લોકો ઘણા નાદાન, લાલચુ અને માથાભારે હતા જે ચાહતા તે કરી દેતા. એમ જણાતું કે ઈરાકીઓ તેમના નાણાંથી ખરીદેલા ગુલામ છે. આખી કૌમ સત્તાધીશોથી નારાજ હતી અને જેવું કે આગળ કહી ગયો છું, શીઆઓ પોતાની આઝાદી છીનવાઈ ગઈ હોવા છતાં સત્તાધારીઓનો જુલ્મો સિતમ સહી રહ્યા હતા. આવા જુલ્મો સામેની વળતી કોઈ ચળવળ તેમણે કરી ન હતી. અહલે સુન્નતવાળાઓનો હાલ પણ એ જ હતો. પોતાની સર ઝમીન પર તુર્કોના કબ્જાથી તેઓ ઘણા નાખુશ હતા કારણ કે વિશેષતઃ તેમની નસોમાં અરબી શરાફતનું ખૂન દોડી રહ્યું હતું. અહીં ખાનદાને રિસાલતથી સંબંધિતો રાજ્ય વ્યવસ્થામાં પોતાને ઉષ્માની ગર્વનરથી અધિક હક્કદાર માની રહ્યા હતા.

સમગ્ર વસ્તીઓ વેરાન હતી, ધૂળની ડમરીઓ નાગરિકોનું ભવિષ્ય બની ચૂકી હતી. પ્રત્યેક ક્ષેત્રે અવ્યવસ્થાનું સામ્રાજ્ય વ્યાપક હતું. માર્ગો પર લૂટારૂઓ એ આશાએ બેસી રહેતા કે હુકૂમતની દેખભાળથી આઝાદ એવા કાફલા ત્યાંથી પસાર થાય તો તે તેમને લૂટી લે. તેથી મોટા મોટા કાફલા ત્યારે જ પોતાની મંઝિલ પહોંચતા કે જ્યારે તેમને શસ્ત્રધારી માણસો મારફત હુકૂમતની મદદ પ્રાપ્ય હોય.

બીજી તરફ કબાઈલી ઝઘડાઓમાં પણ વધારો થવા લાગ્યો.

કોઈ દિવસ એવો ન વિતતો કે એક કબીલાએ બીજા પર હુમ્લો ન કર્યો હોય અને કત્લ કે ગારતગીરી વગર પસાર થઈ જવાય.

દૈનિક કેટલીયે વ્યક્તિઓને મૌતના ઘાટ ઉતારી દેવાતી. નાદાની અજ્ઞાનતાએ પૂરા ઈરાકને આશ્ચર્યજનક રીતે પોતાની લપેટમાં લઈ રાખ્યું હતું. માત્ર નજફ અને કરબલાના ઉલ્મા આમાંથી બાકાત હતા અગર તો ઓછા વત્તા તાલિબે ઈલ્મો કે તે લોકો જેમના ઉલ્માથી મેળ મેળાપ હોય, નહીં તો બધા જ જાહિલ હતા. આર્થિક પરિસ્થિતિનું પૈડું જામ થઈ ગયું હતું. બીમારી, બેરોજગારી, અજ્ઞાનતા, અભાગીપણાએ ઘણી જ સખ્તી સહિત મધ્યમ વર્ગના લોકોને ઘેરી લીધા હતા.

હુકૂમતની કડીઓ તૂટીને વિખેરાઈ ગઈ હતી. દરેક ક્ષેત્રે હંગામો ચાલુ હતો. હુકૂમત અને આમ લોકો દરમિયાન સમજૂતીની ઉણપ હતી અને તેઓ એકબીજાને પોતાના દુશ્મન સમજતા હતા. તેઓ એકબીજાના સહકારી ન હતા. દીનના ઉલ્મા ઈલાહી મસ્અલાઓમાં એટલા બધા તલ્લીન હતા કે દુનિયવી જીવન તેમની નજરોમાંથી ઓઝલ બની ગયું.

જમીન સુકાઈ જતાં ખેતીવાડી ઉજ્જડ બની હતી. દજલા તથા ફુરાત બંને નદીઓ ખેતરોની સિંચાઈ કરવાના બદલે એક દુ:ખની મહેમાનની તરીકે તરસી ધરતીના મધ્યમાંથી ઝડપી પસાર થઈ રહી હતી. મુલ્કની ખરાબ અવસ્થા ચોક્કસ રીતે પરિવર્તન માટેનું એક ક્ષેત્ર હતું. ટૂંકમાં એ કે કરબલા તથા નજફમાં ચાર મહિના ગાળ્યા. નજફમાં એક એવા રોગમાં હું સપડાયો કે જીવવાની આશા તૂટી ગઈ. ત્રણ અઠવાડિયા સુધી મારી સ્થિતિ ગંભીર રહી. અંતે મારે શહેરના એક ડોકટર આગળ રજૂ થવું પડયું. ડોકટરે મારે માટે થોડીક દવાઓ તજવીજ કરી તેના ઉપયોગથી હું ધીમેધીમે



સ્વસ્થ થતો ગયો. આ વર્ષે ગરમી પણ અસહ્ય હતી અને મેં મારી માંદગીનો બધો જ સમય એક ભોંયતળીયામાં ગાળ્યો તેથી હું કેટલાક અંશે સંતોષિત તથા ઠંડો હતો.

મારો ઘર માલિક મારા તરફથી અપાએલ થોડાક પૈસામાંથી મારા માટે દવા દારૂ તથા ખાવા પીવામાં ખર્ચ કરતો. તે હઝરત અલીના રોઝાની ઝિયારત કરનારાઓની ખિદમતને અલ્લાહની નઝદીકીનો વસીલો સમજતો હતો. માંદગીના આરંભમાં મારો ખોરાક મરઘાનું સુપ હતું પરંતુ પાછળથી ડોકટરની મંજૂરીથી હું માંસ ચોખા ઉપયોગવા લાગ્યો. બીમારીમાં થોડોક હળવાશ થતાં હું બગદાદ રવાના થયો અને ત્યાં જઈ મેં કરબલા, નજફ તથા બગદાદ અંગેનો મારો આંખે દેખ્યો અહેવાલ લગભગ ૨૦૦ પાના પર નિર્ધારિત નવઆબાદી ઈલાકાઈ વઝારત માટે તૈયાર કર્યો. પ્રસ્તુત હેવાલ લંડન મોકલવા માટે બગદાદ ખાતેના મજકુર વઝારતના પ્રતિનિધિને સુપ્રત કર્યો. એ પછી મારા રોકાણ (બગદાદ) કે લંડન પરત જવાની શક્યતાઓ સંબંધી નવી આજ્ઞાઓની હું રાહ જોઈ રહ્યો હતો.

અહીં એ વાત પણ બતાવી દઉં કે હું પરત (લંડન) જવા માટે ઘણો બેકરાર હતો, કેમ કે મારો દેશ, કુટુંબ અને સગાં સ્નેહીઓ છોડવાને મને ઘણો સમય વિતી ચૂક્યો હતો. ખાસ કરીને મને ''રાસ્પોટીન (મારા પુત્ર)નો ખ્યાલ આવી રહ્યો હતો જે મારી ઈરાકની રવાનગીના થોડાક જ અરસા પછી જન્મ્યો હતો. આ નવા અવતરનારની યાદ મને ઘણો બેચેન કરી રહી હતી. આ કારણે મેં થોડાક સમય માટે લંડન આવવા એક દરખાસ્ત પણ મોકલી હતી. ઈરાકમાં મને ત્રણ વર્ષ વીતી ચૂક્યાં હતાં. નવા આબાદીયાત વઝારતના બગદાદ ખાતેના પ્રતિનિધિનો મને આગ્રહ હતો કે હું

વારંવાર તેની પાસે જાઉં નહીં કારણે કે શક્ય છે કે લોકો મને શંકાસ્પદ નજરોથી જોવા લાગે. આ સૂચનોને મેં નજર સમક્ષ રાખી દજલા નજીક એક મુસાફરખાનાને મારું રહેઠાણ બનાવ્યું. નવ આબાદીયાતના બગદાદ ખાતેના પ્રતિનિધિએ મને જણાવ્યું હતું કે, લંડનથી જવાબ આવતાં તુર્તજ તેને પરિચિત કરી દેવામાં આવશે.

બગદાદના નિવાસ દરમિયાન મેં એ શહેરની સામાન્ય પરિસ્થિતિમાં ઉષ્માની હુકૂમતના પાટનગર ''કુસ્તુન્તુનીયહ્'' (ઈસ્તંબુલ)ની સરખામણી કરી ત્યારે મને જણાયું કે એ બંનેમાં મુખ્ય તફાવત અરબો સંબંધી ઉષ્માનીઓની દુશ્મની અને બદ્નિય્યતી જોવા મળી તેમણે (ઉષ્માનીઓએ) ઈરાકી શહેરો, આબાદીયોને આરોગ્યની રક્ષાના સમગ્ર સિદ્ધાંતોથી ઉલ્ટું નાપાક ગંદકીનું ધામ બનાવવામાં કોઈ કસર બાકી રાખી ન હતી.

**બસરાથી કરબલા તથા નજફ પહોંચ્યા પછી થોડા મહીનાઓ બાદ મને શયખ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબનો ખ્યાલ આવ્યો. હું તેના તરફથી ઘણો ચિંતિત હતો. મેં તેના પર ઘણી મહેનત કરી હતી છતાં મને તેના પર વિ□ાસ ન હતો કેમ કે તે બદ્મિજાઝી હતો. આ ઉપરાંત તેનો ગુસ્સો પણ ઘણો તેજ હતો અને જરા જરા વાત પર તે આજ્ઞાથી બહાર થઈ જતો. આ વિશેષતાઓના કારણે મને થડકો હતો કે કયાંયે મારી મહેનત નિષ્ફળ ન નિવડે, જે ઈચ્છાઓને એક લાંબા સમયથી હું છાતીમાં લઈ ફરી રહ્યો હતો તેના પર પાણી ન ફરી જાય.**

જે દિવસે હું બસરા તરફ રવાના થઈ રહ્યો હતો ત્યારે તે તુર્કી



જવા જીદ પકડી રહ્યો હતો કે ત્યાં જઈ તે શહેરથી પરિચિત થઈએ, મેં ઘણી સખ્તી સહિત તેની સફર પડતી મૂકાવી અને કહ્યું : મને ભય છે કે તમે ત્યાં જઈ કોઈ એવી ઉલ્ટી સીધી વાત ન કરી બેસો કે જેનાથી તમારા પર કુફ્ર–ઈલ્હાદનું ઈલ્ઝામ થોપાઈ જાય અને તમારું ખૂન બેકાર બને પરંતુ સત્ય વાત એ હતી કે હું એ ન ચાહતો હતો કે તે ત્યાં જઈ અમુક ઉલ્માએ અહલે સુન્નતનો સંપર્ક સાધે કારણ કે તેમાં એ વાતની ભીતિ હતી કે ક્યાંય પેલા લોકો તેમની મજબૂત દલીલો વડે બીજીવાર તેને પોતાની જાળમાં ફસાવે નહીં અને મારી બધી યોજનાઓ એળે જાય.

જ્યારે મેં જોયું કે, મુહમ્મદ બસરા જવા પર આગ્રહી છે ત્યારે પરાણે મેં તેને ઈરાક જવા ઉશ્કેર્યો કે ત્યાં જઈને શીરાઝ અને ઈસ્પહાનની સહેલ કરે.

અહીં એ વાતની સ્પષ્ટતા જરૂરી છે કે, આ બંને શહેરોના રહીશો શીઆઓના અનુયાયીઓ છે અને એ વાત કયાસથી દૂર હતી કે શયખ (મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ) તેમના અકાઈદોની અસર હેઠળ આવે. મને આ અંગે સંપૂર્ણ સંતોષ હતો કેમ કે હું શયખને સારી રીતે પિછાણતો હતો.

વિદાય થતાં થતાં મેં તેને પૂછયું : ''તકીયા''ના બારામાં તમારા વિચારો કેવા છે ?''

તેણે કહ્યું : ''દુરુસ્ત છે. (તકીયો) કેમ કે પૈગંબરે અકરમ صلى الله عليه وسلمના એક સહાબી અમ્માર તે મુશ્રિકોની બીકે કે, જેમણે તેમનાં માં બાપને કતલ કર્યાં હતાં પોતાને મુશ્રિક જાહેર કરતા હતા અને ખત્મી મર્તબતે (હુઝૂર صلى الله عليه وسلم એ) જનાબ અમ્માર યાસિરની આ રવિશ તરફ ઈશારો પણ કર્યો છે.

મેં તેને (શયખ)ને કહ્યું : બસ, તો તમારા પર વાજિબ છે કે ઈરાન જઈને તકીયાને ન ભૂલો અને પોતાને શીઆ જાહેર કરો જેથી એ'તેરાઝોથી બચતા રહો તેમજ ઉલ્માની સોહબત પણ તમને મળતી રહે. વળી સાથોસાથ ઈરાનીઓના આદાબો, રસ્મો પણ તમારા પર ખુલ્લા થઈ જાય કેમ કે આગળ જતાં આ માહિતી તમને ઘણી કામ આવશે. તમને તમારા ઉદ્દેશોમાં મહાન સફળતા અપાવશે.

આ ગુફતગૂ પછી મેં તેને (શયખને) થોડીક રકમ ''ઝકાત''ના પેટે આપી. ઝકાત એક પ્રકારનો ઈસ્લામી વેરો છે જે પુંજીપતિઓથી વસૂલ કરવામાં આવે છે કારણ કે તેની આવકને ઉમ્મતના લાભો માટે ખર્ચ કરવામાં આવે છે. જતી વેળા મેં રસ્તામાં જ તેને એક ઘોડો ખરીદી આપ્યો કે જેની તેને ઘણી જરૂર હતી અને પછી હું તેનાથી અલગ થઈ ગયો. તે દિવસથી આજ સુધી તેની કોઈ ખબર નથી અને ન જાણે તેના પર શું વીતી હશે. મને વધુ ચિંતા એટલા માટે પણ હતી કે અમે બસરાથી નીકળતી વેળા એ નિર્ણય કર્યો હતો કે અમારે પરત પણ બસરા જ જવાનું છે અને અમારામાં કોઈ બસરા ન પહોંચી શકે તો પોતાની વિગત અબ્દુર્રઝા તરખાનને લખી મોકલે કે જેથી પરસ્પરની પરિસ્થિતિ જાણી શકાય છતાં હજી સુધી તેના તરફથી કોઈ જાણ મળી નથી.

## ૦૬ હમ્ફ્રે પર લંડનની સભામાં પ્રશંસાનાં પુષ્પોની વર્ષા !

થોડા સમયની ઈન્તેઝારી પછી અંતે નવ આબાદી ઈલાકાની વઝારત તરફથી જરૂરી આદેશો મને બગદાદ પહોંચાડવામાં આવ્યા તથા સાથોસાથ મને તુર્તજ લંડન આવવા જણાવવામાં



આવ્યું. લંડન પહોંચતાં જ નવ આબાદીયાની ઈલાકાઓની વઝારતના સેક્રેટરી તથા ઉચ્ચ હોદ્દેદારોની સાથે અમે એક કમિશન (પંચ)ની સ્થાપ્ના કરી. મેં આ સભામાં મારી ફરજો, ભરેલાં પગલાં તથા સૂચનો પર નિર્ધારિત હેવાલ લંડનના અધિકારીઓ સમક્ષ રજૂ કર્યા અને તેમને બંને નેહરો (દજલા અને ફુરાત) વચ્ચેની કેફિયતથી પણ માહિતગાર કર્યા.

ઈરાક સંબંધી મારા તરફથી સંપાદન કરવામાં આવેલ માહિતી તથા મારી કામગીરીએ બધાંના દિલો જીતી લીધાં હતાં. અગાઉ પણ ઈરાકથી મેં કેટલાક રિર્પોટો મોકલ્યા હતા. બીજી તરફ સફીયાએ પણ એક હેવાલ મોકલ્યો હતો જે સંપૂર્ણપણે મારા રિપોર્ટના અનુમોદનરૂપ હતો.

આ સિવાય મને એ વાત પણ જાણવા મળી કે, પ્રધાન ગૃહેથી મારી દેખભાળ માટે કેટલીક ખાસ વ્યક્તિઓને મારી પાછળ લગાડી રાખી હતી જેઓ પ્રવાસ અગર વતનમાં મારા પર નિગાહ રાખતી હતી. એ વ્યક્તિઓએ પણ પોતાના રિપોર્ટમાં મારી કાર્ય પદ્ધતિ અને દિલચસ્પી પ્રતિ ખુશ હોવાનું જણાવ્યું હતું તથા તે હેવાલોને સંપૂર્ણ અનુમોદન આપ્યું હતું જે મેં લંડન મોકલ્યા હતા.

આ વખતે સંપૂર્ણ મેદાન મારા હાથમાં હતું અને બધા મારાથી ખુશ હતા. ત્યાં સુધી કે તે સમયના સેક્રેટરીએ વઝીરથી મારી મુલાકાત માટે સમય ફાળવ્યો અને હું વઝીરને મળવા ગયો. મને જોતાં જ વઝીરના ચહેરામાં ખીલાવટ આવી અને ઘણા જોશીલા અંદાજે મને આવકારી મારી સાથે હસ્તધુનન કર્યું. પ્રસ્તૂત મુલાકાત ભૂતકાળની નિર્જીવ અને ટૂંક મુલાકાતોના મુકાબલે અલગ હતી જેનાથી એ વાત જાહેર થતી હતી કે મેં તેના અંતરમાં મારા માટે સ્થાન જન્માવ્યું છે.

વઝીર અંગત રીતે મારા અનુભવથી સંતોષિત હતો કારણ કે મેં શયખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબને મારા કબ્જામાં કરી લીધો હતો. મને યાદ છે કે, તેણે પોતાની વાતચીત દરમિયાન મને કહ્યું હતું : મુહમ્મદ પરનો કબજો નવ આબાદીયાતી વઝારતનો સૌથી અગત્યનો પ્રશ્ન હતો. તેણે ઘણી સખ્તી સહિત એ તાકીદ કરી હતી કે, હું મુહમ્મદને એક વ્યવસ્થિત યોજના હેઠળના તે કાર્યોથી આગાહ કરું જે તેણે આગળ ઉપર ચાલીને અમારા માટે અંજામ આપવાના છે.

તે વારે વારે એ વાતનો સ્વીકાર કરી રહ્યો હતો કે, મહાન બ્રિટન મારી સમગ્ર સેવાઓ શયખ મુહમ્મદ જેવા શખ્સની ઢુંઢ તથા તેના પર મારી પકડ કાયમ કરવાના મુકાબલે ભવ્ય છે. નવ આબાદી ઈલાકાઓના વઝીરે જ્યારે જાણ્યું કે હું શયખના ગુમ થયાના બારામાં ઘણો ચિંતિત છું ત્યારે તેણે ઘણી શાંતિથી જવાબ આપ્યો, ''પરેશાન થવાની જરૂર નથી.'' શયખને તમે જે કાંઈ પઢાવ્યું હતું તે તેને હમણા સુધી યાદ છે અને અમારા માણસોએ ઈસ્પહાનમાં તેનાથી સંપર્ક સાધી રાખ્યો છે. તેમના રિપોર્ટ પરથી જણાયું છે કે, શયખ હમણા સુધી પોતાની કેડી પર કાયમ છે. મેં મનોમન કહ્યું, શયખે પોતાના ગર્વ ઘમંડની સાથે અંગ્રેજ જાસૂસને તેના બારામાં જાણકારી માટે કઈ રીતે પરવાનગી આપી હશે કે તેઓ તેના બારામાં માહિતી એકત્રિત કરી શકે ?

આ વિષય પર વઝીરથી વાર્તાલાપ કરતાં મને ભય જણાયો કે ક્યારેક તે ખરાબ ન માની બેસે.

આ પછી બીજી વખતની શયખની મુલાકાત પ્રસંગે મને બધી જાણ થઈ ગઈ અને તેણે (શયખે) મને બધી હકીકત જણાવી દીધી.

તેણે કહ્યું, ઈસ્પહાનમાં તેને અબ્દુલ કરીમ નામના એક શખ્સ



સાથે મૈત્રી થઈ જે પોતાને કલમનો સ્વામી જાહેર કરતો હતો અને તેણે શયખ પર પોતાનું પ્રભુત્વ પ્રભાવિત કરી તેના બધા ભેદ પામી લીધા હતા. આ પછી સફીયા પણ કેટલાક સમય પછી ઈસ્પહાન આવી અને તેણે વધુ બે મહીના માટે શયખથી ''મુતાઅ'' કર્યો. શીરાઝની સફરમાં તેણી શયખ સાથે ન હતી બલ્કે અબ્દુલ કરીમે તેને પોતાની સાથે રાખી હતી. શીરાઝમાં અબ્દુલ કરીમે સફિયાથી પણ વધુ સૌંદર્યવાન છોકરીની વ્યવસ્થા કરી હતી અને તેણી શીરાઝના એક યહૂદી કુટુંબની છોકરી હતી જેનું નામ આસિયા હતું. અબ્દુલ કરીમ ઈસ્પહાનનો માં બાપથી આઝાદ થયેલો પુત્ર હતો. અબ્દુલ કરીમ તેનું કામ ચલાઉ નામ હતું. તે ઈસાઈ હતો તે પણ બ્રિટનની નવ આબાદી ઈલાકાઓની વઝારતનો પૂરાણો નોકર હતો.

મતલબ કે અબ્દુલકરીમ, સફિયા, આસિયા તથા મેં મળીને અમારી રાત્રિ દિવસની કોશિશોથી શયખ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબને નવ આબાદીયાતી ઈલાકાઓની વઝારતની ઈચ્છા અનુસારના બીબામાં ઢાળ્યો અને આગામી પ્લાનિંગને અમલી બનાવવાની જવાબદારી વહન કરવા પર તૈયાર કર્યો. અહીં એક સંકેત પણ વર્ણવવા યોગ્ય છે કે, વઝીરની મુલાકાત પ્રસંગે સેક્રેટરી સિવાય મિનિસ્ટ્રીના અન્ય બે હોદ્દેદારો પણ ત્યાં હાજર હતા જેમને હું જાણતો ન હતો. વઝીરે સભા પૂરી થતાં મને કહ્યું : ''હવે તમે ઈંગ્લિસ્તાનની નવ આબાદીયાત વઝારતના મોટા ગર્વિષ્ટ નિશાનને પાત્ર છો. આ તે મોભ્ભો છે જેને અમારી હુકૂમત પ્રથમ હરોળના જાસૂસોને આપતી રહે છે.'' વિદાય વેળા તેણે સ્પષ્ટ અંદાજમાં મને કહ્યું, ''મેં, સેક્રેટરીને કહી દીધું છે કે તે તમને હુકૂમતના થોડાક છુપા અને ભેદી પ્રશ્નોથી આગાહ કરે કે તમે તમારી જવાબદારી

ઉત્તમ રીતે અંજામ આપી શકો.

વઝીરની ખુશ્નુદીના કારણે મારી દસ દિવસની રજા મંજૂર થઈ. મને મારી પત્ની અને એક બાળકને મળવાનો પ્રસંગ સાંપડયો. મારો પુત્ર જે હવે ત્રણ વર્ષની વયનો હતો તે બિલકુલ મારી જ શીકલનો હતો અને થોડાક ઘણા મીઠા અંદાજમાં બોલતો થયો હતો.

હું વાસ્તવમાં મારા કાળજાની કોરને ધરતી પર હરતો ફરતો જોતો હતો. અફસોસ કે આનંદની પળો ઘણી તેજીથી વિતી રહી હતી. પત્ની અને બાળક સાથે વિતતી આ આનંદમય ઘડીઓ ખરેખર અવર્ણનીય છે. ખરેખર જીવનની સમગ્ર લિજ્જતો આની આગળ તુચ્છ છે. પાકટવયના મારા એક કાકા હતા. મારા બાળપણથી જ તેમની મારા પર કૃપા દૃષ્ટિ રહેવા પામી છે.

હું તેણીને મળીને કેટલો ખુશ થયો હતો તેનો અંદાજો કોઈને થઈ શકે નહીં. મારી આ છેલ્લી મુલાકાત હતી તેથી દસ દિવસની રજાઓ પછી જ્યારે હું ત્રીજા વખતે મારી સફર પર રવાના થયો ત્યારે ઘણા અફસોસ સહિત મને તેમના મરણના સમાચાર સાંપડયા.

મારી દસ દિવસની રજાઓ પળઝપકમાં વિતી ગઈ. આ એક કડવી હકીકત છે કે, જીવનની આનંદમય પળો હમેશાં ઝડપભેર વિતે છે અને મુશ્કેલીની પળો પોતાના દામનમાં વર્ષોનો તફાવત રાખે છે. લંડનની આનંદવિભોર પળોમાં મેં મારી નજફની માંદગીને યાદ કરી જેની પળે પળ મારા માટે એક સદી બની ગઈ હતી. હું કોઈ પણ રીતે મુસીબતના તે દિવસો વિસરી શક્તો નથી. ખુશીના દિવસ એટલા લાંબા નથી કે તે મુસીબતોના દિવસોની રડાકૂટના સ્મરણોને બાકોરાઓમાં આવવા ન દે.



દસ દિવસની રજાઓ ગાળ્યા પછી આગામી કાર્યવાહીના માર્ગદર્શન માટે રડતા હૃદયે વઝારતના કાર્યાલયે ગયો. સેક્રેટરીની મુલાકાત પ્રસંગે મેં તેને હંમેશ પ્રમાણે ખુશ ખુશાલ જોયો. તેણે ઉત્સાહપૂર્ણ રીતે મારી સાથે હસ્તધુનન કર્યું અને મૈત્રી ભાવે કહ્યું : નવ આબાદીયાતી કાર્યોના ખાસ કમિશનની ઈચ્છા મુજબ વઝીર મને પોતાને હુકમ કર્યો છે કે હું તમને બે મહત્વના ભેદોથી પરિચિત કરું કે તેમનો પરિચય તમને આગામી પ્રોગ્રામોમાં તમારા માટે લાભદાયી પુરવાર થાય. પ્રસ્તૂત આ બે વાતોથી નવ આબાદીયાત ઈલાકાની વઝારતના માત્ર બે જ સભ્યો જાણકાર છે. એમ કહી તેણ મારો હાથ થામ્યો અને મને પ્રધાન મંડળના એક ખંડમાં લઈ ગયો. જ્યાં કેટલાક લોકો ગોળમેજની ચોપાસ બેઠા હતા. તેમને જોતાં જ આશ્ચર્ય રીતે હું ચીખતો ચીખતો રહી ગયો. કારણ કે આ બેઠકના માણસોની કયફીયત કાંઈક આવી હતી.

૧. આબેહુબ ઉષ્માની સલ્તનતનું જાહોજલાલીવાળુ પૂતળુ જે તુર્કી અંગ્રેજી ભાષાઓ પર ઘણી જ શક્તિવાળું ત્યાં ગોઠવાએલું હતું.
૨. કુસ્તુન્તુનીયહ્ના શયખુલ ઈસ્લામની બીજી હકીકત નઝદીકનું ચિત્ર.
૩. ઈરાનના શહેનશાહનું જીવતું ખોળિયું.
૪. ઈરાનના દરબારમાં શીઆ આલિમની આખી છબી.
૫. નજફમાં શીઆઓની અનુકરણીય કેન્દ્રિય વ્યક્તિનું નખશીખ ચિત્ર.

છેલ્લા ત્રણ શખ્સો ફારસી અને અંગ્રેજી ભાષાઓમાં ગુફતેગુ કરી રહ્યા હતા. બધાની નજીક પ્રાઈવેટ સેક્રેટરી બિરાજમાન હતા જેઓ તેમની વાતોની નોંધ બનાવી હાજરીનો માટે તેનો અનુવાદ

રજૂ કરી રહ્યા હતા. જાહેર છે કે આ બધા પ્રાઈવેટ સેક્રેટરીઓ કોઈ કાળે પ્રસ્તુત પાંચ વ્યક્તિઓના ઘણા નિકટવર્તી હોય અને તેમનો સંપૂર્ણ રિપોર્ટ જાહેર કે આંતરિક ઈતબારે મૂળ વ્યક્તિઓના સંપૂર્ણ ચિત્રો બનાવાયા હોય. પાંચે સ્વાંગી પોતાની ફરજો, સ્થાન તથા દરજ્જાથી ખૂબી સહિત પરિચિત હતા.

સેક્રેટરીએ વાતનો પ્રારંભ કરતાં કહ્યું : આ પાંચ મૂળ વ્યક્તિઓએ મૂળ વ્યક્તિઓનું બહુરૂપ ધરી રાખ્યું છે અને એ બતાવવા ચાહે છે કે તેઓ કયા પ્રકારની વિચારણા રાખે છે અને ભવિષ્યના બારામાં તેમના કેવા ખ્યાલ છે. અમે ઈસ્તંબુલ, તહેરાન તથા નજફની સંપૂર્ણ વિગત તેમને એકત્રિત કરી આપી છે. હવે તેઓ પોતાના બનાવટીપણાને સાચપણા પર ઉઠાવી બેઠા છે અને એ જ એહસાસ સાથે પોતે પ્રાપ્ત કરેલ માહિતીથી અમારા પ્રશ્નોના જવાબો એકત્રિત કરે છે. અમારી પરખ પ્રમાણે તેમાંનો સેંકડે ૭૦ ટકા જવાબ વાસ્તવમાં અગર એમ કહો કે મૂળ વ્યક્તિઓના ચિંતન સાથે સુમેળ સાધતા જણાયા છે. સેક્રેટરીએ પોતાની વાતચીત દરમિયાન મને સંબોધીને કહ્યું : જો તમે ચાહો તો આમાંથી કોઈની પણ કસોટી કરી શકો છે. દાખલા તરીકે નજફના શીઆઓના અનુસરણના ઈમામ રૂપથી (પુતળા) જે ચાહો પૂછી શકો છો.

મેં કહ્યું : "ઘણુ સારું. તુરત જ કેટલાક પ્રશ્નો પૂછી નાખ્યા. મારો પ્રથમ પ્રશ્ન એ હતો, કિબ્લા કા'બા ! શું આપ આપના અનુયાયીઓને એ વાતની રજા આપો છો કે તેઓ સુન્ની અને અતિ આકરી એવી ઉષ્માની હુકૂમતની વિરૂધ્ધતા કરવા કમર કસે તથા તેમની વિરૂધ્ધ જંગનું એલાન કરે."

નકલી કે સ્વાંગી શીઆ નેતાએ થોડોક સમય વિચારી અને



કહ્યું : "હું મુદ્દલ જંગની રજા નથી આપતો કારણ કે તેઓ સુન્ની મુસલમાન છે અને કુર્આનની આયત કહે છે કે બધા મુસલમાન આપસમાં ભાઈ ભાઈ છે.

જંગ માત્ર ત્યારે જ જાઈઝ છે જ્યારે ઉષ્માની હાકેમો જુલ્મ સિતમ પર ઉતરી આવે, આવી હાલતમાં (કુર્આની) અમલ કરવા અને મનાઈ કરવાના આદેશો અનુસાર તેમનાથી લડાઈ થઈ શકે છે. તે પણ ત્યાં સુધી કે જ્યારે જુલ્મના ચિન્હો નાબૂદ નાશ ન થાય તથા જાલિમ જુલ્મથી બાઝ ન આવે ત્યાં સુધી."

મેં પછી બીજો પ્રશ્ન પૂછયો : "હુઝૂરેવાલા ! યહૂદીઓ અને ઈસાઈઓની નાપાકીના બારામાં આપનો શું વિચાર છે ? શું એ લોકો સાચે જ નાપાક છે ?"

તેણે કહ્યું : "હા, આ બંને ફિર્કા નાપાક જ છે અને મુસલમાનોએ દૂર રહેવું જોઈએ."

મેં પૂછયું : "તેનું શું કારણ ?"

તેણે કહ્યું : "મૂળમાં પરસ્પરની વર્તણૂંકનો આ મસ્અલો છે. કેમ કે તેઓ પણ આપણને કાફિર કહે છે અને આપણા પૈગંબરને જૂઠલાવે છે."

આ પછી મેં પૂછયું : "પૈગંબરે અકરમ ﷺએ સફાઈ સંબંધમાં એટલી તાકીદો કરી કે તે સફાઈ ઈમાનની નિશાની છે. છતાં હઝરત અલીના પવિત્ર સહન તથા બધા બજારોમાં આટલી બધી ગંદકી શા માટે ફેલાય રહી છે ?"

અનુસરણના કેન્દ્રએ જવાબ વાળ્યો : "બેશક ! ઈસ્લામે સફાઈ સુથરાઈને ઈમાનની દલીલ જાણી છે પરંતુ તેને શું કરવું કે ઉષ્માની હુકૂમતના કર્મચારીઓની લાપરવાઈ તથા પાણીની ઓછપ આ

પરિસ્થિતિ પેદા કરી છે.''

મજાની વાત એ હતી કે આ બનાવટી અનુસરણ કેન્દ્ર (પૂતળા–તેના)ની તૈયારી હાજર જવાબી નજફના સાચા અનુસરણ કેન્દ્ર સમા નેતાના સાચા જ દષ્ટિ બિંદુ અનુસારની હતી. ફક્ત ઉષ્માની હુકૂમતના કર્મચારીઓની લાપરવાઈની વાત તેણે (પૂતળા)એ પોતાના તરફથી તેમાં ભેળવી હતી કેમ કે નજફના આલિમની જબાનથી આ વાક્ય સંભળાયું ન હતું.

મતલબ કે હું આ જવાબોના સરખાપણા પર ઘણુ જ આશ્ચર્ય અનુભવતો હતો કારણ કે બધા જવાબો જેવાને તેવા જ મૂળ વ્યક્તિના બયાનોમાંના જ હતા જેને પેલા (બનાવટી)એ ફારસી ભાષામાં રજૂ કર્યા હતા. આ બનાવટી પણ ફારસીમાં જ વાતચીત કરી રહ્યો હતો.

સેક્રેટરીએ મને કહ્યું : ''અન્ય ચાર વ્યક્તિઓથી પણ ચાહો તેવા પ્રશ્નો કરી શકો છો આ ચાર વ્યક્તિઓ પણ તમને મૂળ વ્યક્તિઓ જેવા જ જવાબો આપશે.''

મેં કહ્યું : ''કે હું ઈસ્તંબુલના શયખુલ ઈસ્લામ અહમદ આફંદીની વિચારધારાથી સારી રીતે પરિચિત અને તેની વાતો મારા સ્મરણમાં રક્ષિત છે. તમારી પરવાનગીથી હું તેના હમ શક્લથી વાતચીત કરીશ.''

આ પછી મેં પૂછયું : ''આફંદી સાહબ ! શું ઉષ્માની ખલીફાની તાબેદારી વાજિબ છે ?''

તેણે કહ્યું : ''હા, મારા બેટા ! તેની તાબેદારી ખુદા તથા તેના રસૂલની તાબેદારી વાજિબ છે.''

મેં પૂછયું : ''કઈ દલીલના પાયા પર ?''



તેણે જવાબ આપ્યો : ''શું તમે તે આયતે કરીમા સાંભળી છે કે ખુદા તેના રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ અને ઉલુલ અમ્ર હાકેમની તાબેદારી કરો[1].''

મેં કહ્યું : ''જો દરેક ખલીફા ઉલુલ અમ્ર છે તો ખુદાએ અમને યઝીદની પણ તાબેદારીની આજ્ઞા આપી છે કેમ કે તે તે સમયનો ખલીફા હતો, જો કે તેણે મદીનાની તારાજીની આજ્ઞા કરી હતી અને રસૂલના નવાસા હઝરત ઈમામ હુસૈનને કત્લ કર્યા હતા. અલ્લાહ તઆલા વલીદની તાબેદારીનો હુકમ કેમ આપશે જ્યારે કે તે દારૂડીઓ હતો ?''

નકલી શયખે જવાબ આપ્યો : ''મારા બાળક ! યઝીદ અલ્લાહના તરફથી મુ'મિનીનોનો અમીર હતો. પરંતુ હુસૈનના કત્લમાં તેનાથી ભૂલ થઈ ગઈ. જેથી પાછળથી તેણે તૌબા કરી લીધી હતી. મદીનામાં કતલ, દગો, ગારતગીરીનો સબબ ત્યાંના લોકોની નાફર્માની અને યઝીદની તાબેદારીનો વિરોધ હતો, જેમાં યઝીદનો કાંઈ કસૂર હતો નહીં[2]. હવે રહી ગયો વલીદ તો એમાં શક નથી કે તે દારૂ પીતો હતો પરંતુ દારૂમાં પાણી ભેળવી પીતો હતો કે તેની મસ્તી ખતમ થઈ જાય અને એ ઈસ્લામમાં જાઈઝ છે[3].''

---

૧. اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَاُولِى الْاَمْرِ مِنْكُمْ *(સૂરએ નિસા, આયત–૫૯)*

**૨.** યઝદીની તરફદારીની તેમની વાત તદ્દન ગલત છે મૂળ હકીકત માટે શહીદે કર્બલાનો ઈતિહાસ વાંચવો.

**૩.** શરાબખોરી ઈસ્લામમાં મુદ્દલ હરામ છે અને હરામ હોવું કોઈપણ શર્તથી તૂટતુ નથી.

મેં થોડા સમય પહેલાં ઈસ્તંબુલમાં શરાબ હરામ હોવાના મસ્અલાના ત્યાંના શયખુલ ઈસ્લામ શયખ અહમદને પૂછયો હતો. તેનો જવાબ થોડાક મતભેદ સહિત લંડનના આ નકલી શયખુલ ઈસ્લામના જવાબથી મળતો આવતો હતો. મેં અસલથી નકલની આવી મળતી છબી તૈયાર કરવાની કોશિશોને બિરદાવતાં સેક્રેટરીને પૂછયું : "અંતે આ કામથી શું ફાયદો થઈ શકે છે ?"

તેણે જવાબ આપ્યો : "આ રીતે અમે બાદશાહો તથા સુન્ની શીઆ ઉલ્માના વિચારો તથા તેમની તબીઅતોનું આકર્ષણથી પરિચય પ્રાપ્ત કરીએ છીએ. પછી એ ચર્ચાને પારખીએ છીએ અને તે પછી તેનાં પરિણામો તારવવામાં આવે છે. એ પછી અમે ઈલાકાઓના મઝહબી, રાજકીય, પ્રશ્નો દખલ અંદાજ કરીએ છીએ. દાખલા તરીકે જો અમને એ જાણવા મળે છે કે ફલાણો આલિમ કે બાદશાહ ઈલાકાની પૂર્વે સરહદે અમારા મુકાબલે ઉતરી રહ્યો છે તો અમે તેના કાર્યને નષ્ટ કરવા માટે પ્રત્યેક ક્ષેત્રે અમારી શક્તિઓને તે તરફ કેન્દ્રિત કરી દઈએ છીએ પરંતુ જો અમે એ જાણતા ન હોઈએ કે અમારો સાચો શત્રુ કયા સ્થળે પ્રવૃત છે તો પછી અમારે અમારી શક્તિઓને ઈલાકાઓના ચપ્પે ચપ્પે ફેલાવવી પડે છે. પ્રસ્તુત કાર્ય અમને એ વાતમાં મદદ આપે છે કે અમે ઈસ્લામી આજ્ઞાઓ ફર્માનોથી એક મુસ્લિમ વ્યક્તિના અંદાજે પ્રાપ્ત કરવાનું સમજીએ અને તેના સ્મરણપટ પર શંકા કુશંકાઓ તથા ડામાડોળપણું પૈદા કરવા માટે વધુ સ્પષ્ટ અને બોલકણા ઉદ્દેશ એકત્ર કરીએ અને તે દ્વારા તેના અકાઈદ (માન્યતાઓ)માં ડગુમગુપણું પૈદા કરવા માટે આ પ્રકારના પગલાં અત્યંત અસરયુક્ત પુરવાર થાય છે.

આ પછી સેક્રેટરીએ મને એક હજાર સફાઓ પર અવલંબિત



એક દળદાર પુસ્તક અભ્યાસ માટે આપ્યું. આ પુસ્તકમાં અસલી નકલી વ્યક્તિઓની વાતચીત તથા નકશાઓ છુટા પડયાથી ધારેલું કાર્ય પાર પાડવા મુકાબલાના પરિણામો સંબંધી આંકડાઓની નોંધ હતી અને મેં પ્રાપ્ત કરેલ પરિણામોની બુનિયાદ પર ઈસ્લામી જગતમાં ફૌજી, આર્થિક, શૈક્ષણિક તેમજ મઝહબી પ્રશ્નો સંબંધી બ્રિટિશ હુકૂમતે ગોઠવેલ પ્રોગ્રામોથી પરિચિત થવાનું હતું. મતલબ કે હું એ પુસ્તક ઘેર લઈ ગયો અને ત્રણ અઠવાડિયા જેટલા સમયમાં ઘણા જ ધ્યાન સહિત આરંભથી અંત સુધી તેનો અભ્યાસ કરી નિયુક્ત સમયે નવઆબાદીયાતની વઝારતને પરત કરી આવ્યો. પુસ્તક વાસ્તવમાં ઘણા શ્રમ સહિત તૈયાર કરાયું હતું. તેમાં શૈક્ષણિક, રાજકીય તેમજ ઈસ્લામની દીની શખ્સિયતોના અકાઈદ દષ્ટિ બિંદુઓના બારામાં એવી ખૂબી સહિત બહસ કરી પરિણામ કાઢવામાં આવ્યું હતું કે વાંચક દંગ થઈ રહી જતો હતો. ૭૦% જેટલી બહસો સત્ય સાથે સંકળાએલી હતી. જ્યારે ૩૦%માં મતભેદ હતા. પુસ્તકના અભ્યાસ પછી મને સંતોષ થઈ ગયો કે મારી હુકૂમત ખરેખર તેના અમલમાં સફળ થઈ ગઈ અને પ્રસ્તૂત પુસ્તકની આગાહી મુજબ ઉષ્માની સલ્તનત એક સદીથી ઓછા અરસામાં ખતમ થઈ જશે.

સેક્રેટરીને મળ્યા પછી મને આ વાત પણ માલૂમ થઈ ગઈ કે નવ આબાદીયાતી ઈલાકાઓની વઝારતમાં દુનિયાના બધા દેશો પછી ચાહે તે વિકસેલ હોઈ કે અર્ધ વિકસેલ આ પ્રમાણેની છબીઓની બનાવટ અગર નકલીરૂપનો અમલ જાહેરમાં લાવવામાં આવતા એ બધા દેશોને સંપૂર્ણ રીતે માન્યતાઓના સકંજામાં જકડવાની વ્યવસ્થા સંપૂર્ણ કરી દેવામાં આવી છે.

સેક્રેટરીએ પોતાની વાતચીત દરમિયાન મને કહ્યું હતું કે આ

તે પ્રથમ રહસ્ય છે જેને તેણે વઝીરની આજ્ઞા પ્રમાણે મને (હમ્ફ્રેને) બતાવ્યું છે પરંતુ બીજો ભેદ તે પ્રસ્તૂત પુસ્તકના બીજા ભાગના અભ્યાસ પછી એક મહિના પછી મને (હમ્ફ્રેને) બતાવે છે.

## ઈસ્લામી જગતની તબાહીના આયોજનનું પુસ્તક

મેં બીજુ પુસ્તક લઈ તેનું વાંચન શરૂ કર્યું. આ પુસ્તક પ્રથમ પુસ્તકને સંપૂર્ણ કરતું હતું. તેમાં ઈસ્લામી દેશો સંબંધી નવા સૂચનો, જીવનના જુદા જુદા પ્રશ્નોમાં શીઆ સુન્ની અકાઈદ, વિચારો કે જે હુકૂમતની કમજોરી, અગર શક્તિ જાહેર કરતા હતા અને મુસલમાનોના પછાતપણાના કારણો મુશ્કેલીઓ વિગેરે પર ગુફતેગુ હતી. આ પુસ્તકમાં તે વિષયો પર ખૂબ જ મનનીય ચર્ચા કરવામાં આવી હતી તથા મુસલમાનોના કમજોર પેહલુઓ અથવા શક્તિના ઝરીયાઓને જાહેર કરવામાં આવ્યા હતા અને તે દ્વારા પોતાના હક્કમાં લાભો મેળવવાની તદબીરો સમજાવવામાં આવી હતી. આ પુસ્તકમાં મુસલમાનોની જે કમજોરીઓ તરફ ઈશારા કરવામાં આવ્યા હતા તે આ હતા.

૧. શીઆ સુન્ની મતભેદો
   (अ) હાકેમો સાથે કૌમોના મતમતાંતરો.
   (ब) ઈરાની તથા ઉષ્માની હુકૂમતોના મતભેદો.
   (क) કબીલાઓના મતભેદો.
   (ड) ઉલ્મા તથા હુકૂમતના હોદ્દેદારો દરમિયાન ગેરસમજૂતી.
૨. લગભગ બધા મુસ્લિમ દેશોમાં અજ્ઞાનતા, નાદાનીની વિપુલતા.
૩. ચિંતિત જમાવટ અને ખેંચાખેચ, દૈનિક પરિસ્થિતિથી



અજ્ઞાનપણું, કામ તથા મહેનતની ઉણપ.
૪. માદદી (ભૌતિક) જીવન તરફ દુર્લક્ષ, જન્નતની આશાએ હદથી વધુ ઈબાદત કે જે આ દુનિયામાં ઉત્તમ જીવનના માર્ગો બંધ કરી દે છે.
૫. માથા ભારે રાજકર્તાઓનો જુલ્મો જફા
૬. શાંતિ સંતોષની કમી, શહેરો દરમિયાન સડકો અને માર્ગોની ઓછપ, સારવારની સવલતો તથા આરોગ્યના સિદ્ધાંતોની ઉણપ. જેના કારણે પ્લેગ અગર તેના જેવા રોગોથી દરક વર્ષે આબાદીનો એક ભાગ મૌતને ભેટ થઈ જતો.
૭. શહેરોની વેરાની, સિંચાઈની વ્યવસ્થાની ઓછપ, ખેતી અને ખેતીવાડીની કમી.
૮. હુકૂમતી ઓફિસોમાં અવ્યવસ્થાની, કાયદા કાનૂનની જોગવાઈઓનો અભાવ, કુર્આન તથા શરીઅતની આજ્ઞાઓનો એહતેરામ છતાં અમલી રીતે તેના તરફ બેતવજ્જોહી.
૯. પછાત તથા માંદલુ અર્થકારણ, પૂરા ઈલાકામાં ગરીબી અને બીમારીની વણઝાર.
૧૦. સાચુ શિક્ષણ મેળવેલ યુવકોની ઓછપ.
૧૧. હથિયારો અને વળતા સાધન સામગ્રીની કમી તેમજ હાજર હથિયારો પ્રતિ બેધ્યાનપણુ.
૧૨. સ્ત્રીઓના હક્કોની પાયમાલી અને તેમના તરફ તોછડાઈ.
૧૩. શહેરો ગામડાઓમાં ગંદકી, જ્યાં ત્યાં ગંદકીના ખડકાએલા ઢગો, સડકો, જાહેર માર્ગો, બજારોમાં વેચાતી વસ્તુઓના અવ્યવસ્થિત ઢગલાઓ... વિગેરે.

મુસલમાનોના આ કમજોર પેહલુઓ ગણાવ્યા પછી પુસ્તકમાં એ હકીકત તરફ પણ સંકેત કર્યો હતો કે ઈસ્લામી શરીઅતના કાનૂનો મુસ્લિમોના જીવનની રીતભાત સાથે રતીભાર પણ મેળ ખાતા નથી. એ વાત જરૂરી છે કે મુસલમાનોને ઈસ્લામની સાચી રૂહથી અજ્ઞાત રાખી તેમને દીનની સાચી હકીકતો તરફ પહોંચવા દેવામાં ન આવે. આ પછી પુસ્તકમાં અનુક્રમણિકાના રૂપમાં ઈસ્લામની તે આજ્ઞાઓ તથા મનાઈના હુકમો તરફ પણ ઈશારો કરવામાં આવ્યો હતો જે દીને ઈસ્લામના સિદ્ધાંત અને પાયાને જાહેર કરે છે અને તેના પ્રકાર આ રીતના હતા.

**૦૧.** એકતા, મૈત્રી, ભાઈચારાની તાકીદ અને ફિર્કાબંદીથી અલગપણું. وَاعْتَصِمُوْا بِحَبْلِ اللّٰهِ جَمِيْعًا وَّلَا تَفَرَّقُوْا *(આલે ઈમ્રાન, આયત–૧૦૩)*

**૦૨.** તા'લીમ તર્બિયતની તાકીદ. طَلَبُ الْعِلْمِ فَرِيْضَةٌ عَلٰى كُلِّ مُسْلِمٍ وَّمُسْلِمَةٍ

**૦૩.** પૃથ્વી પર શોધખોળની તાકીદ. فَسِيْرُوْا فِى الْاَرْضِ *(આલે ઈમ્રાન, આયત–૧૩૮)*

**૦૪.** માદ્દી (ભૌતિક) જીવન બેહતર બનાવવાની તાકીદ. رَبَّنَآ اٰتِنَا فِى الدُّنْيَا حَسَنَةً *(સૂરએ બક્ર, આયત–૨૦૧)*

**૦૫.** જિંદગીની સમસ્યાઓમાં લોકો સાથે સલાહ મશ્વરો કરવાની તાકીદ. وَاَمْرُهُمْ شُوْرٰى بَيْنَهُمْ *(સૂરએ શુરા, આયત–૩૮)*

**૦૬.** ધોરી માર્ગો બનાવવાની તાકીદ. فَامْشُوْا فِىْ مَنَاكِبِهَا *(સૂરએ મુલ્ક, આયત–૧૫)*

**૦૭.** નબવી હદીષની બુનિયાદ પર તંદુરસ્તી અને નિદાનની તાકીદ.

(अ) ઈલ્મે ફિકહ ઈલ્મેદીનની હિફાઝત માટે.

(ब) ઈલ્મે તિબ્બ (હિકમત) શરીરની હિફાઝત માટે.



(क) ઈલ્મે નહવ (અરબી વ્યાકરણ) જબાનની હિફાઝત માટે.

(ड) ઈલ્મે નુજૂમ જમાનાની ઓળખ માટે.

**૦૮.** આબાદકારીની તાકીદ. هُوَ الَّذِىْ خَلَقَ لَكُمْ مَّا فِى الْاَرْضِ جَمِيْعًا *(સૂરએ બક્ર, આયત–૨૯)*

**૦૯.** પોતાના કાર્યોમાં વ્યવસ્થા તથા શિસ્ત. وَنَظْمِ اَمْرِكُمْ

**૧૦.** આજીવિકાની મજબૂતીની તાકીદ. مَنْ لَّامَعَاشَ لَهٗ لَامَعَادَلَهٗ

**૧૧.** આધુનિક શસ્ત્ર સામગ્રી સહિત ફોજી શિસ્ત સહિતના શિક્ષણની તાકીદ. وَاَعِدُّوْا لَهُمْ مَّا اسْتَطَعْتُمْ مِّنْ قُوَّةٍ *(સૂરએ ઈન્ફાલ, આયત–૬૦)*

**૧૨.** સ્ત્રીઓના હક્કોનું રક્ષણ તથા તેના મોભાની તાકીદ. وَلَهُنَّ مِثْلُ الَّذِىْ عَلَيْهِنَّ بِالْمَعْرُوْفِ *(સૂરએ બક્ર, આયત–૨૨૮)*

**૧૩.** સફાઈ અને પાકીઝગીની તાકીદ.

આ આજ્ઞાઓના વર્ણન પછી પુસ્તક પોતાના બીજા પ્રકરણમાં ઈસ્લામી શક્તિ કુવ્વતના ઉદયસ્થાનો તથા મુસલમાનોના પ્રગતિના સાધનો પર પ્રકાશ પાડે છે અને તેમને તબાહીમાં સંડોવવા માટે પ્રગતિના માર્ગો વિરૂધ્ધ પગલાં લેવાને નવઆબાદીયાતી વિસ્તારોની વઝારતનું દષ્ટિ બિંદુ ધરાવે છે :–

**૦૧.** રંગભેદ, ભાષા, સંસ્કૃતિ, કૌમી ખેંચાખેંચ.

**૦૨.** વ્યાજ, સંગ્રહખોરી, ખરાબકાર્યો, શરાબ, સુવ્વરનું માસ વિગેરેની મનાઈ.

**૦૩.** ઈમાન અને અકીદાના પાયા પર દીની ઉલ્મા સાથે ખાસ પ્રેમભાવ અને હાર્દિક જોડાણ.

**૦૪.** પ્રવર્તમાન ખલીફા સંબંધમાં આમ મુસ્લિમોનું સન્માન અને

એ અકીદો કે તે પૈગંબરનો જાનશીન તથા 'ઉલુલ અમ્ર' છે જેથી તેની આજ્ઞાઓનું પાલન ખુદા અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ની આજ્ઞાઓનું પાલન છે.

૦૫. કુફ્ફારો વિરૂધ્ધ જેહાદ વાજિબ હોવું.

૦૬. ગૈર મુસ્લિમોની નાપાકી પર શીઆઓનો અકીદો.

૦૭. બધા મઝહબો દીનો પર ઈસ્લામ ચઢિયાતુ હોવાનો અકીદો. (اَلْاِسْلَامُ يَعْلُوْ وَلَا يُعْلٰى عَلَيْهِ)

૦૮. ઈસ્લામી સરજમીન પર યહૂદી અને નસારાઓની ઈબાદતગાહોની તા'મીરના બારામાં શીઆ હઝરાતની મનાઈ.

૦૯. આરબ ટાપુઓ પરથી યહૂદીઓ અને નસારાઓને ભગાડવા પર વધુ મુસ્લિમોની એકમતી.

૧૦. શૌક પૂર્વક નમાઝ, રોઝા તથા હજ્જના ફર્ઝો અંજામ આપવામાં નિયમિતતા.

૧૧. ઉત્પાદનના પાંચમાં ભાગની અદાઈગી બારામાં શીઆઓનોઅકીદો તથા ઉલ્મા તરફથી તેના હક્કદારોને રકમની વહેંચણી.

૧૨. ઈમાન ઈખ્લાસ સહિત ઈસ્લામના દીની અકાઈદો સાથે દિલચસ્પી.

૧૩. ઘરગથ્થુ મજબૂતીના પાયાના ઉદ્દેશ સહિત બાળકો, યુવકોને રિવાયતી શૈક્ષણિક તર્બિયતની સાથોસાથ માં બાપના કાયમી સંબંધોની જરૂરતોની અગત્યતા તરફનું આકર્ષણ.

૧૪. સ્ત્રીઓને પર્દાની તાકીદ જે તેમને ગેરશરઈ સંબંધ અને બદ્અમલીઓથી રોકે છે.

૧૫. જમાઅત સાથે નમાઝ અદા કરવાની લગન તથા દરેક જગાએ લોકોનું દિવસમાં એકવાર મસ્જિદમાં એકઠું થવું.



૧૬. પૈગંબરે અકરમ, અહલે બયત, ઉલમા સુલ્હાની ઝિયારતગાહોની તા'ઝીમ અને સ્થાનોની મુલાકાતો કે સંમેલનોને કેન્દ્ર ઠરાવવાં.

૧૭. સાદાતોનું માન ઈકરામ અને રસૂલ અકરમ ﷺનું એ રીતે વર્ણન કરવું કે તેઓ હજીયે હયાત છે અને દુરૂદો સલામના હક્કદાર છે.

૧૮. શીઆઓ તરફથી તા'ઝીયાદારીની સ્થાપ્ના જે ખાસ કરીને મોહર્રમ તથા સફર મહિનાઓમાં મહાન સંમેલનો તેમજ તેમાં ઉલ્મા ઝિક્ર કરનારાઓની વ્યવસ્થિત તકરીરો જે યકીનન મુસલમાનો ઈમાની દઢતામાં નકારી ન શકાય એવી અસર છોડી જાય છે અને તેમને નેક ચલણ તરફ ઉશ્કેરે છે.

૧૯. ઈસ્લામના અગત્યના સિદ્ધાંતોના વિષયે ધાર્મિક આજ્ઞાઓ અને મનાઈઓનું વ્યાજબીપણું.

૨૦. લગ્ન, શાદી વધુ બાળકો તથા વધુ પત્નીઓ હોવું મુસ્તહબ ગણવું.

૨૧. કાફિરોને હિદાયત કરવા પર એટલું ધ્યાન આપવું કે, જે કોઈ કાફિરને મુસલમાન કરે તો તે કામ તેના માટે સમગ્ર જગતની દૌલત કરતાં અધિક લાભદાયી ગણાય.

૨૨. નેક કાર્યો પૂર્ણ કરવાની અગત્યતા. જે કોઈ કાંઈ નેક કાર્યનું અનુકરણ કરે તેના બે બદલા ખાસ છે. પ્રથમ પેલા નેક કાર્યનો પોતાનો બદલો તથા બીજાએ તે નેક કાર્ય અંજામ આપ્યાનો બદલો. (મન સન્ન સુન્નતન હસનતન કાન લહુ અજરહા વ અજર મન અમિલ બિહા.)

૨૩. કુર્આન હદીષનો અનંત માન મોભ્ભા તથા સવાબના માટે તેના પર વણથંભ્યા અમલની ખાસ જરૂરત.

ઈસ્લામના આ પાયાના ઝરાઓની શક્તિના વર્ણન પછી કિતાબના આગળના પ્રકરણોનો દયાનતના તે મજબૂત સ્થંભોને કમજોર બનાવવા સક્રિય માર્ગો પર ઘણી જ મજબૂત દલીલો સાથે ગુફતેગુ કરાઈ હતી. એ પછી અનુક્રમણિકા રૂપે તે પગલાંઓની તાકીદ હતી જેની મારફત ઈસ્લામી દુનિયાને કમજોર બનાવી શકાતી હતી અને તે આ હતી :–

૧. અવિ□ાસ તથા ગૈર સમજના કારણે શીઆ સુન્નીઓમાં ધાર્મિક મતમતાંતરો પેદા કરવાં અને બંને પક્ષોના તરફથી એક બીજાની વિરૂધ્ધ નફરતયુક્ત તથા તોહમત અંગેઝ વાતો લખવી. કુસંપ, ફિર્કાબાઝી તથા આંતરિક ઝઘડાઓ દ્વારા આ લાભદાયી પ્રોગ્રામ અમલી બનાવવા માટે ભારેમાં ભારે ખર્ચાઓની કદાપી પરવા કરવી નહીં.

૨. મુસલમાનોને અજ્ઞાનતા, અજાણતા અને જહાલતના વાતાવરણમાં રાખવા, કોઈ શૈક્ષણિક સંસ્થાની સ્થાપનાના પ્રયત્નોને સફળતા પ્રાપ્ત થવા દેવી નહીં. પ્રચાર પ્રસાર પ્રકાશન પર પ્રતિબંધો મૂકવા અને જરૂર જણાય તો કુતુબખાના, લાયબ્રેરીઓ (ઈસ્લામી)ને સળગાવી દેવી. બાળકોને દીની મદ્રસાઓ (શૈક્ષણિક સંસ્થાઓ)માં જતા રોકવા અને એ માટે ઉલ્મા તથા કેન્દ્રોના વ્યવસ્થાપકો પર તહોમતો લગાડવી.

૩. આળસ ફેલાવવા માટે જીવનની ઢુંઢથી મુસ્લિમોને અલિપ્ત રાખવા માટે મૌત પછીની દુનિયામાં રંગ ચઢાવીને જન્નતનાં વખાણ એટલા વિશાળ પાયા પર કરવા કે તેઓ (મુસલમાનો) એક પૂતળારૂપ બનીને પોતાના વિકાસ તથા જીવનનાં સાધનોની પ્રાપ્તિના ક્ષેત્રોએથી હાથ ઉઠાવી મૌતના ફરિશ્તાના ઈન્તેઝારમાં બેસી રહે.



૪. ચારે તરફ દુર્વિશોની ખાનકાહોના ફેલાવો તથા એવી કિતાબો અને ચોપાનીયાંનાં પ્રકાશનો કે જે લોકોને દુનિયા તથા દુનિયાની પ્રવૃત્તિઓથી ચલિત કરી તેમને બેઝારી તથા ગોશાનગીન (એકાંતવાસ) તરફ આકર્ષે, જેમ કે ગિઝાલીની અહયાઉલ ઉલૂમ, મૌલાના રૂમની મસ્નવી તથા મહ્યુદ્દીન અરબીની કિતાબ વિગેરે★.

લાંબાગાળાનું અને ખૂદ સત્તાધીશોની સત્યના પુરાવારૂપ જુદી જુદી હદીષોનો પ્રચાર જેમ કે બાદશાહ જમીન પર અલ્લાહનો સાયો છે. (اَلسُّلْطَانُ ظِلُّ اللّٰهِ فِى الْاَرْضِ)

અગર પછી એવો દા'વો કે હઝરત અબૂબક્ર, ઉમર, ઉષ્માન તથા અલી બની ઉમૈયા તથા બની અબ્બાસ બધાના બધા જ તલ્વારના જોરે હુકૂમતના હોદ્દા પર આવ્યા તેમજ તલ્વારનાં જોરે સત્તા કરી અગર છાની છપની કારવાઈને એક તમાશાના રૂપે પેશ કરવી જેની દોર હઝરત ઉમરે થામી રાખી હતી. આ બારામાં દલીલ કાયમ કરવી. જેવું કે હઝરત અલીના પક્ષકારો ખાસ કરી આપના પત્ની હઝરત ફાતિમા ઝોહરાનું ઘર બાળવું, વળી એ પણ સાબિત કરવું કે :–

૧. હઝરત ઉમરની ખિલાફત જાહેરમાં હઝરત અબૂબક્રની વસિય્યત તથા અંદરેખાનેથી વિરોધીઓને ડરાવી, ધમકાવી અમલમાં આવી.

---

★ આ કિતાબોના બારામાં લખનારનો નિર્ણય અજ્ઞાનતા અગર બદ્નિય્યત પર આધારિત છે. ઈમામ ગિઝાલી જેવા મુતકલ્લિમીન (કલામ નિષ્ણાંત) મહ્યુદ્દીન અરબી તથા મૌલાના જલાલુદ્દીન રૂમી જેવા આરિફોએ બયાન કરેલ તા'લીમ અમલી અખ્લાકનો એક ક્રમ છે. નફ્સની પાકીઝગી સંસ્કૃતિને ગોશનશીની અને બેઝારીથી સરખાવવું એ મુદ્દલ દુરૂસ્ત નથી.

**૨.** હઝરત અલીની વિરૂધ્ધતાની બુનિયાદ પર હઝરત ઉષ્માનની ચૂંટણીમાં એક નાટયાત્મક સલાહકાર મંડળની રચના કે જે અંતે વિરૂધ્ધતા ચળવળ ત્રીજા ખલીફાની કતલ તથા હઝરત અલીની ખિલાફત પર પરિણામી.

**૩.** પ્રપંચ, પાખંડ, બહાના તથા તલ્વાર મારફત મુઆવિયાનું સત્તા પર આવવું તથા એ જ રીતે તેમના જાનશીનોની નિયુક્તી.

**૪.** અબૂ મુસ્લિમની નેતાગીરીમાં સફ્ફાહની શસ્ત્ર ચળવળ તથા તલ્વારના જોરે ખિલાફતે બની અબ્બાસની સ્થાપના.

**૫.** હઝરત અબૂબક્રથી લઈ ઉષ્માનીઓ સુધીની સત્તાના આ યુગ સુધી ઈસ્લામના બધા ખલીફા ખંડણીઆ હતા અને એ કે :

**૬.** ઈસ્લામી વ્યવસ્થામાં હમેશાં ખંડણીઓનો દૌર દૌરો રહ્યો છે.

**૭.** માર્ગોમાં અશાંતિના સાધનો પૂરાં પાડવાં, ગુંડાગીરી કરતી વ્યક્તિઓની મદદથી શહેરો અને ગામડામાં ફિત્ના ફસાદ ચગાવવા તથા ગુંડાઓ, ફસાદીઓ, ડાકુઓને પીઠબળ પૂરું પાડવું તેમજ તેમને હથિયારો, રકમ એકત્ર કરી તેમને ઉત્તેજવા.

**૮.** આરોગ્યવર્ધક પ્રયાસોની આડે આવી, જબરી અને કદરી વિચારોને ઉત્તેજવા અને એ બતાવવું કે દરેક ચીજ અલ્લાહ તરફથી છે તેથી તેનું નિદાન નિરથક છે. આ ક્રમમાં આ આયત પેશ કરવી. (وَاِذَا مَرِضْتُ فَهُوَ يَشْفِيْنَ) *(સૂરએ શોએરા, આયત–૮૦)* તે જ મારે છે અને જીવાડે છે. (وَالَّذِىْ يُمِيْتُنِىْ ثُمَّ يُحْيِيْنِ) *(સૂરએ શોઅરા, આયત–૮૧)* તંદુરસ્તી અલ્લાહના હાથમાં છે. મૌત તથા જીવન પણ તેના જ (કુદરતના) હાથમાં છે. બીમારીથી તંદુરસ્તી અને મૌતથી મુક્તિ તેની મરજી ઈરાદા વગર મુદ્દલ અશક્ય છે. આ



બધા જાહેર થનાર પ્રસંગો અલ્લાહની કઝા છે.''

**૯.** ઈસ્લામી દેશોને ભૂખમરા ગરીબીમાં બાકી રાખવા તેમાં કોઈ પ્રકારનો ફેરફાર કે સુધારણાના કાર્યને જારી થવા દેવાં નહીં.

**૧૦.** ફિત્ના ફસાદ અને હંગામાઓને ચગાવવા તેમજ લોકોમાં એ અકીદો મજબૂત કરવો કે ઈસ્લામ ફક્ત પરહેઝગારી તથા ઈબાદતનું જ નામ છે, તેને દુનિયા તેમજ તેનાં કાર્યો સાથે કશો સંબંધ નથી.

હઝરત ખત્મી મરતબત (ﷺ) તથા તેમના જાનશીનોએ ક્યારેક આવા મસ્અલાઓમાં પડવાની કોશિશ કરી નથી તેમજ રાજકિય કે આર્થિક સંગઠનો સાથે કશી નિસ્બત પણ રાખી નથી.

**૧૧.** પ્રસ્તૂત કાર્યો પર ધ્યાન આપવું આર્થિક બદ્હાલી, ગરીબી, બેકારીમાં વૃદ્ધિનું કારણ થશે પરંતુ તેની સાથોસાથ પછાતપણામાં વધારો કરવા માટે ખેડૂતોના અનાજના ઢગલા અગ્નિને ભેટ ધરી દેવા. વ્યાપારી જહાઝો ડૂબાડી દેવાં. વ્યાપારી જહાઝો, ઔદ્યોગિક કેન્દ્રોમાં મોટા પાયે આગ ભડકાવવી, દરિયાના બંદરો તોડી પાડી વસ્તી વેરાન કરવી તેમજ પીવાના પાણીને ઝહેર મિશ્રણ બનાવી દેવા કે જેથી જે તે વિસ્તારનું પછાતપણુ, ગરીબી, મુફલીસીનું સાધન એકત્ર કરી શકાય.

**૧૨.** ઈસ્લામી હાકેમોનો મિજાઝ બદલવામાં આવે. તેમને દારૂ પીવડાવવો, જૂગાર રમાડવો અને અન્ય અખ્લાકી બદીઓ તેમનામાં જન્માવી દેવી. હુકૂમતની તિજારીઓમાં ભ્રષ્ટાચાર અને લૂટ, ખસુટની એવી રીત પૈદા કરવામાં આવે કે તેમની પાસે પોતાના રક્ષણ, મુલ્કની આર્થિક સદ્ધરતા તેમજ પ્રગતિના કાર્યો માટે કોઈ રકમ બાકી ન રહે.

**૧૩.** પુરૂષ, સ્ત્રી પર હાકિમ છે વાળી આયત અગર સ્ત્રીઓ બદીની પૂતળીઓ છે (اَلرِّجَالُ قَوَّامُوْنَ عَلَى النِّسَآءِ) (*સૂરએ નિસાઅ, આયત–૩૪*)ની હદીષના સહારે સ્ત્રીઓની હલકાઈ, નીસાઅ તથા દાસીપણાનો પ્રચાર કરવામાં આવે. (اَلْمَرْئَةُ شَرٌّ كُلُّهَا)

**૧૪.** એમાં શક નથી કે, મુસલમાનોની શહેરી તથા ગામડાની વસ્તીમાં અસ્વછતા અને ગંદકીનું મોટુ કારણ એ ઈલાકાઓમાં પાણીની કમી છે. તેથી આપણે દરેક શક્ય પ્રકારે આ ઈલાકાઓમાં પાણીની સગવડો રોકી દેવી કે જેથી એ ઈલાકાઓમાં ગંદકીનો વધારો થાય.

## મુસ્લિમોની શક્તિ તોડવાનાં અન્ય ષડયંત્રો

કિતાબનાં એક અન્ય પ્રકરણમાં મુસલમાનોની શક્તિ તોડવા અને કમજોર બનાવવા અન્ય સિદ્ધાંતો પર પણ ચર્ચા કરાઈ હતી. જે દિલચસ્પીથી ખાલી નથી.

**(૧)** એવા વિચારો અમલી બનાવવા કે, જે કૌમી, કબાઈલી, (કૌટુંબિક) યા પેઢીઓની અદેખાઈઓને વાચા આપે, એવી જ રીતે ભૂતકાળની કૌમોનો ઈતિહાસ, ભાષા, સાહિત્ય તરફ ઝડપી દોટ લગાડે કે ઈસ્લામના આગમન અગાઉની ઐતિહાસિક વ્યક્તિઓ પર વારી જાય, અને તેમને માનપૂર્વક નિહાળે. મિસરમાં ફિરઔનનું જીવન, ઈરાનમાં જરથુસ્ત, તેમજ બયનુન્નહરૈન (બે નદી વચ્ચેના વિસ્તાર)માં બાબિલની મૂર્તિપૂજા તેમનાં દષ્ટાંતો છે કિતાબના આ ભાગમાં એક મોટા નકશાનો પણ વધારો કરવામાં આવ્યો છે જેમાં તે કેન્દ્રોની નિશાનીઓ દેખાડવામાં આવી હતી જે



ઉપરોક્ત પગલાં પર અમલ કરવા માટે થઈ રહ્યો હતો.

શરાબખોરી, જૂગારબાજી, બદ્ફેઅલી, વ્યભિચારની પ્રવૃત્તિ, સુવ્વરના માંસના ઉપયોગની પ્રેરણા, આવી કારગુઝારીઓમાં યહૂદી, નસરાની, જરથોસ્તી વિગેરે.. લઘુમતિઓને એક બીજાને સાથ સહકાર અપાવવો જોઈએ અને ઉપરોક્ત બુરાઈઓને મુસ્લિમ સમાજમાં વધુને વધુ વિકસતી કરવી જોઈએ જેના બદલામાં નવઆબાદિયાતની વઝારત તેમને ઈનામ ઈકરામથી નવાઝશે. આ કાર્યક્રમ માટે સંખ્યાબંધ વ્યક્તિઓની જરૂર રહે છે. જેઓ આવા પ્રસંગોને હાથથી ન જવા દે અને દારૂ, જૂગાર, સુવ્વરનો માંસ, નબળાં કાર્યોને જ્યાં સુધી થઈ શકે લોકપ્રિય બનાવે.

ઈસ્લામી જગતમાં અંગ્રેજી હુકૂમતના કાર્યવાહકોની એ ફરજ કે તેઓ માલ દૌલત, ઈનામ ઈકરામ તથા દરેક શક્ય રીતે એ બદીઓને પીઠબળ આપે, તેના પર અમલ કરનારાઓને કશી ઈજા ભોગવવા દે નહીં. એટલું જ નહીં પરંતુ મુસલમાનોને ઈસ્લામી આજ્ઞાઓ અને તેના કરવા ન કરવાનાં કાર્યોથી મોઢું ફેરવવા પ્રોત્સાહિત કરે. કેમ કે શરીઅતની આજ્ઞાઓની બેદરકારી જ સમાજ (ઈસ્લામ)ની અવ્યવસ્થા અને વિખવાદનો સબબ થાય છે. જેમ કે કુર્આન મજીદમાં સખ્તાઈ સાથે વ્યાજને વખોડવામાં આવ્યું છે અને તેની ગણના કબીરા ગુનાહોમાં થાય છે તો જરૂરી છે કે, દરેક હાલતમાં વ્યાજ અને હરામના સોદાઓને સામાન્ય બનાવવા પ્રયત્નો કરવામાં આવે અને એ રીતે આર્થિક બેહાલીને સંપૂર્ણપણે ટાળી દેવાય.

**(૨)** આ કામ માટે (વ્યાજ, વટાવ માટે) એ જરૂરી છે કે,

વ્યાજને હરામ ઠરાવતી કુર્આની આયતોની તફસીર ગલત (જૂઠી) કરવામાં આવે અને એ દ્વારા એ સિદ્ધાંતને નજર સમક્ષ રાખવામાં આવે કે કુર્આનની એક આજ્ઞા અન્ય આજ્ઞાઓ માટે પણ હેરફેરનો અરીસો ઠરી શકે છે. મુસલમાનોને આવું સમજાવવાની જરૂરત છે કે, કુર્આને જે વ્યાજને મના કર્યું છે તે ચક્રવૃદ્ધિ વ્યાજ છે. અન્ય વ્યાજોમાં કોઈ બુરાઈ નથી. કુર્આન કહે છે : ''તમારા માલને કાંઈક ઘણો કરવા વ્યાજ ન ખાઓ.'' આ કારણે આમ હાલતમાં વ્યાજ હરામ નથી. (لَا تَاْكُلُوا الرِّبٰوٓا اَضْعَافًا مُّضٰعَفَةً) *(સૂરએ આલે ઈમરાન, આયત–૧૩૦)*

**(૩–૪)** દીનના આલિમો અને આમ લોકો દરમિયાન મૈત્રી અને માન મોભાનું વાતાવરણ ડહોળવું તે મુખ્ય ફર્ઝ છે. જેને ઈંગ્લિસ્તાનની હુકૂમતના દરેક કર્મચારીએ યાદ રાખવી જોઈએ. આ કાર્ય માટે બે વાતોની સખત જરૂરત છે :–

(अ) ઉલ્મા અને કેન્દ્રો (મઝહબી મર્કઝો) પર આક્ષેપો લગાડવા.

(ब) નવઆબાદીયાત ઈલાકાઓની વઝારતથી સંબંધિત થોડીક વ્યક્તિઓને દીનના આલિમોનું સ્વરૂપ આપવું અને તેમને અલ અઝહર યુનિવર્સિટી નજફ, કરબલા, ઈસ્તંબુલના ઈલ્મી, દીની મર્કઝોમાં ઉતારવા.

ઉલ્માએ દીનથી લોકોના સંબંધો તોડવા માટે એક એવો માર્ગ પણ છે કે બાળકોને નવઆબાદીયાતની વઝારતના પ્રોગ્રામો પ્રમાણે કેળવવામાં આવે. આ કાર્ય માટે એવા ઉસ્તાદોની જરૂરત છે કે જેઓ અમારા પગારદારો હોય કારણ કે તેઓ નૂતન શિક્ષણ દ્વારા યુવકો દીનના આલિમો તેમજ ઉષ્માની ખલીફાથી પરસ્પર નફરત કરતા થઈ જાય અને તેમની (ઉષ્માનીઓની) અખ્લાકી બુરાઈઓ,



જુલ્મો જફાને ઘણી જ જોશભેર વર્ણવે અને એ બતાવે કે તેઓ (ઉષ્માનીઓ) કૌમી પુંજીને કેવી રીતે પોતાના ઐશ આરામની ભેટ ધરે છે તેથી તેમનામાં કોઈ પ્રકારની ઈસ્લામી ઝલક દેખાતી નથી.

**(૫)** જેહાદ વાજિબ હોવાના અકીદામાં ઢચુ પચુ તાકાત જન્માવવી અને એ સાબિત કરવું કે, જેહાદ માત્ર ઈસ્લામના પ્રારંભના માટે ઈસ્લામના દુશ્મનોને જેર કરવા માટે હતો, આજે તેની મુદલ જરૂરત નથી.

**(૬)** કાફિરોની પલીદી (નાપાકી) સંબંધમાં હલ્કા કે જે ખાસ કરીને શીઆઓનો અકીદો છે તેવા મસ્અલાઓમાંથી મુસલમાનોના ઝહનમાં જે અકીદાઓ ખારિજ થવા જોઈએ તેના માટે કુર્આન હદીષથી મદદ લેવાની જરૂર છે, જેમ કે :–

તે આયત જેમાં કહેવામાં આવ્યું છે કે અહલે કિતાબ જે ખાય છે તે તમારા પર હલાલ છે તથા પવિત્ર મુસલમાન સ્ત્રીઓ તથા પવિત્ર અહલે કિતાબ સ્ત્રીઓ (યહૂદી નસારા, સ્ત્રીઓ) તમારા પર હલાલ છે★.

શું રસૂલુલ્લાહ ﷺએ સફીયાત તથા મારિયા નામી યહૂદી અને મિસરી સ્ત્રીઓથી શાદી નથી કરી ? અને એ પણ કહી શકાય કે (અલ્લાહની પનાહ !) રસૂલ (ﷺ)ની બીવીઓ નાપાક હતી ?

**(૭)** મુસલમાનોને એ વાત સમજાવવી જોઈએ કે હઝરત ખત્મી મર્તબત ﷺની મતલબ માત્ર ઈસ્લામ જ નથી બલ્કે જેવું

★ وَطَعَامُكُمْ حِلٌّ لَّهُمْ وَالْمُحْصَنٰتُ مِنَ الْمُؤْمِنٰتِ وَ الْمُحْصَنٰتُ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ *(સૂરએ માઈદા, આયત–૫)*

કુર્આન હકીમથી સાબિત છે. દીનમાં યહૂદી નસારા પણ સામેલ છે તેથી બધા જ દીનોના અનુયાયીઓને મુસલમાન કહી શકાશે. કુર્આન મજીદમાં હઝરત યૂસુફ علیہ السلام અલ્લાહથી દુઆ કરે છે કે تَوَفَّنِی مُسْلِمًا આ દુનિયાથી મુસલમાન જઈએ. (મુસલમાન થઈને). *(સૂરએ યૂસુફ, આયત–૧૨)*

હઝરત ઈબ્રાહીમ ઈસ્માઈલ عَلَیْہِ الصَّلٰوۃُ وَ السَّلَامُની પણ એ જ તમન્ના છે કે :–

رَبَّنَا وَاجْعَلْنَا مُسْلِمَیْنِ لَکَ وَمِنْ ذُرِّیَّتِنَا اُمَّۃً مُّسْلِمَۃً لَّکَ "પરવરદિગાર અમને બંનેને મુસ્લિમોના જુથમાં અને અમારા ખાનદાનને ઉમ્મતે મુસ્લિમા ઠરાવ." *(સૂરએ બક્ર, આયત–૧૨૮)* હઝરત યાકૂબ علیہ السلامપોતાના ફરઝંદોથી કહેતા, وَلَا تَمُوْتُنَّ اِلَّا وَاَنْتُمْ مُّسْلِمُوْنَ "મરશો નહીં પણ ઈસ્લામની હાલતમાં." *(સૂરએ આલે ઈમ્રાન, આયત–૧૦૨, આયત–૪૦)*

**(૮)** બીજો અગત્યનો વિષય કલીસાઓ, દેવળોની તા'મીરાતના સબબો સંબંધી કુર્આન હદીષ અને ઈસ્લામી ઈતિહાસના પ્રકાશે લોકોને એ જણાવવું જોઈએ કે અહલે કિતાબની ઈબાદતગાહો (ભક્તિ સ્થાનો) મોહતરમ છે.

કુર્આનનો ઈર્શાદ છે :–

وَلَوْلَا دَفْعُ اللّٰہِ النَّاسَ بَعْضَہُمْ بِبَعْضٍ لَّہُدِّ مَتْ صَوَامِعُ وَبِیَعٌ وَّصَلَوٰتٌ

"જો અલ્લાહ તઆલા લોકોને મના ન ફર્માવત તો લોકો નસારાના કલીસાઓ અને યહૂદીઓના કનીસાઓ તથા જરથુસ્તીઓની અગ્યારીઓને તબાહ બર્બાદ કરી દેતા હતા." *(સૂરએ હજ્જ, આયત–૪૦)*

આ આયતથી એ હકીકત સામે આવે છે કે ઈસ્લામમાં



ઈબાદતગાહો મુહતરમ છે અને તેને કદી નુકસાન પહોંચાડી શકાય નહીં.

**(૯)** યહૂદી દીન પર નિર્ધારિત થોડીક હદીષો જનાબ રિસાલત મઆબ صلی اللہ علیہ وسلمથી નકલ કરવામાં આવી છે. જેમ કે યહૂદીઓને જઝીરતુલ અરબથી બહાર કાઢી મૂકવામાં આવે. કેમ કે જઝીરતુલ અરબમાં બે પ્રતિસ્પર્ધી દીનોની ગુંજાઈશ નથી. આપણે દરેક પરિસ્થિતિમાં આ હદીષોનો વિરોધ કરવો જોઈએ અને એ બતાવવું જોઈએ કે જો આ હદીષો સહીહ હોત તો હઝરત ખત્મી મર્તબત ક્યારેક યહૂદી સ્ત્રીથી શાદી કરતા નહીં.

**(૧૦)** જરૂરી છે કે મુસલમાનોને ઈબાદતથી રોકવામાં આવે અને તેના વાજિબ હોવાના બારામાં તેમના દિલોમાં શંકાઓ ઉત્પન્ન કરવામાં આવે. ખાસ કરીને એ નુક્તા પર ભાર મૂકવામાં આવે કે અલ્લાહ તઆલા બંદાઓની ઈબાદતથી લાપરવા છે. હજ્જને એક બેહૂદો અમલ ઠરાવવામાં આવે અને મુસલમાનોને સખ્તીથી મક્કા જતાં રોકવામાં આવે. આ જ પ્રમાણે મજલિસો અને તેના સિલસિલાના સમગ્ર સંમેલનો પર પાબંદી લગાડવામાં આવે. આવા સંમેલનો આપણા માટે ખતરાની ઘંટી છે તેથી તેમને સખ્તીથી રોકવા જરૂરી છે. મસ્જિદો, દીનના ઈમામોના મઝારાત, ઈમામોની બારગાહો તેમજ મદ્રસાઓના બાંધકામો પર પણ કડક પ્રતિબંધ મૂકવામાં આવે.

**(૧૧)** ખમ્સ અને જાનવરોની વહેંચણી પણ ઈસ્લામને મજબૂત કરનાર એક સાધન છે. ખમ્સનો સંબંધ લેવડ દેવડ વ્યાપારી અને કારોબારી નફાથી સબંધિત નથી. મુસલમાનોને એ વાતથી આગાહ કરવાની જરૂર છે કે આ ખાતાઓમાં રકમોની

ચૂકવણી પૈગંબરે અકરમ ﷺ અને ઈમામોના જમાનામાં વાજિબ હતી પરંતુ હવે દીનના ઉલ્માને તેનો અધિકાર નથી કે તેઓ લોકો પાસેથી આ રકમ મેળવતા રહે અને પોતાના ઘેટાં, બકરાં, ગાય, ઘોડા, બાગો, મહેલો ખરીદતા રહે. આ ઈત્બારે શરીઅતની રૂએ ખમ્સની રકમ તેના માટે જાઈઝ નથી.

**(૧૨)** લોકોને બહેકાવવા માટે એ જાહેરાતની જરૂરત છે કે ઈસ્લામ ફિત્ના ફસાદ તથા મતમતાંતરનો દીન છે અને તેની સાબિતિરૂપે ઈસ્લામી દેશોમાં પ્રકટય પ્રસંગો પેશ કરવા જોઈએ.

**(૧૩)** પોતાને તમામ કુટુંબોમાં પહોંચાડી દઈ બાપ બેટાના સંબંધોને એટલી હદે બગાડવા જોઈએ કે તેમના વડીલોની નસીહતો અસર રહિત બની રહે અને લોકો અમીરી સંસ્કૃતિ અને સંસ્કારના શિકાર થઈ જાય. આ રીતે આપણે યુવકોને તેમના દીની અકાઈદોથી ભટકાવી તેમને ઉલ્માથી દૂર રાખી શકીશું.

**(૧૪)** સ્ત્રીઓની બેપર્દગી બાબતમાં આપણે તનતોડ પ્રયત્નોની જરૂરત છે કે જેથી મુસલમાન સ્ત્રીઓ આપ મેળે પર્દો ત્યાગવાની આરઝૂ કરવા લાગે. આ સિલસિલામાં આપણે ઐતિહાસિક દલીલો ગવાહીઓનો આધાર લઈ એ સાબિત કરવું પડશે કે પર્દાનો રિવાજ બની અબ્બાસના દૌરથી થયો હતો અને એ હરગિઝ ઈસ્લામની સુન્નત નથી. લોકો રસૂલે અકરમ ﷺના પુનિત પત્નીઓ (મુસલમાનની માતાઓ)ને વગર પર્દે જોઈ રહ્યા છે. ઈસ્લામના સદરની ઔરતો જીવનના દરેક ક્ષેત્રે પુરૂષો સાથે ખભેખભા મિલાવી રહી હતી. આ પ્રયત્નોમાં પ્રયત્નશીલ થયા પછી આપણા સાથીઓની એ ફર્ઝ છે કે તેઓ યુવકોની પેઢીને શરીઅત વિરૂધ્ધના જાતિય સંબંધો તથા ઐશપરસ્તી પ્રતિ આકર્ષણ



જગાડે અને આ રીતે બુરાઈઓને ઈસ્લામી સમાજમાં જારી કરે. જરૂરી છે કે ગૈર ઈસ્લામી સ્ત્રીઓ સંપૂર્ણ નગ્નતા સહિત પોતાને ઈસ્લામી સમાજમાં ઉપસ્થિત કરે જેથી મુસ્લિમ સ્ત્રીઓ તેમની દેખાદેખી અનુકરણ કરે.

**(૧૫)** જમાઅતની નમાઝથી લોકોને રોકવા માટે જરૂરી છે કે, જુમ્આ અને જમાઅતના ઈમામો પર આક્ષેપબાજીઓ કરવામાં આવે અને તેમને ફાસિક ઠરાવવા દલીલબાજી કરવામાં આવે કે જેથી લોકોમાં તેમના પ્રત્યે નફરત ઉત્પન્ન થાય અને તેમનાથી સંબંધો કાપી નાખે.

**(૧૬)** આપણી મુશ્કેલીઓમાંથી સૌથી મોટી મુશ્કેલી બુઝુર્ગોને દીનના મઝારો પર મુસલમાનોની હાજરી છે. એટલે જરૂરી છે કે જુદી જુદી દલીલોથી એ સાબિત કરવામાં આવે કે કબરોને અગત્યતા આપી તેમના શણગાર પર ધ્યાન આપવું બિદઅત અને શરીઅત વિરૂધ્ધ છે. ખત્મી મર્તબત ﷺના જમાનામાં મુર્દા પરસ્તી અને એ પ્રકારની વાતો જારી ન હતી. ધીમે ધીમે આ કબરો તોડી પાડી લોકોને તેમની ઝિયારતથી રોકવામાં આવે. આ સિલસિલામાં એક લાભદાયી કાર્યક્રમ એ પણ છે કે, આ મર્કઝો (મઝારતો)ના બારામાં લોકોને શંકાશીલ બનાવવામાં આવે. દાખલા તરીકે એમ કહેવામાં આવે કે, હઝરત ખત્મે મર્તબત ﷺ મસ્જિદે નબવીમાં દફન થયા નથી બલ્કે આપનાં વાલિદહની કબરમાં સૂઈ રહ્યા છે. અને આ પ્રમાણે બધા જ બુઝુર્ગાને દીનના બારામાં કહેવામાં આવે કે તેઓ તે સ્થળે નથી કે જે સ્થળોએ તેમને સંબંધિત કરવામાં આવ્યા છે. હઝરત અબૂબક્ર رضي الله عنه અને હઝરત ઉમર رضي الله عنه જન્નતુલ બકીઅમાં દફન છે. હઝરત ઉષ્માન رضي الله عنهની કબરનો પતો નથી. હઝરત અલી

کرم اللہ وجہہ الکریم ની આરામગાહ બસરામાં છે અને નજફે અશરફની જે કબરને મુસલમાનો તેમની આરામગાહ માને છે ત્યાં મુગીરા બિન શોઅબા દફન છે. ઈમામ હુસૈનનું માથુ મુબારક હન્નાનહ્‌માં દફન છે અને આપના ખોળીયા મુબારકના દફનના બારામાં સાચી ખબર નથી. કાઝમીનની મશ્હૂર ઝિયારતગાહમાં ઈમામ મૂસા કાઝિમ અને ઈમામ તકીના બદલે બે અબ્બાસી ખલીફાઓ દફન છે. મશહદમાં ઈમામ રઝા નહીં પણ હારૂન રશીદ દફન છે. સામરાહમાં પણ ઈમામ નકી અને ઈમામ હસન અસ્કરીના સ્થાને અબ્બાસી ખલીફાઓ દફન છે. આપણે બકીઅના કબ્રસ્તાનના સિલસિલામાં કોશિશ કરવી જોઈએ કે તેની મહત્તા ખાક સમી થઈ જાય તથા સમગ્ર ઈસ્લામી દેશોની ઝિયારતગાહો વેરાનીઓમાં ફેરવી દેવામાં આવે.

**(૧૭)** અહલે બયતથી શીઆઓની અકીદત, શ્રદ્ધા, માન, મોહ્બ્બો ખતમ કરવા માટે જૂઠા અને બનાવટી સૈયદો પેદા કરવામાં આવે અને એ કાર્ય માટે આપણા થોડાક પગારદાર માણસોની જરૂરત છે જેઓ કાળા અને લીલા ઝભ્ભાઓ સાથે લોકોમાં જાહેર થઈ પોતાને ઔલાદે રસૂલથી સંબંધિત કરે. એ રીતે જે લોકો આવાઓની હકીકતથી વાકેફ છે તેઓ ધીમે ધીમે સાચા સાદાતોથી ફરી બેસશે અને ઔલાદે રસૂલ પર શંકા કુશંકા કરવા લાગશે.

બીજું કામ આપણે એ કરવાનું હશે કે આપણે સાચા સાદાતો અને દીનના આલિમોના માથાઓ પરથી તેમની પાઘડીઓ ઉતરાવીએ કે જેથી પૈગંબરે ખુદા ﷺના સંબંધોનો ક્રમ ખતમ થાય અને લોકો ઉલ્માનો માન મોહ્બ્બો છોડી દે.

**(૧૮)** ઈમામ હુસૈનની ઈજ્જતદારીના મર્કઝો કેન્દ્રોને ખતમ કરી તેમને વેરાન કરી દેવામાં આવે અને આ કામ મુસલમાનોની



ગુમરાહીનો માર્ગ રોકવા તથા દીનને કમનસીબી અને નાબૂદીથી બચાવવાના વિષયથી હોવું જોઈએ. આપણા પ્રયત્નોની સફળતા લાવવા માટે લોકોને ફઝીલતની મજલિસો (અહલે બયતના ઝિક્રની મેહફિલો)માં જવાથી રોકવાની કોશિશ કરવામાં આવે તથા આવી મજલિસોને ક્રમબદ્ધ ખતમ કરવામાં આવે. આ કામ માટે ઈમામ વાડાઓની તાઅમીર અને ઉલ્મા તથા ફઝાઈલ બયાન કરનાર (અહલે બયતના)ની પસંદગીના નિયમો સખત બનાવવામાં આવે.

**(૧૯)** આઝાદ વિચારો અને વિવાદોની કૈફિયતને મુસલમાનોના માનસમાં મજબૂત કરવી જોઈએ કે જેથી દરેક આદમી આઝાદીની રીતે વિચારવા યોગ્ય બને તથા દરેક કાર્ય પોતાની મરજી પ્રમાણે અંજામ આપે. **અમ્ર બિલ મઅરુફ** અને **નહી અનિલ મુન્કર** (શરીઅતની આજ્ઞાઓ તથા મનાઈઓ) વાજિબ નથી.

શરઈ આજ્ઞાઓ જારી રહેવાનું કાર્ય ત્યાગવું જરૂરી છે. જો શરઈ આજ્ઞાઓ અને મનાઈઓને વાજિબ સમજવામાં આવે તો તે કામ બાદશાહોનું છે, આમ લોકોને તેમાં કશી દખલ નથી.

**(૨૦)** વંશ વૃદ્ધિ પર કંટ્રોલ કરવામાં આવે અને પુરૂષોને એકથી વધુ પત્ની કરવાની રજા આપવામાં ન આવે. નવા નવા કાયદાઓ બનાવી લગ્નના મસ્અલાઓ કઠીન બનાવવામાં આવે. જેમ કે કોઈ આરબ પુરૂષે ઈરાની સ્ત્રી અને ઈરાની પુરૂષને આરબ ઔરતથી લગ્નની પરવાનગી આપવામાં આવે નહીં. આ રીતે તુર્ક ઈરાનીઓથી લગ્ન કરી શકે નહીં.

**(૨૧)** ઈસ્લામી શિક્ષણની આલમી મહત્તાને મજબૂત દલીલોથી રદ કરવામાં આવે અને એ બતાવવામાં આવે કે ઈસ્લામી

સિદ્ધાંતો હિદાયત નથી, બલ્કે તેનો સંબંધ ફક્ત એક કુટુંબ અને કૌમથી છે. જેમ કે કુર્આને ઈકરાર કર્યો છે કે આ દીન તમારા તથા તમારા કબીલાની હિદાયતના માટે છે. وَاِنَّهٗ لَذِكْرٌ لَّكَ وَلِقَوْمِكَ *(સૂરએ ઝુખરફ, આયત—૪૪)*

**(૨૨)** મસ્જિદો મદ્રસાઓ સુધારણા કેન્દ્ર અને સુવ્યવસ્થિત બુનિયાદો પર સ્થાપવામાં આવનાર ઈમારતો સંબંધમાં ઈસ્લામની બધી જ સુન્નતોને નષ્ટ અગર કમસે કમ મર્યાદિત કરી દેવામાં આવે. આ પ્રકારનાં કાર્યોનો સંબંધ ઉલ્માથી નહીં પરંતુ હુકૂમતના આગેવાનો છે અને જ્યારે હુકૂમતો આ પ્રકારનું કામ અંજામ આપવા લાગશે તો આપ મેળે જ તેની દીની કદર કિંમત જતી રહેશે.

**(૨૩)** જરૂરી છે કે મુસલમાનોના હાથોમાં વર્તમાન કુર્આનમાં વધઘટ કરીને લોકોને શંકામાં લગાડી દેવામાં આવે. ખાસ કરીને કાફિરો, યહૂદીઓ, નસારાઓના બારામાં તૌહીનવાળી આયતોવાળી શરઈ આજ્ઞાઓ, જેહાદ સંબંધી આયતોને કુર્આનમાંથી ઉઠાવી લેવામાં આવે અને જે કુર્આનોને તુર્કી તથા ફારસી ભાષાઓમાં અનુવાદ કરી બજારોમાં લાવવામાં આવે. ગૈર અરબ મુસ્લિમ હુકૂમતોને પ્રોત્સાહન આપવામાં આવે કે તેઓ પોતાના ઈલાકાઓમાં કુર્આન, અઝાન અને નમાઝને અરબી ભાષામાં પઢવાથી પરહેઝ કરે. બીજો મસ્અલો હદીષોની રિવાયતોમાં શંકાઓ પૈદા કરવાનો છે અને કુર્આનની જેમ તેમાં પણ ફેરફાર અને તર્જુમા (બનાવટી)થી કામ લેવું જોઈએ.

ટૂંકમાં એ કે આ બીજી કિતાબમાં પણ મને ઘણી ઉપયોગી વસ્તુઓ દેખાઈ. આ કિતાબનું નામ "ઈસ્લામ કો ક્યોંકર સફહએ



હસ્તીસે મિટાયા જાયે." (ઈસ્લામને કેમ કરી અસ્તિત્વના સુફાઓ પરથી મિટાવવામાં આવે) રાખવામાં આવ્યું હતું. એમાં તે ઉત્તમ અમલી પ્રોગમ હતો જેના પર મારે અને મારા સાથીઓએ કામ કરવાનું હતું. આ કિતાબે મારા પર ઘણી અસર કાયમ કરી હતી. કિતાબના અભ્યાસ પછી હું જ્યારે નવઆબાદી ઈલાકાઓની વઝારતમાં ગયો જ્યાં બીજીવાર સેક્રેટરી સાથે મારું મિલન થયું તેણે મને સંબોધીને કહ્યું : તમારે જે કાર્યો અંજામ આપવાનાં છે તેમાં તમે એકલા નથી બલ્કે લગભગ પાંચ હજાર સાચી વ્યક્તિઓ જુદા જુદા જુથોમાં સમગ્ર ઈસ્લામી દેશોમાં તમારી મદદ માટે તૈયાર છે. નવ આબાદી ઈલાકાઓની વઝારત વિચારે છે કે તે કામની પ્રગતિની સાથોસાથ આ સંખ્યામાં વધારો કરી તેને એક લાખ સુધી પહોંચાડે, જ્યારે પણ આપણને આ મહાન જુથની રચનામાં સફળતા થઈ ત્યારે યકીનન આપણે તમામ ઈસ્લામી જગત પર છવાઈ જઈશું અને ઈસ્લામી પ્રતિકોનો સંપૂર્ણપણે નાશ કરી દઈશું.

આ પછી સેક્રેટરીએ પોતાની ગુફતેગુ ચાલુ રાખતાં કહ્યું : હું તમને એ ખુશ ખબરી આપું છું કે અમે આગામી એક સદીમાં આપણા ધ્યેયની સિદ્ધિએ પહોંચી જઈશું અને જો આજે આપણી પેઢી સફળતા નહીં જોઈ શકે તો આપણી ઔલાદ અવશ્ય આ સારા દિવસો જોશે. આ ઈરાની કહેવત એટલી અર્થપૂર્ણ છે, જેમાં કહેવામાં આવ્યું છે કે "કાલે અન્યોએ વાવ્યું આપણે ખાધું, આજે આપણે વાવી રહ્યા છીએ કાલે અન્યો ખાશે." જે દિવસે પણ મહાન બ્રિટન કે (સાગરોની રાણી)ને ઈસ્લામી દેશો પર વિજય નસીબ થશે ત્યારે મસીહી દુનિયા એ બધી તકલીફોથી મુક્તિ મેળવશે જેને તે બારસો વર્ષથી બરદાશ્ત કરી રહી છે. મુસલમાનોએ આ

અરસામાં આપણા પર મોટાં મોટાં યુદ્ધો નિયુક્ત કર્યા જેમાં સલીબી યુદ્ધો દષ્ટાંતરૂપ છે. આ યુદ્ધો તદ્દન મુગલોની ચઢાઈઓ જેમ નિરર્થક હતાં કે જ્યાં કતલ, ગારતગીરી વેરાની, તબાહી અને લૂંટમાર સિવાય કોઈ મકસદ ન હતો. છતાં ઈસ્લામની વિરૂધ્ધ આપણાં યુદ્ધો મુગલોની જેમ ફૌજી કારવાઈ અને કતલગારતગીરી પર અવલંબિત નથી. આપણને આ કાર્યમાં ઉતાવળ પણ નથી. બ્રિટનની મહાન હુકૂમત ઈસ્લામ ખતમ કરવા માટે સંપૂર્ણ અભ્યાસની સાથે આગળ વધશે અને ખૂબ જ ધીરજ સહિત પોતાના મહાન કાર્યોને જાહેરમાં લાવી પોતાના ધ્યયેમાં સફળ જશે. અલબત્ત, આપણે જરૂરી પ્રસંગો પર ફૌજી કારવાઈઓ કરતાં પણ થંભીએ નહીં પરંતુ તે ત્યારે થશે જ્યારે ઈસ્લામી હુકૂમતો પર સંપૂર્ણપણે છવાઈ જઈશું, અને કેટલાક તત્વો આપણી દુશ્મનાવટ પર કેડ બાંધી મેદાનમાં ઉતરશે. એમાં કશી શંકા નથી કે ઈસ્તંબુલના હાકેમો ઘણી હોશમંદી અને બુદ્ધિના માલિક છે અને ઘણી જલ્દીથી આપણને આપણા પ્રોગ્રામમાં સફળ થવા દેતા નથી, છતાં આપણે અત્યારથી જ મધ્યમ વર્ગના બાળકોને તે શાખાઓમાં શિક્ષણ આપવાનું છે જે આપણે તેમના માટે સ્થાપી છે. આપણે આ વિસ્તારોમાં ગણત્રીનાં દેવળો પણ બનાવવાં છે. **શરાબ, જુગાર, હવસખોરી એ રીતે વ્યાપક કરવાં છે કે, નવજવાન પેઢી દીન (મઝહબ) વિસરી જાય. આપણે ઈસ્લામી દેશોના શાસકો વચ્ચે મતમતાંતરોની અગ્નિ પ્રગટાવવાની છે, ચારેકોર અશાંતિ, અજંપો, ફિત્ના ફસાદનું બજાર ગરમ કરવું છે.**

**શાસક સભ્યો, ધનિકોને સૌંદર્યપૂર્ણ, રૂપરૂપના અંબાર અને મનમોહક ઈસાઈ લલનાઓના શિકાર બનાવવા છે**



**અને તેમની મેહફિલોને આ પરીઓની ઉપવનથી રોનક બખ્શવી છે કે જેથી ધીમે ધીમે તેઓ પોતાના મઝહબી, રાજકીય અસ્તિત્વથી હાથ ધોઈ નાખે. લોકો તેમના પરથી વિ□ાસ ઉઠાવી લે અને ઈસ્લામના બારામાં તેમનું ઈમાન કમજોર થઈ જાય. જેના પરિણામે આલિમો, હુકૂમત અને સામાન્ય લોકોમાં કુસંપ પ્રવેશે. આવી પરિસ્થિતિમાં જંગની આગ ભડકાવી આપણે તે દેશોમાંથી ઈસ્લામના મૂળિયાં ઉખાડી ફેંખી દઈશું.**

## ૦૭ ઈસ્લામને નાબૂદ કરવા અંગ્રેજોને ૧૪ સૂત્રીય કાર્યક્રમ

અંતે નવઆબાદિયાત ઈલાકાઓની વઝારતના સેક્રેટરીએ તે અન્ય ભેદ પરથી પણ પડદો ઉઠાવ્યો જેનો તેણે મને વાયદો કર્યો હતો અને હું ઘણી જ આતુરતાથી તેની રાહ જોઈ રહ્યો હતો. આ તે પ્રસ્તાવ હતો જેને બ્રિટનની હુકૂમતના ઉચ્ચ હોદ્દેદારોએ મંજૂરી આપી હતી. પચાસ પાનાંઓ પર અવલંબિત પ્રસ્તૂત પ્રસ્તાવ નવઆબાદિયાત ઈલાકાઓની વઝારતનો તે રાજકિય અરીસો હતો જેની મારફત ઈસ્લામ અને ઈસ્લામીઓને એક સદીની અંદર અંદરમાં જ નાબૂદ કરવાનું હતું. આ રિસાલાની આગાહી મુજબ આ સમય પછી (સદીની અંદરમાં જ) ઈસ્લામ સમગ્ર જગતથી રૂખસદ થઈ જશે અને માત્ર ઈતિહાસમાં જ તેનું નામ બાકી રહી જશે. એ વાતની સખ્તી કરવામાં આવી હતી કે ૧૪ સૂત્રીય પ્રસ્તાવના વિષયને ભેદમાં રાખવામાં આવે અને તે કોઈપણ શિર્ષક જાહેર થવા પામે નહીં, કારણ કે એ વાતનો ખતરો હતો કે

મુસલમાનોને તેની ખબર પડે તો તેઓ તેના ખંડન માટે ખડા થઈ જાય. ટૂંકાણમાં તેનો સાર આ પ્રમાણે હતો :–

**(૧)** તાઝકિસ્તાન, બુખારા, અરમનિસ્તાન, ઉત્તર ખુરાસાન, પાટણ તથા તેની ઉત્તર દક્ષિણમાં આવેલ મુસ્લિમ આબાદી પર સત્તા મેળવવા માટે રૂસી સલ્તનત સાથે વિશાળ પાયા પર રાજકિય ભાગીદારી તથા તે સિવાય ઈરાનના સરહદી શહેરો તુર્કસ્તાન, આઝર બાઈજાઈન પર કબ્જો કરવા તેની સાથે કાર્યોની ભાગીદારી.

**(૨)** ઈસ્લામી હુકૂમતોને આંતરિક અને બાહ્ય એતબારે સંપૂર્ણ રીતે તબાહ કરવા માટે એક વ્યવસ્થિત પ્રોગ્રામ રચીને રૂસ અને ફ્રાંસના સુલ્તાનો સાથે હાથ મિલાવવા.

**(૩)** ઉષ્માની અને ઈરાની હુકૂમતોના લાંબા કાળના ઝઘડાઓને ઉશ્કેરવા તથા તેમની વચ્ચે કૌમી, નસ્લી મતભેદોની અગ્નિ ભડકાવવી. ઈરાક ઈરાનની ચોતરફમાંના આબાદ કબીલાઓમાં કબાઈલી જંગો અને ચળવળો પૈદા કરવી. ઈસ્લામ અગાઉના ધર્મોનો પ્રચાર ત્યાં સુધી કે ઈરાન, મિસર અને બયનુન્નહરૈનના તરછોડાએલ તથા મુર્દા ધર્મોને જીવંત કરવા તથા તેના અનુયાયીઓને ઈસ્લામથી ફેરવવા.

**(૪)** ઈસ્લામી મુલ્કોના શહેરો અને ગામડાના થોડાક ભાગોને ગૈર મુસ્લિમ કૌમોના હવાલે કરવા. જેમ કે મદીના યહૂદીઓને, ઈસ્કંદરીયા ઈસાઈઓને, યઝદ પારસીઓને, અમ્મારા સાયબીઓને, કિરમાન શાહ અલીયુલ્લાઓને, મુસલ યઝીદીઓને અને બુશહર સમેત અન્ય ચોમેરનો વિસ્તાર હિંદુઓને સોંપવો. છેલ્લા બે વિસ્તારોમાં પ્રથમ હિંદવાસીઓને વસાવવા જરૂરી છે. એ રીતે લુબનાનના તરાબીલીસ દરઝિયોને, કારિઝ અલ્વીઓને,



મસ્કત શીઆઓને હવાલે કરવા. એટલુ જ નહીં બલ્કે ભૌગોલિક સહાય, જંગી યુદ્ધ સામગ્રી, ફૌજી અને રાજકરણીય મહાનુભવો દ્વારા મજબૂત બનાવવા પણ જરૂરી છે કે જેથી થોડાક સમય પછી આ લઘુમતીઓ ઈસ્લામીઓની આંખોમાં ખટકવા લાગે અને ઈસ્લામનો ચહેરો ઉદાસ થઈ જાય એટલું જ નહીં પરંતુ એની અસરો મુસ્લિમ હુકૂમતોની તબાહી કારણ બની જાય અને ઈસ્લામની પ્રગતિમાં રોડારૂપ બની રહે.

**(૫)** હિંદુસ્તાનની જેમ ઈરાની, ઉષ્માની હુકૂમતોમાં પણ નાની નાની રિયાસતોનું અસ્તિત્વ અમલી બને અને એ પછી ''ફુટ નાખો અને મિટાવી દો !''ના કાનૂન પર અમલ કરતાં તેમને એકબીજા સાથે ભિડાવી દેવામાં આવે. આ રીતે એક તરફ તેઓ માહોંમાહે બાંયો ચઢાવશે અને બીજી તરફ કેન્દ્રિય હુકૂમત સાથે પણ તેમના ઝઘડાની સામગ્રી એકત્ર થશે.

**(૬)** એક વિચારેલા અને સમજેલા કાર્યક્રમ હેઠળ ઈસ્લામી જગતમાં લોકોના વિચારો સાથે બંધબેસતા મનઘડત અકીદાઓ, મઝહબોની તબ્લીગ જેવું કે, અહલેબયતના ઈમામોથી બેહદ અકીદતમંદી, એહતેરામ રાખનારા શીઆઓ માટે હુસયનુલ્લાહી મઝહબ, ઈમામ જા'ફર સાદિકની ઝાતથી સંબંધિત વ્યક્તિપૂજા, ઈમામ અલી રઝા અને ઈમામ ગાઈબ (હઝરત મેહદી મૌઊદ અઝઝલુલ્લાહિ તઆલા ફર્જા શરીફ)ના બારામાં વધુ પડતુ તથા આઠ ઈમામી ફિર્કાઓની નૂતનતા, દરેક દરેક મઝહબના માટે એ રીતે હશે કે, હુસયનુલ્લહ ફિર્કો (કરબલા) ઈમામ જા'ફર સાદિકની પૂજા (ઈસ્ફહાન) ઈમામ મહેદીની પૂજા (સામરાહ) અને આઠ ઈમામો મઝહબ (મશહદ) આ બનાવટી મઝહબોની તબ્લીગનું વર્તુળ ફક્ત શીઆ મઝહબ સુધી મર્યાદિત ન હોવું જોઈએ બલ્કે

અહલે સુન્નતના બધા જ ફિર્કાઓમાં પણ આ પ્રકારના મઝહબો ઊભો કરી દેવા જોઈએ. એ પછી તેમનામાં મતમતાંતરો ઊભા કરી એકબીજા પ્રતિ નફરતનાં બીજ રોપવાં જોઈએ કે તેમાંનો દરેક ફિર્કો પોતપોતાને સાચા મુસલમાન અને બીજાને કાફિર મુર્તદ અને કત્લને યોગ્ય સમજે.

**(૭)** વ્યભિચાર, સૃષ્ટિ વિરૂધ્ધ કર્મ, શરાબ પીવું તથા જૂગાર જેવાં અગત્યનાં કાર્યો જેમને મુસલમાનો દરમિયાન પ્રગતિકારક બનાવવાની જરૂર છે, એ નબળી આદતોને મુસલમાનોમાં ફેલાવવા માટે દરેક ઈલાકાના તે લોકોનો સહકાર મેળવવો જોઈએ જેઓ ઈસ્લામ અગાઉના મઝહબો સાથે સંકળાયેલા છે. સદ્‌ભાગ્યે આવાઓની સંખ્યા કાંઈ ઓછી નથી.

**(૮)** અગત્યના વિશિષ્ટ હોદ્દાઓ પર ખોટી તથા નાપાક વ્યક્તિઓની નિમર્ણૂંકો અને એ વાત પર વધુ ધ્યાન રાખવું કે રાજ્યોનું નેતૃત્વ નવ આબાદીયાતી ઈલાકાઓની વઝારત સાથે સંબંધિત રહેવું જોઈએ જેથી ઈંગ્લિસ્તાનની હુકૂમત માટે કામ કરે તથા તેની આજ્ઞાઓ પ્રાપ્ત કરે પછી આ વગ ધરાવતી વ્યક્તિઓ મારફત આપણા ઉદ્દેશો છાની રીતે શક્તિશાળી સહારાઓથી અમલી બનાવવામાં આવે. અલબત્ત, આ નિમર્ણૂંકોમાં મુસ્લિમ બાદશાહોનો હાથ હશે.

**(૯)** ગૈર અરબ મુસ્લિમ દેશોમાં અરબી સંસ્કૃતિ અને ભાષાનો પ્રચાર રોકવો અને તેના સ્થાને સંસ્કૃત, ફારસી, કુર્દી, પુશ્તુ, ઉર્દૂ તથા પ્રાદેશિક ભાષાઓને તે સરજમીનો પર જારી કરવી કે જેથી પ્રાદેશિક ભાષાઓ બોલનારા અરબી ભાષા બોલનાર કબીલાઓમાં ઉતરી પડે અને સંસ્કૃત અરબી ભાષાનું સ્થાન



અખત્યાર કરે. આ રીતે આરબોનો કુર્આન તથા સુન્નતની ભાષાથી સંબંધ તૂટી જશે.

**(૧૦)** હુકૂમતની ઓફિસોમાં સલાહકારો અનુભવીઓની હૈસિયતે બ્રિટીશ અમલદારો, જાસૂસોની નિમણૂંકોમાં વધારો કરવો. આ રીતે ઈસ્લામી દેશોના વઝીરો, ઉમરાવોના ફૈસલાઓમાં આપણો રંગ ભળી જશે. આ મકસદ સુધી પહોંચવામાં આપણા માટે ઉત્તમ માર્ગ એ હશે કે આપણે પહેલાં તેજસ્વી અને વિ□ાસુ ગુલામો, દાસીઓને શિક્ષણ આપીએ અને પછી તેમને હાકેમો, શાહઝાદાઓ, વઝીરો, અમીરો તેમજ મોખરાના દરબારીઓના હોદ્દાઓ પર નિયુક્ત કરી લાગવગ ધરાવતા વ્યક્તિઓના હાથો પર વેચી દઈએ. આ ગુલામો પોતાની કાબેલિયત અને બુદ્ધિની બુનિયાદ પર તેમના નઝદીક પોતાનું સ્થાન પેદા કરશે અને ધીમે ધીમે તેમના સલાહકારોનું સ્થાન પ્રાપ્ત થશે. આ રીતે મુસ્લિમોમાં તેમનું એક કાયમી ચિત્ર કાયમ થઈ જશે.

**(૧૧)** મુસલમાનોના જુદા જુદા તબકાઓ ખાસ કરીને ડોકટરો, એંજિનિયરો, હુકૂમતના આર્થિક કાર્યો સાથે સંબંધિત હોદ્દેદારો તથા તેમના જેવી અન્ય બુદ્ધિશાળી વ્યક્તિઓમાં ઈસાઈયતની તબ્લીગ ચર્ચા ખાસ કરીને સ્કૂલો, ચર્ચોથી સંબંધિત હોસ્પિટલોની સંખ્યામાં વધારો, પ્રચારક પુસ્તકો, ચોપાનીયાંના, પ્રસારણ અને મધ્યમ વર્ગના લોકોમાં તેમની મફત વહેંચણી ઈસ્લામી ઈતિહાસના મુકાબલે ઈસાઈ ઈતિહાસ સંપાદનની વ્યવસ્થા. મુસલમાનોની હાલત, કૈફિયત અને તેમનામાં બ્રિટીશ કાર્યકરો, જાસૂસોની નિમણૂંકો, તેમનું કાર્યક્ષેત્ર ઈસ્લામી દેશોમાં આવેલા ચર્ચો જ હશે. આ આલિમ જેવા દેખાતા ઈસાઈઓમાં અમુકનું કાર્ય એ હશે કે તેઓ પૂર્વી તથા અરબી ભાષાઓના

નિષ્ણાત (ફિરંગી) તથા ઈસ્લામના જાણકાર બનીને ઐતિહાસિક સચ્ચાઈઓમાં ઉલટપલટ કરી તેનાથી ઉલ્ટુ દેખાડવા કોશિશ કરે. અને પછી દલીલો પૂરી પાડવાનું તથા ઈસ્લામી દેશોમાંથી જરૂરી માહિતી સંપાદન કર્યા પછી એવા નિબંધો તૈયાર કરે કે જે ઈસ્લામને નુકસાનકર્તા તથા ઈસાઈયતના માટે લાભદાયી હોય.

**(૧૨) મુસલમાન બાળાઓને માથાભારે બનાવી મઝહબ બેઝારી જારી કરી તેમને ઈસ્લામી સિદ્ધાંતો, હકીકતોના બારામાં ગુમરાહ કરવું. આ કાર્ય મિશનરીની સ્કૂલો, ચારિત્રની ખરાબી અને ઈસ્લામ દુશ્મન કિતાબો પર અવલંબિત ઐશ ઈશરત, આરામ પસંદીનું સામાન એકત્ર કરનાર કલબો તથા ગૈર માર્ગે દોરનાર ગૈર મુસ્લિમ યુવાનોની મૈત્રી મારફત અંજામ આપી શકાય છે. મુસ્લિમ યુવકોને ફાંસવામાં યહૂદી, ઈસાઈ નવજવાનોની મૈત્રીના મિલનની છુપી મંડળીઓની સ્થાપના.**

**(૧૩)** ઈસ્લામને અશક્ત કરવા મુસ્લિમોનું સંગઠન તોડવા તથા તેમને જીવનના બારામાં વિચારવા અને પ્રગતિના માર્ગમાં આગળ વધવાથી રોકવા માટે ઈસ્લામી દેશોમાં માહોમાહે અને બાહ્ય રીતે ઝઘડાઓ પેદા કરવા અને મુસ્લિમોને એકબીજા અગર પછી અન્ય મઝહબોના અનુયાયીઓ સાથે ઝઘડતા રાખવા. કૌમી દૌલત, માલી ખજાના, વિચાર વિમર્શની શક્તિઓને તબાહી સાથે મિલાવી દેવી, મુસ્લિમોની અમલી રૂહ અને જઝબાતને ખતમ કરી તેમનામાં વિખવાદ પેદા કરવો.

**(૧૪)** ઈસ્લામી દેશોનું આર્થિક માળખુ, વેરવિખેર કરવા



જેમાં ખેતી અને આવકના બધા સાધનો સામેલ છે. આ ધ્યેયને પહોંચી વળવા બંધોમાં બાકોરાં પાડવાં, દરિયાઓમાં રેતીની સપાટી ઊંચી કરવી, યુવકોમાં આળસ, ઐશપરસ્તી, શારીરિક શાંતિને પ્રગતિમય બનાવવી, ઉત્પાદન શક્તિનાં કાર્યો તરફથી લોકોને બેધ્યાન કરવા, શક્તિપૂર્વક કામ કરવું તથા આમ લોકોને કેફી પીણાઓની આદતમાં સંડોવવા જરૂરી છે.

આ અંગે એ સ્પષ્ટતા જરૂરી છે કે, પુસ્તક ૧૪ સૂત્રીય કાર્યક્રમ સંપૂર્ણ વિગતો સહિતના લખાણમાં ઢાળવામાં આવ્યો હતો અને તેની સાથોસાથ નકશાઓ, ચિન્હો, ચિત્રો પણ હતાં. મેં અહીં ઈશારા જેમ તેની ટીપ્પણી કરી છે.

ટૂંકમાં એ કે, નવ આબાદીયાતી ઈલાકાઈ વઝારતના સેક્રેટરી સાથે વિ□ાસની બુનિયાદ પર જે તેણે મારી ઝાતથી સાંકળી રાખી હતી અને જેની અસર હેઠળ તેણે મને આટલી અગત્યનું છુપું પુસ્તક વાંચવા આપ્યું હતું મેં બીજી વાર આભાર પ્રદર્શિત કર્યો અને વધુ એક મહિનો લંડનમાં રહ્યો. આ પછી મને વઝીર તરફથી ઈરાક જવાનો હુકમ મળ્યો. મારો આ પ્રવાસ એ હેતુ માટે હતો કે હું મુહમ્મદ બિન અબ્દુલ વહહાબને નવા દીનની જાહેરાતના દા'વત (આમંત્રણ) માટે તૈયાર કરું. સેક્રેટરીએ વારંવાર મને તાકીદ કરી હતી કે હું તેની (મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ) સાથે ઘણી જ હોશિયારીથી પેશ આવું અને કાર્યોની પ્રારંભિક્તાની તૈયારી માટે કદી પણ મર્યાદિત હદથી આગળ ન વધું. કેમ કે ઈરાક, ઈરાનથી પ્રાપ્ય હેવાલોની બુનિયાદ પર સેક્રેટરીને એ વાત પર વિ□ાસ થઈ ચૂક્યો હતો કે, મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ વિ□ાસપાત્ર અને નવ આબાદીયાતી ઈલાકાઓની વઝારતના કાર્યક્રમોને અમલી બનાવવા માટે બેહતર મુનાસિબ છે.

## ઈબ્ને અબ્દુલ વહ્હાબ નવા ધર્મના એલાન માટે તૈયાર !

આ પછી સેક્રેટરીએ પોતાની વાતચીત ચાલુ રાખતાં કહ્યું : **તમારે મુહમ્મદ સાથે (મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ) બિલકુલ સ્પષ્ટ અને રોકડીયા શબ્દોમાં વાતચીત કરવાની છે. કેમ કે અમારા કાર્યકરો ઈસ્ફહાનમાં તેની સાથે ઘણી જ સ્પષ્ટ ચર્ચા પ્રથમ જ કરી ચૂક્યા છે અને તેણે તેમની વાતોનો સ્વીકાર કર્યો છે પરંતુ તેની સાથે એ શર્તે ચર્ચા થઈ છે કે, તેને ઉષ્માની હુકૂમતના સ્થાનિક અમલદારો, ઉલ્મા તથા ઝેરીલા લોકોના હાથોથી આવતા ખતરાઓથી બચાવી લેવામાં આવે તથા તેના સહકાર તેમજ રક્ષણની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવે કારણ કે તેની દા'વતની જાહેરાત થતાં જ ચોતરફ તેને (મુહમ્મદ બિન અબ્દુલ વહહાબને) ખતમ કરી દેવાના પ્રયત્નો આવશે અને ખતરનાક પ્રકારે તેના પર હુમ્લાઓ કરવામાં આવશે.**

બ્રિટિશ હુકૂમતે શયખ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબને સારી રીતે શસ્ત્ર સજ્જ કર્યા પછી જરૂરી પ્રસંગે તેને સહકાર આપવાની તાકીદ કરી હતી અને શયખની મરજી પ્રમાણે આરબ પ્રદેશનાં ''નજદ'' નજીકના ઈલાકાને તેની (મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ)ની હુકૂમત માટેનું પ્રથમ સ્થળ નિયુક્ત કરવામાં આવ્યું હતું.

મતલબ કે શયખના સાથીદારોની ખબર સાંભળી મારી



ખુશીની કોઈ હદ ન રહી અને મેં સેક્રેટરીને ફક્ત એ પ્રશ્ન કર્યો કે, મારી ભાવિ જવાબદારીઓ શી હશે, એ પછી મારે શું કરવાનું હશે અને શયખ (મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ)થી ક્યા પ્રકારનું કામ લેવાનું હશે ? વળી હું મારી ફરજનો આરંભ ક્યાંથી કરું ?!

સેક્રેટરીએ કહ્યું : નવ આબાદીયાતી ઈલાકાઓની વઝારતે તમારા વેતનને ઘણી જ ઉદારતાપૂર્વક નક્કી કર્યું છે અને તે એ કાર્યોનો પ્રારંભ છે જેને શયખે ક્રમાંક અનુસાર અંજામ આપવાનાં છે તે નીચે પ્રમાણે છે :–

**૧.** તેના (મુહમ્મદ બિન અબ્દુલ વહહાબના) મઝહબમાં નહીં ભળનાર મુસલમાનોને કાફિર ઠરાવી તેમના માલ, ઈજ્જત, આબરૂની બરબાદીને જાઈઝ ઠરાવવી. તેના અનુસંધાનમાં ગિરફતાર કરવામાં આવેલા દુશ્મનોને ગુલામોના વેચાણ બજારમાં દાસી અને ગુલામ તરીકે વેચવા.

**૨.** મૂર્તિપૂજાના બહાને સગવડે ખાનએ કા'બાને તોડવા તથા મુસલમાનોને હજ્જની ફરજથી રોકવા તેમજ હાજીયોના જાનમાલની ગારતગીરી પર આરબ કબીલાઓને ઉશ્કેરવા.

**૩.** આરબ કબીલાઓને ઉષ્માની ખલીફાની આજ્ઞાઓથી દ્રોહ કરવાની ઉશ્કેરણી કરવી તથા અસંતુષ્ઠોને તેની વિરૂધ્ધ યુદ્ધ માટે તૈયાર કરવા. આ કાર્ય માટે એક શસ્ત્રસજ્જ સેનાની રચના કરવી. હિજાઝના માનવંત શરીફોની આબરૂ અને અસર તોડવા તેમને દરેક શક્ય પ્રકારે પરેશાનીઓમાં હડસેલવા.

**૪.** પૈગંબરે ઈસ્લામ ﷺ અને તેમના જાનશીનો તેમજ આમ રીતે ઈસ્લામની બરગુઝીદા વ્યક્તિઓની ઈહાનત (અપમાન)નો આશરો લઈ અને એ રીતે શિર્ક, મૂર્તિપૂજાની અદબ, રસ્મો

મીટાવવાના બહાને મક્કા, મદીના તથા અન્ય શહેરોમાં જ્યાં સુધી થઈ શકે ત્યાં સુધી મુસલમાનોની ઝિયારતગાહો અને મકબરાઓની તારાજી.

**૫.** શક્ય હોય ત્યાં સુધી ઈસ્લામી દેશોમાં ફિત્ના ફસાદ, ચળવળો અને અશાંતિ ફેલાવવાં.

**૬. કુર્આનમાં વધઘટ પર શાહિદ હદીષો, રિવાયતોની રૂએ એક નવા કુર્આનનો પ્રચાર પ્રસાર.** સેક્રેટરીએ પોતાના આ છ સૂત્રીય પ્રોગ્રામની ચોખવટ કે જે શયખ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબને અંજામ આપવાના હતા પોતાની ગુફતેગૂ જારી રાખતાં કહ્યું :–

''ક્યાંયે આ કાર્યક્રમની મુશ્કેલીઓ તમને ગભરાટમાં ન હડસેલે એટલે આપણા બધાંની એ ફરજ છે કે ઈસ્લામની તબાહીનું બીજ આ ધરતી પર (હિજાઝની સરઝમીન પર) વેરવામાં આવે, જેથી આપણી ભાવિ પેઢી આપણા આ માર્ગે આગેકૂચ કરી કોઈ પરિણામયુક્ત માર્ગે પહોંચી શકે. બ્રિટનની હુકૂમત આપણા આ ધીરજની અજમાઈશના લાંબાકાળની કોશિશોથી વાકેફ છે.''

શું મુહમ્મદે ﷺ એકલાએ જ આ તબાહકુન ઈન્કિલાબને ફેલાવ્યો નથી ? મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ પણ (નઊઝુ બિલ્લાહ !) મુહમ્મદ ﷺની રીતે આપણી નજર સમક્ષના ઈન્કિલાબને ભભૂકતો કરશે.

આ મુલાકાતના થોડાક દિવસો પછી મેં વઝીર તથા સેક્રેટરીથી સફરની પરવાનગી માંગી અને પછી ઘરવાળાઓ અને મિત્રમંડળની વિદાય લીધી. ઘરેથી નીકળતાં મારા નાના દિકરાએ વિનવણીપૂર્વક કહ્યું : બાબા ! જલદી ઘેર આવજો ! તેના આ વાક્યે



મારી આંખો છલકાવી દીધી અને હું મારા એ આંસૂને મારી પત્નીથી છુપાવી શક્યો નહીં. વિદાયના છેલ્લા દિવસે અંતિમ વિધિઓ પતાવી હું સફર માટે તૈયાર થયો.

અમારું જહાઝ બસરા તરફ રવાના થયું. ઘણા કઠણ અને સખત પ્રવાસ પછી રાત્રિના પ્રસંગે હું બસરા પહોંચ્યો અને સીધો જ અબ્દુર્રઝાક તરખાનના ઘેર ગયો. તે બાપડો સૂઈ રહ્યો હતો. મને જોતાં જ તે ઘણો ખુશ થયો અને ઘણા ઉમંગભેર મારું સ્વાગત કર્યું, મેં રાત્રી ત્યાં જ વિતાવી. બીજા દિવસે સવારે મને અબ્દુર્રઝાકથી જાણવા મળ્યું કે શયખ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ કેટલાક થોડા સમય અગાઉ ઈરાનથી બસરા આવી થોડાક દિવસો પહેલાં કોઈ અજાણ્યા સ્થળે ખુદા હાફિઝ કહી ગયો છે. અબ્દુર્રઝાકે એ પણ કહ્યું કે, શયખ મારા નામે (હમ્ફ્રેના) અબ્દુર્રઝાકને એક પત્ર પણ આપી ગયો છે. તે પત્રમાં તેણે પોતાનું સરનામુ ''નજદ'' લખ્યું હતું.

બીજા દિવસે હું એકલો જ નજદના પ્રવાસ માટે રવાના થયો. ઘણી મુસીબતે મંઝિલે મકસૂદે પહોંચ્યો. શયખ તેના ઘેર જ મળ્યો. તેના ચહેરા પર થાક કમજોરીનાં ચિન્હો દષ્ટિગોચર થતાં હતાં. મેં આ વિષય પર તેના સાથે ગુફતેગુ મુનાસિબ ન સમજી છતાં હું ઘણી જ જલ્દી જાણી શક્યો કે તેણે બીજી શાદી કરી છે. જાતિય સંબંધોમાં વધુ પડતા શ્રમના કારણે તે પોતાની શક્તિ ગુમાવી બેઠો છે.

આ સંબંધમાં મેં તેને ઉપદેશો આપ્યા. આ દરમિયાનમાં અમે એ નિર્ણય કર્યો કે હું (હમ્ફ્રે) પોતાને ''અબ્દુલ્લાહ''ના નામે ગુલામ તરીકે જાહેર કરું અને બતાવતો રહું કે શયખે મને ગુલામોના ટોળામાંથી ખરીદયો છે. શયખે લોકોમાં મારો એ રીતે પરિચય

કરાવ્યો અને કહ્યું, હું બસરામાં આ કામ માટે થોભ્યો હતો અને હવે અહીંથી (નજદથી) બસરા જાઉં છું. નજદીઓ મને શયખ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબનો ગુલામ સમજતા હતા. અહીં એ બતાવવું જરૂરી છે કે આ સ્થળે (નજદમાં) શયખની દા'વત (નવા દીન માટે)ની સામગ્રી એકત્રિત કરતાં અમને બે વર્ષ લાગ્યા. હિ. ૧૧૪૩ના મધ્યમાં મુહમ્મદ બિન અબ્દુલ વહહાબે આરબ પ્રદેશમાં પોતાના નવા દીનનું એલાન કરવાનો નિર્ધાર કર્યો. તેણે પોતાના સમાન વિચાર ધરાવતા મિત્રોને અને તેને સહકાર આપવાનો વાયદો કરી ચૂકેલાઓને એકત્ર કર્યા.

## શયખ નજદીનો વહાબી ધર્મ કઈ રીતે આગળ વધ્યો ?

આરંભમાં તેણે પોતાના મિત્રો, મુરીદોના વર્તુળમાં થોડાક મોઘમ અને અસ્પષ્ટ શબ્દોમાં ઘણા ટૂંકાણમાં પોતાની દા'વત (નવા દીનનું આમંત્રણ)નો આરંભ કર્યો, પરંતુ થોડાક સમય પછી નજદના દરેક તબકાના ખ્યાલ ધરાવતી વ્યક્તિઓને વિપુલ સંખ્યામાં આંમત્રણો મોકલ્યાં. ધીમે ધીમે અમે પૈસાના જોરે શયખની ચોપાસ તેની વિચારશ્રેણીના હિમાયતીઓનું એક મોટું ટોળુ એકત્ર કર્યું અને તેમને દુશ્મનો સાથે યુદ્ધે ચઢવા પાનો ચઢાવ્યો. એ વાત પણ નોંધનીય છે કે આરબ પ્રદેશમાં શયખની દા'વત (નવા દીનની) ફેલાવવાની સાથોસાથ તેના દુશ્મનો તથા વિરોધીઓની સંખ્યા પણ વધવા લાગી.

બહુ જ જલ્દી રુકાવટો અને દુશ્મનોની સંખ્યાનો ક્રમ તે મંઝિલ સુધી પહોંચ્યો કે શયખના કદમ ઉખડવા લાગ્યા. ખાસ કરીને નજદમાં તેના વિરૂધ્ધ ઘણી ખતરનાક વાતો ફેલાયેલી હતી. મેં



શયખને ઘણી શ્રદ્ધા સહિત જામેલા રહેવા શીખ આપી અને તેના ઈરાદાને સુસ્ત થવા દીધો નહીં.

હું તેને હંમેશ જ કહેતો કે પ્રારંભિક દિવસોમાં અલ્લાહના રસૂલ હઝરત મુહમ્મદ ﷺના દુશ્મનો તમારા દુશ્મનોથી અધિક દરજ્જે શક્તિશાળી હતા છતાં તેમણે પૈદા કરેલ દુશ્વારીઓ તથા મુશ્કેલીઓને ઘણી જ ધીરજ સહિત આપ ઝીલતા રહ્યા. આ તકલીફો, તહોમતો, ગાળ ગલોચને સહ્યા વગર કોઈ મહામાર્ગે આગેકૂચ થવી તેમજ ઊંચાઈઓને અડવું અશક્ય છે. કોઈ પેશ્વા, રહબર આ દુશ્વારીઓથી દામન છોડાવી શકે નહીં.

આ રીતે અમે અમારી જદ્દો જેહદનો આરંભ કર્યો અને ખતરનાક દુશ્મનોના મુકાબલે આવ્યા. આ ચળવળમાં જંગથી અળગા રહેવું એક અમારી અમલી હિકમત હતી. **અમારા સફળ કાર્યક્રમોનો એક ભાગ શયખના દુશ્મનોને પૈસાઓ થકી તોડવાનો પણ હતો.** અમારા આ પગારદાર હવે અમારા વફાદારોની હરોળમાં રહી અમારી જાસૂસી કરતા હતા અને તેમના ઈરાદાઓથી અમને પરિચિત કરતા રહેતા હતા. **અમે અમારા આ જાહેરી દુશ્મનોની ખબરો મારફત દુશ્મનોની બધી જ યોજનાઓ પર પાણી ફેરવી દેતા હતા. જેમ કે એક વખતે મેં સાંભળ્યું કે, થોડાક માણસોના એક ટોળાએ શયખને કતલ કરવાનો ઈરાદો કર્યો છે. મેં તુર્તજ વળતાં પગલાં રૂપ તે સાઝિશને નિષ્ફળ બનાવી દીધી અને તે ટોળાને એટલું રુસ્વા કર્યું કે વાત શયખ તરફી પુરવાર થઈ અને લોકોએ પેલા ભયંકર ટોળાંઓને સાથ આપવાનું**

**પડતું મૂક્યું. અંતે શયખ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબે મને એ વાતનો સંતોષ આપ્યો કે નવઆબાદીયાતી ઈલાકાઓની વઝારતનો છ સુત્રી કાર્યક્રમ અમલી બનાવવામાં પોતાની સમગ્ર કોશિશ કરશે.** છતાં તેણે બે સુત્રી બાબત જાણી બુઝીને જવાબ ન આપ્યો. જેમાંનો એક મક્કા પર કબ્જો કર્યા પછી ખાનએ કા'બા તોડી પાડવાનો હતો. શયખની નઝદીક આ એક બેહૂદુ તથા ખતરનાક કામ હતું, કારણ કે ઈસ્લામીઓ આટલા વહેલા દા'વો સ્વીકારનાર ન હતા, અને એ જ પ્રકાર હજ્જને બુત પરસ્તી ઠરાવવાનો હતો. બીજું કાર્ય જે તેની (શયખ)ની શક્તિ બહારનું હતું તે એક નવા કુર્આનના લખાણનું હતું. તે કુર્આનના મુકાબલે આવવા ઈચ્છતો ન હતો. તેની સાથો સાથ તે મક્કા અને ઈસ્તંબુલના હાકિમોથી બહુ ડરતો હતો અને કહેતો હતો કે, જો હું કા'બાને તોડી પાડું અને નવા કુર્આનનું સંપાદન કરું તો ઉષ્માની હુકૂમતની એક મોટી સેના મારું માથું ફોડવા અરબસ્તાન ખાતે મોકલે અને અમને તેમાં સફળતા ન પામવાનો ખતરો છે. મેં (હમ્ફ્રેએ) તેની અશક્તિ વાસ્તવિક લેખી અને અંદાજો લગાડયો કે આ યુગનું રાજકિય અને ધાર્મિક વાતાવરણ આ માટે કસમયનું છે.

## અંગ્રેજોએ ઈબ્ને સઊદને રાજકિય કાર્યવાહી માટે નિયુક્ત કર્યો

મુહમ્મદ બિન અબ્દુલ વહહાબની દા'વતના વર્ષો પછી જ્યારે છ સુત્રીય કાર્યક્રમોની સફળતાની મંઝિલો પસાર કરી ચૂક્યો ત્યારે નવઆબાદી ઈલાકાઓની વઝારતે ઈરાદો કર્યો કે હવે રાજકિય એતબારે પણ આરબપ્રદેશમાં કોઈ કામ હોવું જોઈએ. આ જ કારણ



હતું કે તેણે પોતાના અમલદારોમાંથી મુહમ્મદ બિન સઊદ★ને મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ સાથે સહકાર્યકર નિયુક્ત કર્યો. અમે એ કામ માટે મુહમ્મદ બિન અબ્દુલ વહહાબની પાસે છાની રીતે એક પ્રતિનિધિ મોકલ્યો કે જે તેની સામે બ્રિટિશ હુકૂમતનાં ઉદ્દેશોની ચોખવટ કરીને મુહમ્મદ બિન બિન વહહાબ તથા મુહમ્મદ બિન સઊદના સામૂહિક સહયોગના કાર્યની અગત્યતા પર ભાર આપે અને તાકીદ કરે કે દીની કાર્યોના ફૈંસલાઓ સંપૂર્ણપણે મુહમ્મદ બિન અબ્દુલવહહાબના હાથમાં હશે અને રાજકિય કાર્યોની દેખભાળ મુહમ્મદ સઊદની જિમ્મેદારી રહેશે.

નવ આબાદીયાતી ઈલાકાની વઝારતનુ મુસલમાનોના જખમ શરીર અને આત્મા બંને પર પોતાની અસર કાયમ કરતું હતું અને ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે રાજકિય હુકૂમતોથી મઝહબી હુકૂમતો વધુ સમયવાળી તથા શક્તિશાળી રહી છે. આ રીતે દીની અને રાજકિય વ્યક્તિઓનાં કાર્યોના પરિણામે અંગ્રેજોનું ભલું થઈ રહ્યું હતું અને પ્રત્યેક આવનાર દિવસ તેની ભલાઈમાં વધારો કરી રહ્યો હતો.

આ બંને રાહબરોએ નજદની નઝદીક ''દરઈયાહ શહેર''ને પોતાની રાજધાની બનાવી. નવ આબાદીયાતી ઈલાકાઓની વઝારત છાની રીતે દિલ ખોલીને તેમને આર્થિક સહાય આપતી રહેતી હતી. મજકુર વઝારતના કાર્યક્રમ હેઠળ હુકૂમતે જાહેરમાં થોડાક ગુલામ ખરીદયા હતા જે મૂળમાં નવ આબાદીયાતી

★સઊદી ખાનદાનનો વડો જેણે હિ. ૧૧૪૭માં વહાબી મઝહબ અંગીકાર કર્યો અને બ્રિટિશ હુકૂમત તરફથી નજદનો હાકિમ બન્યો અને હિ. ૧૧૭૯માં જહન્નમ રશીદ થયો.

વઝારતના જ માણસો હતા. જેમને અરબી ભાષા પર કાબૂ હતો. ઉપરાંત જંગલોના યુદ્ધોની કલાઓથી પણ પરિચિત હતા. આ બધી વાતોની વ્યવસ્થા પણ આપણી હુકૂમતે કરી હતી. મેં આ વ્યક્તિઓ કે જેની સંખ્યા (૧૧)ની હતી તેમના કાર્યોની વહેંચણીના માર્ગો પણ નક્કી કરી દીધા હતા. બંને મુહમ્મદ (મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ અને મુહમ્મદ બિન સઊદ) પોતાની ફરજો ખૂબી સહિત અંજામ આપી રહ્યા હતા અને નિયુક્ત માર્ગે આગેકૂચ કરતા રહેતા હતા. અહીં એક વાત ચર્ચવી જરૂરી છે કે, ક્યારેક ક્યારેક આ બંને (મુહમ્મદો)માં નહીંવત કશમકશ થઈ જતી અને ત્યાં જ ફેંસલો પણ થઈ જતો. નવ આબાદીયાતી ઈલાકાઓની વઝારતને તેમાં કોઈ દખલની જરૂરત પેશ આવતી નહીં.

અમે નજદની ચોપાસની છોકરીઓથી લગ્નો કર્યા. અમે એ વાતનો ઈકરાર કરીએ છીએ કે **મુસ્લિમ સ્ત્રીઓમાં મહોબ્બત, નિસ્વાર્થપણું, પતિવ્રતાનાં ગુણો વાસ્તવમાં અચંબાયુક્ત અને પ્રસંશનીય છે.**

આ સંબંધોના કારણે અમે નજદીઓની સાથે મૈત્રી, હાર્દિક સમાનતા વિગેરે સંબંધોને વધુ દઢ બનાવી શક્યા.

હમણાં આપણે તેમની (નજદીઓ) સાથેની મૈત્રીની ગાઢ ઊંચાઈએ છીએ. કેન્દ્રિય હુકૂમત સમગ્ર આરબ પ્રદેશ પર પોતાની અસર પકડ સ્થાપવામાં સફળ થઈ ચૂકી છે. જો કોઈ અઘટીત અકસ્માત આડે નહીં આવે તો બહુ જલ્દી ઈસ્લામી ધરતી પર વિખરાએલ આ બીજ ઘટાદાર વૃક્ષોમાં બદલાઈ જશે અને અમે તેમનાથી આપણનપણા માંગેલા ફળો પ્રાપ્ત થશે.

**-: समाप्त :-**


અંગ્રેજીમાં દીની કિતાબો મેળવો

# Contact us For Religious Books In English

| | |
|---|---|
| ✪ Qanoon-e-Shariat (Part-1) | Rs. 050 |
| ✪ Bahar-e-Shariat (Part-1) | Rs. 050 |
| ✪ Wahabi & Deobandi Beliefs | Rs. 035 |
| ✪ Noorani Talim (English with Urdu) Part-2 | Rs. 010 |
| ✪ Noorani Talim (English with Urdu) Part-3 | Rs. 015 |
| ✪ Noorani Talim (English with Urdu) Part-4 | Rs. 020 |
| ✪ Noorani Talim (English with Urdu) Part-5 | Rs. 025 |
| ✪ Islamic Rules | Rs. 020 |
| ✪ The Blessings of the remembrance of Allah | Rs. 020 |
| ✪ The Wisdom of Namaz | Rs. 020 |
| ✪ Rights of Parents | Rs. 020 |
| ✪ Anvaar-e-Mustafa | Rs. 020 |
| ✪ Haj & Umrah Gide | Rs. 010 |
| ✪ Khulfa-e-Rashideen | Rs. 010 |
| ✪ Translation of Quran i.e. Kanzul Imaan (By. Imam Ahmed Razaa رضی اللہ عنہ) | Rs. 225 |
| ✪ The Respect Of Madina | Rs. 005 |
| ✪ Azan-e-Quabra (Azan At The Grave) | Rs. 005 |

**Contact :-**

**ANJUMAN-E-RAZA-E-MUSTAFA**

C/o. **Faizane Raza Manzil**, At & Po. : **Dayadara**,
Pin. : 392020, Di. : Bharuch (Guj.) India
Ph. : (02642) 282792, 282911, Mo. 94274 64411